વર્ષ ૧૫; ફેબ્રુઆરી વીર સં. ૨૪૮૫
અંક ૧૨; ૧૯૫૯ વિ. સં. ૨૦૧૫

જૈન સંસ્કૃતિનું

# કલ્યાણ

સંદેશવાહક

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

**બનતાં સુધી આગામી અંક માર્ચ–એપ્રીલના સાથે પ્રગટ થશે**

## વિષય દર્શન


આંધળી દોટ  શ્રી મોહનલાલ ચુ૦ ધામી ૭૬૮
મનુષ્યજન્મની મહત્તા
પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૭૭૦
છ'રી પાળતો સંઘ  સંકલિત ૭૭૪
યોગવિદ્યાનું વિજ્ઞાન
પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૭૭૫
પુલ અને ફોરમ
પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. ૭૭૭
મનન માધુરી  શ્રી વિમર્શ ૭૭૮
પ્રીતિયાચના  શ્રી મફતલાલ સંઘવી ૭૭૯
તું વહ્યે જા !  શ્રી વજ્રપાણિ ૭૮૧
સામાયિકની ક્રિયા
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ૭૮૩
નંદન વનનાં પુષ્પો  શ્રી સૂર્યશિશુ ૭૮૮
હિંસાની ઘોર ખોદાય છે.
શ્રી મગનલાલ પી. શાહ ૭૯૦
જીવવાની કળા
મુનિરાજ શ્રી હિરણ્યપ્રભવિજયજી મ. ૭૯૩
જ્ઞાનગોચરી  શ્રી ગવેષક ૭૯૪
સમિતિ-ગુપ્તિ  શ્રી કુંવરજી મૂ. દોશી ૭૯૭
સૂંઠ  શ્રી પ્રાગજી મોહનજી રાઠોડ ૮૦૨
હિંસાનો દારૂણ વિપાક
શ્રી ભવાનભાઈ પી. સંઘવી ૮૯૬
પંચ પરમેષ્ઠિના પ્રભાવે  શ્રી રાજેશ ૮૧૨
શંકા–સમાધાન
પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૮૧૫
જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા  શ્રી કિરણ ૮૧૯


## નવા સભ્યોનાં શુભ નામો

પૂ૦ પંન્યાસજી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ છે–

રૂા. ૨૫, શ્રી કશળચંદ હરજીવનદાસ  દાદર
રૂા. ૧૧, દોશી વૃજલાલ હરજીવનદાસ  મુલુંડ
રૂા. ૧૧, શ્રી શાંતિલાલ એન્ડ કું૦ મુંબઈ–૨
રૂા. ૧૧, શ્રી ભગવાનદાસ લલ્લુભાઈ મુંબઈ–૨
રૂા. ૧૧. શ્રી વિશાશ્રીમાલી જૈન સંઘ જામનગર
પૂ૦ આ. શ્રી ન્યાયસૂરિજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧. શ્રી હરખચંદ સમરથમલ ગોળ પૂ. મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજની શુભપ્રેરણાથી

રૂા. ૨૫, શ્રી ચુનીલાલ સુરજમલ વાપી સાધ્વી શ્રી દર્શનશ્રીજી મ.ની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી જયંતિલાલ લલ્લુભાઈ  મહુવા
રૂા. ૧૧, શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ  નંદરબાર
રૂા. ૧૧, શ્રી પુખરાજ ખુબચંદજી  જાલોર
રૂા. ૧૧, શ્રી ભગવાનદાસ ગુલાબભાઈ અમદાવાદ
રૂા. ૧૧, બાબુ નરેન્દ્રપતસિંહજી દુગડ કલકત્તા
રૂા. ૧૧, શ્રી મનહરલાલ મગનલાલ • સુરત
પૂ. મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મહારાજની શુભપ્રેરણાથી

રૂા. ૧૦ શ્રી જૈન સંઘ જેટાણા પૂ. આ. શ્રી ઓમકારસૂરિજી મહારાજની શુભ પ્રેરણાથી

### પંચવર્ષીય વિકાસયોજના ખાતે

રૂા. ૨૫ શ્રી તુલસીદાસ એચ. વોરા ખરગપુર

★

**માર્ચ મહિનાના અંકથી 'કલ્યાણ' સોળમા વર્ષમાં પ્રવેશ કરે છે.**

૦ વર્ષ ૧૫ ૦ અંક ૧૨ ૦ ૦ ફેબ્રુઆરી ૧૯૫૯ ૦

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगत: ॥

# આંધળી દોટ

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

જીવનમાં અવાર-નવાર એવી પળો આવતી હોય છે કે જે માનવીને ચેતવણી આપી જતી હોય અથવા સાવધ રહેવાનો સાદ સંભળાવી જતી હોય.

માનવી જો દૃષ્ટિ અને વિવેકવાળો હોય તો સાવધાનીનો સાદ સાંભળી લે છે અને પોતાના જીવનમાં એ ચેતવણી મુજબ પરિવર્તન અથવા સંશોધન કરી લે છે.

પરંતુ સાવધાનીનો સાદ સાંભળનારા કાન ઘણા ઓછા હોય છે. મોટા ભાગના લોકો કેવળ પોતાની અહંતા અથવા પોતાની યાતનાઓમાં જ ગુંથાયેલા રહેતા હોય છે. આવા માણસો ચેતવણીના સૂરની હંમેશા ઉપેક્ષા કરતા હોય છે. પરિણામ એ આવે છે કે એવાઓનાં જીવતર, એવાઓનો સમાજ, એવાઓના પરિવાર અને એવાઓના રાષ્ટ્ર કથળી જતાં હોય છે અથવા નિસ્તેજ બની જતાં હોય છે.

આજનો સમય આપણા રાષ્ટ્ર માટે ચેતવણીના સૂર સમો છે. કારણ કે આજે જડ વિજ્ઞાનની પૂજા પાછળ જ આપણા લોકનાયકો પ્રમત્ત બન્યા છે. વિજ્ઞાન, યંત્ર, ઉત્પાદન, ભૌતિક સુખ વગેરે સિવાય જાણે અન્ય કશું છે જ નહિં એવી. હવા આજે ચારે દિશાએ પ્રસરી રહી છે.

રશીયામાંથી એક શસ્ત્ર છુટે છે.... જગતમાં પ્રચાર શરૂ થાય છે કે છુટેલો ઉપગ્રહ સૂર્ય પાસે પહોંચી ગયો છે.... અને તરત નાસ્તિકવાદ અર્થાત્ જડવાદના આશકો લોકો સમક્ષ દલિલ કરે છે કે.... "અવકાશમાં જવું.... સૂર્ય મંડળ પાસે જવું, એ ઇશ્વરની મરજી વગર જઇ શકાય નહિં.... આજે માનવી પોતાની મરજી પ્રમાણે ત્યાં જઇ શકયો છે માટે ઈશ્વરની હસ્તિ નથી એ પુરવાર થાય છે."

પણ આ રીતે ઉચ્ચારનાર વૈજ્ઞાનિકને એ કલ્પનાએ નથી કે જૈનદર્શન તો યુગ યુગથી કહેતું આવ્યું છે કે ઇશ્વર નામની કોઈ એક સત્તા વિશ્વમાં હતી નહિં, છે નહિં અને હશે પણ નહિ....

જૈનદર્શને તો ત્યાં સુધી પુરવાર કર્યું છે કે માનવી સદેહે અવકાશમાં જઇ શકે છે.... બળતણ વગરના વિમાનમાં બેસીને અવકાશમાં માનવી ઇચ્છા પ્રમાણે વિહરી શકે છે.

જનદર્શને આ સત્ય રજુ કરેલું હોવા છતાં તેણે કદી નાસ્તિકવાદ પોકાર્યો નથી.... જડવાદની પૂજાને જીવનના કલ્યાણ માર્ગ માફક માની નથી.

આજે સૂર્યના નામે ઉડાડવામાં આવેલા એક રમકડાથી રશીયન વૈજ્ઞાનિકો જે પ્રકારની પ્રચારઘેલછા દર્શાવી રહ્યા છે તે કેવળ ઇશ્વરના ઇન્કાર પુરતી મર્યાદિત નથી, પરંતુ નાસ્તિકવાદના પાયાને દૃઢ કરવા માટેની એક યોજના છે.

સ્વરાજ પ્રાપ્ત થયા પછી આપણા રાષ્ટ્રમાં જડવાદનો ઝેરી પવન જોરશોરથી ફુંકાઇ રહ્યો છે... રાષ્ટ્રના કમનશિબે એવા લોકનાયકો તેને મળ્યા છે કે જેના અંતરમાં માનવ-જીવનના પરમશ્રેયની કોઇ કવિતાને સ્થાન નથી.... માનવી કેવળ ભૌતિક લાલસા ખાતર જ જન્મતો હોય અથવા માનવીનું જીવન કેવળ ભૌતિક ભૂતાવળો સર્જવા માટે જ ઘડાયું હોય એવી એક ભ્રમણા આપણા લોકનાયકોના પ્રાણમાં વજ્ર માફક પડી હોય છે.

અને 'જેનો આગેવાન આંધળો તેનું કટક કુવામાં' એ કહેવત મુજબ આપણા સમાજને પરાણે દોરનારા અને પરાણે થઇ બેઠેલા આગેવાનો માનવજીવનની સાચી સંપત્તિ સમાન આધ્યાત્મિક વિચારધારાને દૂર હડસેલી અને ઉપેક્ષિત કરી જે પ્રકારની દોટ મૂકી રહેલ છે અને પ્રજા જાણ્યે-અજાણ્યે એની પાછળ ઢસડાઇ રહી છે તે આપણા રાષ્ટ્ર માટે એક ભયંકર વિપત્તિ સમાન છે.

કાળ ચેતવણીના સૂર કાઢે છે....!

સમય ચેતવણીનું અટ્ટહાસ્ય પોકારે છે!

જીવનની પળો સાવધાનીનો સાદ ગજવે છે!

અને આપણે ?

આંધળી દોટ મૂકી રહ્યા છીએ....

સમજ્યા વગર.... વિચાર્યા વગર.... પરિણામની કલ્પના કર્યા વગર આપણે આંધળી દોટ જ મૂકી રહ્યા છીએ.

# મનુષ્યજન્મની મહત્તા શા માટે ?

## પ્રવચનકારઃ- પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી ગિરિરાજ પર શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાના શુભ પ્રસંગે શેઠ જેઠાભાઇ નેણશી કાથાવાળા, શેઠ ગોવિંદજી જેવત ની આગ્રહભરી વિનંતિથી અત્રે પધારતા, સુંદર સામૈયા પૂર્વક સં૦ ૨૦૧૫ ના પોષ સુદ ૧૩ ને ગુરુવારના રોજ પ્રવેશ મહોત્સવ થયા બાદ શેઠ આ૦ ક૦ ના વંડામાં તૈયાર કરવામાં આવેલ વિશાળ મંડપમાં પૂ૦ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે મંગલાચરણ કર્યા પછી પૂ૦ પરમ શાસનપ્રભાવક આચાર્યદેવે 'મનુષ્ય જન્મની મહત્તા શા માટે?' એ વિષય પર જે મંગલ-પ્રવચન આપેલ, તેનું સારભૂત અવતરણ અહિં અપાય છે.**

**અવતરણકારઃ શ્રી કપુરચંદ આર. વારૈયા—પાલીતાણા**

પ્રવચન ૧ લું ]

सम्यग्दर्शनसंशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવો અને શ્રી જિનેશ્વરદેવોના શાસનના મર્મને પામેલા મહાપુરુષોએ જન્મને દુઃખનું મૂળ કહ્યું છે. પરંતુ દુઃખના નિમિત્ત એવા પણ મનુષ્યજન્મની પ્રશંસા શાસ્ત્રોમાં સ્થળે સ્થળે કરી છે. કારણ કે- દુઃખરૂપ જન્મથી રહિત થવા માટે આ મનુષ્યજન્મ પ્રથમ નંબરનું સાધન છે, જે કોઇને મર્યા પછી જન્મ રહિત થવું હોય તેમણે આ મનુષ્ય જન્મ પામ્યા વિના છૂટકો નથી. મનુષ્ય જન્મ એવો છે, કે- જેનાથી જીવ જન્મરહિત બની શકે.

એવો જન્મ તો જીવને અનંતીવાર મળ્યો, પણ જીવને મનુષ્યજન્મ પામ્યા પછી પણ તે તે પ્રકારની મોક્ષને સાધક સામગ્રી મળે તો મનુષ્યજન્મ સફળ થઇ શકે, મોક્ષને સાધક સામગ્રી પણ મહાન પુણ્યોદયથી મેળવાય છે. જો કે આપણને તો તે પણ મળી, પણ મનુષ્યજન્મ કે મોક્ષને સાધક સામગ્રી જે પુણ્યે આપી છે, એ પુણ્યથી મળેલી સામગ્રીનો આનંદ અનુભવવાની આપણામાં યોગ્યતા છે કે કેમ ? તે વિચારવા જેવું છે.

આપણને મનુષ્યજન્મ અને મોક્ષને સાધક સામગ્રી મળ્યાનો જ આનંદ છે ને ? કે કોઇ બીજી ચીજ મળ્યાનો ?

હજારોમાં એકાદ જ આત્મા એવો મળે કે- જેમને મનુષ્યજન્મ અને મોક્ષસાધક સામગ્રી મળ્યાનો આનંદ છે. બાકી બધાને તો કોઈ ને કોઇ ચીજ મળ્યાનો આનંદ છે.

આપણે બધા આનંદમાં હોઇએ ત્યારે આપણા મનમાં મનુષ્યજન્મ અને મોક્ષસાધક સામગ્રી મળ્યાનો જ આનંદ હોય કે તે સિવાયની બીજી ચીજ મળ્યાનો ? છાતી ઉપર હાથ મૂકીને પૂછતાં એમ જણાય કે- મોક્ષ સાધક સામગ્રી સિવાયની બીજી સામગ્રી મળ્યાનો આનંદ છે તો તે મહાપુણ્યોદયની કાંઇ કિંમત આપણા મનમાં નથી; પણ તુચ્છ પુણ્યોદયની કિંમત આપણા મનમાં ઘણી છે !

આજે એ પરિણામ આવ્યું છે કે- આપણને મોક્ષસાધક સામગ્રીનો સંયોગ મળ્યા છતાં એનો આનંદ નથી, પણ બીજી ચીજો મળ્યાનો આનંદ છે.

જે સામગ્રી મહાપુણ્યે આપી છે, એ ભૂલી જઇને જીવ બીજી સામગ્રીમાં લીન એવો બની ગયો છે કે એની આળપંપાળમાં પોતાને કરવા યોગ્ય શું છે ? નહિ કરવા યોગ્ય શું છે ? એ બધું ભૂલી ગયો છે.

આપણને એવી સુંદર સામગ્રી મળી છે, કે-તેનો સદુપયોગ કરવામાં આવે તો જ્યારે જુઓ ત્યારે આનંદ જ હોય, જીવતાં પણ આનંદ અને મરતાં પણ આનંદ, કારણ કે આગળનું ભવિષ્ય એવું સ્પષ્ટ છે, કે-ચિંતા

કરવાની જરૂર નથી. કારણ કે એ સામગ્રીનો સદ્‌ઉપયોગ કરવામાં આવે તો મોક્ષ મળે ત્યાં સુધી સદ્‌ગતિ સાથે ને સાથે છે.

આપણે પણ અપ્રમત્ત રહ્યા હોઈએ તો કહી શકીએ કે– મોક્ષ મળે ત્યાં સુધી સદ્‌ગતિ મારી સાથે ને સાથે છે. આજથી સાવધ બનીએ તો પણ કહી શકીએ, આ ભવની ગાફલતમાં કોઈ ભૂલ થઇ ગઈ હોય તો પણ કહી શકાય કે–મારા આત્માની એટલી તૈયારી છે કે સદ્‌ગતિ મારી સાથે છે.

મનુષ્ય જન્મ મળે, સુસાધુ ગુરુ મળે અને જિનેશ્વરદેવનો ધર્મ મળે, પછી શું જોઇએ ! પણ મનુષ્યજન્મ, જિનેશ્વરદેવ અને જિનશાસન મળ્યાની કિંમત આપણા મનમાં છે કે નહિ ? જાતની આગળ જિન અને જિનશાસન ઢંકાઇ જતા તો નથીને ? જાત પહેલી કે જિનશાસન પહેલું ? એ બધાના જવાબ અંતર આત્માને પૂછીને મેળવવાના છે.

જિન મળી શકે, મોક્ષ મળી શકે એવી સામગ્રી મળી છે, એમાં વિવાદ નથી. બધી સામગ્રી આંખ સામે છે. પણ જાતની પંચાતોમાંથી બચીએ તો એનો વિચાર કરી શકાય.

આખા જગતને આંધળું બનાવવા માટે મોહરાજાએ એક મંત્ર મોકલ્યો છે. એ મંત્રે સઘળા ય જગતને અંધ બનાવેલ છે. એ અંધાપો શાશ્વત બની ગયો છે. આપણને **अहम्** બોલતાં શરીર યાદ આવે કે આત્મા ? 'કોણ છે ?' એમ પૂછે ત્યારે 'હું છુ' એમ બોલતાં શરીર યાદ આવે કે અંદર બેઠેલો છે તે ? કોઇ પણ સાથે વાત કરતાં 'હુ' બોલીએ છીએ ત્યારે આપણા મનમાં આત્મા બેઠો છે કે શરીર ?

જો નિરંતર બન્ને વખત દર્શન કરનારા, જિનેશ્વરદેવની પૂજા કરનારા અને તીર્થયાત્રા માટે આવનારા 'હું' એટલે 'શરીર' સમજતા હોય તો અમારે બીજા પાસે તો શું આશા રાખવી ?

અહિંયા સાચા ભાવે તે આવી શકે કે જેની આંખ સામે ચોવીશે કલાક આત્મા રહે, શરીર જેને મહાબંધન લાગે, અને જ્યારે શરીર બંધન લાગે ત્યારે ધન વગેરે મહાબંધન લાગે તેમાં તો પૂછવું જ શું ?

અહિં આવનારને થાય કે– 'શરીરની મમતાએ, ઇંદ્રિયોએ, ભોગોની આસક્તિએ અને માનસિક અવસ્થાએ મને એવો ભટકાવ્યો છે કે– હું કયાં કયાં ભટકી આવ્યો એવું મને ભાન નથી.'

અનંત ઉપકારી મહાપુરુષો કહી ગયા છે કે– અનંત પુદ્‌ગલ પરાવર્ત ગયા, પણ જ્યાં સુધી આ ન સમજાયું ત્યાં સુધી એવા ને એવા જ રહ્યા.

'સંસાર અસાર છે' એ શ્રી જિનેશ્વરદેવોએ સમજાવ્યું, શાસ્ત્રકાર ભગવંતોએ શાસ્ત્રમાં મૂકયું, વર્તમાન વીતરાગના સાધુઓ પણ એ સમજાવે છે. વીતરાગના શાસનમાં જન્મેલાને કોઇ 'સંસાર સારો છે' એમ કહે તો તેના હૈયામાં બેસે તેવું નથી. એ સંસારમાં ગમે તેવી અવસ્થામાં હોય પણ તેને એ સંસાર રૂચે નહિ.

આ સિદ્ધગિરિના દર્શનથી ભવ્યત્વની છાપ મળે, મુક્તિની છાપ મળી જાય. સંસારથી નહિં ગભરાયેલો, સંસારમાં આનંદ માનનારો અહિં આવે શા માટે ? એ મોટામાં મોટો પ્રશ્ન છે.

શા માટે આ ગિરિરાજને આટલો બધો ઉંચો કહ્યો ? એનો હેતુ શું ? અહિં આવનાર 'આ સંસારથી હું છૂટીશ કે નહિ ? મારામાં સંસારથી છૂટવાની યોગ્યતા છે કે નહિ ?' એ જાણવા અહિં દોડી આવે. આથી અહિં આવનારને સંસાર કેવો લાગે ?

મોહરાજાએ એવું ચક્કર ગોઠવ્યું છે, કે– 'હુ' બોલે એટલે આ (શરીર) ની સામું ધ્યાન જાય, 'હુ' એટલે શરીર અને "શરીર' એટલે 'હું'. એમાં જે કાંઈ સારૂં દેખાય એને મારૂં બનાવવું. એટલે 'હુ' અને 'મારૂ' એ જાપ જપ્યા કરે એવા મનુષ્યો અનંતીવાર જિનના સંપર્કમાં આવે, જિનની વાણી સાંભળે, છતાં કહે, કે– 'મોક્ષની વાતો વાહીયાત છે. અહિં મજા છે,' થોડું દુઃખ આવે એટલે કંટાળો આવે પછી હતા તેવા ને તેવા.

મારે તમને એ સમજાવવું છે, કે- આટલી સામગ્રી મળ્યા પછી તેની જરાક પણ કિંમત હોય તો 'હું અને મારા' નો મોહરાજાનો મંત્ર વોસિરાવ્યા વિના રહીએ ? એ વખતે મનમાં થાય કે- અનાદિ કાળથી વળગેલું શરીર કયારે છૂટે ? શરીર છૂટે એનો અર્થ એ છે, કે- આ શરીરમાં કારણભૂત બીજું જે (કાર્મણ) શરીર છે, તે છૂટી જાય. 'હું' બોલતાં એ યાદ આવવું જોઇએ.

આ વસ્તુ સમજાઇ જાય તો ત્રણ લોકની સાહ્યબી મળી જાય તો પણ 'મારી છે' એમ લાગે નહિ, અને એ સાહ્યબી મળ્યાનો આનંદ આવે નહિ.

એક બાજુ ત્રણ લોકની સાહ્યબી મળી જાય અને એક બાજુ મનુષ્યજન્મ મળી જાય તો તમને કોની કિંમત વધારે ? સામગ્રી ચાલી જાય છતાં એમ લાગે કે મારું તો મારી પાસે છે.

તમને મનુષ્યજન્મ મળ્યાનો આનંદ કે બંગલા-બગીચા મળ્યાનો આનંદ છે ? આપણે બહુ ભટકયા એ જ્ઞાનીઓના વચનના આધારે છે, એમાં આપણને શંકા નથી જ. ભટવાનું ભાન થયું એટલે ભટકવાનો ભય લાગી ગયો. અને એ ભય સાચે જ લાગી જાય તો મોક્ષસાધક સામગ્રી મળ્યાનો આનંદ માય નહિ.

આજે તો સામગ્રી મળ્યાના આનંદની વાત કરવી છે, મનુષ્યજન્મ મળ્યો, આર્યક્ષેત્ર મળ્યું, ઉત્તમ કુળ મળ્યું, અરિહંત જેવા દેવ મળ્યા, ઇચ્છા હોય કે ન હોય પણ 'સંસાર ભૂંડો છે' એમ સંભળાવનાર ગુરુ મળ્યા. આવી સામગ્રી જેને મળે તે મહાપુણ્યશાળી છે. તેના હૈયામાં ખાતા-પીતા-બેસતા-ઉઠતા એ યાદ આવે કે- મોક્ષસાધક સામગ્રી સિવાયની પુણ્યથી મળતી એવી પણ સામગ્રી ભટકાવનાર છે, એમ લાગે.

મોક્ષસાધક સામગ્રી ગમે છે તે ક્યારે માનીએ ? કે તે સિવાયની ગમે તેવી સામગ્રી મળે તો થાય કે- 'ભૂલ્યો તો ભટકાવી મારશે. એ બધી કર્મે આપેલી ભૂતાવળ છે. ભૂત વળગે અને કોઇ મારે તો ભૂતને વાગે. અને આ ભૂતાવળ તો એવી છે કે જેને એ વળગે તેને વાગે. તમને વળગી તો તમને વાગે.

એ ભૂતાવળથી છૂટવા માટે તમે બધા સંઘમાં દોડયા આવ્યા છો. સંઘ કાઢનાર ભાઇએ પણ એમ વિચાર્યું હોય કે- *આ બધા સંઘમાં આવનારા આ ભૂતાવળથી છૂટી જાય. અને તમે બધા પણ આ ભૂતાવળથી છૂટવા માટે જ આવ્યા છો ને ? કારણ કે ત્યાં રહ્યા રહ્યા એ ભૂતાવળ છૂટતી નહોતી, એથી એ છોડવા માટે આવ્યા છો ને ? તમારો અંતર્ગત ઇરાદો એ ભૂતાવળથી છૂટી જવા માટેનો છે ને ? અને કમનસીબે એ ભૂતાવળ અહિં પણ છૂટી ન જાય અને જવું પડે તો રોતા રોતા જવાના ને ?

માણસ કમાણી કરવા માટે કમાઉ બજાર જ્યાં ચાલતું હોય ત્યાં પરદેશમાં જાય, બધાને રોવરાવીને જાય, સ્ત્રી પણ રોવા બેસે, છતાં પણ એ જાય ને ? શા માટે ? શુભ કામ માટે ?

મારે કહેવું છે બીજું, એવા કમાઉ બજારમાં બીજા હજારો કમાય અને તમને કાંઇ ન મળે તો ? એવા અમારી પાસે પણ રોવે. અને કહે કે- અમારો કોઇ ભાવ પણ ન પૂછે. ત્યારે અમને થાય કે- જે આશામાં આવ્યો, એમાં કાંઇ ન મળે, એમ ને એમ પાછા નીકળવું પડે ત્યારે એનો ચ્હેરો જોવા જેવો હોય. કુટુંબીઓ પણ કહે કે- 'તું અકરમી છે.'

અહિં તમે આવ્યા. આ કેવી બજાર છે ?

સિદ્ધગિરિ.

અહિં શું કમાવાનું ?

મોક્ષસાધક સામગ્રી પામીને જે મેળવવાનું એ.

તમને અહિં આવ્યા બે દિવસ થઇ ગયા, કાલે તીર્થમાળ પહેરીને રવાના. રવાના થવાનો પણ નિર્ણય ? આવવાનો નિર્ણય જરૂર કરાય, પણ જવાનો નિર્ણય કરીને અવાય નહિ.

તમને સામગ્રી ઘણી સારી મળી, મનુષ્ય જન્મ પણ મળ્યો પણ પણ તેની કિંમત ન સમજાય તો ? મળેલી મોક્ષ સાધક સામગ્રીનો ઉપયોગ ન થાય તો દુઃખમાં સહાયક થાય એવા ઘણાં કર્મો બંધાય.

---

* સાદડીથી ૮૦૦ માણસનો સંઘ આવેલ અને તેમાંનો મોટો ભાગ વ્યાખ્યાનમાં આવેલ, તેઓને ઉદ્દેશીને ઉપરના શબ્દો છે.

અનંત દુઃખનું નિમિત્ત એવો જન્મ છે પણ આ માનવ જન્મ એવો છે, કે– એને વખાણ્યા સિવાય ન રહેવાય. જેટલા સિદ્ધિપદે પહોંચ્યા, જેટલા અરિહંત થયા, આચાર્ય થયા, ઉપાધ્યાય થયા, સાધુ થયા એ બધા આ માનવજન્મ પામ્યા. આ જન્મને વખાણ્યા સિવાય ચાલે નહી. આ જન્મની સહાયથી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ થવાય. માટે આ જન્મને વખાણાય. એ સિવાય આ જન્મને ન વખાણાય. તમારે આમાંથી શું થાવું છે? એ પૂછું છું.

**સભામાંથી**-અરિહંત થવું છે.

અરિહંતો પણ આ જન્મથીજ થાય, પણ આ ભવ માટે તો આપણા માટે એ બાજી છટકી ગઇ, પણ આગળ થવું છે ને? અરિહંત કયારે થવાય? જગતના સઘળા ય જીવોની દયા આવે ત્યારે. તમને પોતાના આત્માની–ખુદની દયા આવે છે? તમારો આત્મા દયાપાત્ર લાગ્યો? અનંત કાળથી ભટકે એ આત્મા દયાપાત્ર નહિ? હજુ આસક્તિમાં પડયો છે એની દયા આવે છે? તમને એમ કે અરિહંત થવું છે એમ બોલવામાત્રથી અરિહંત થઇ જવાય! આત્માનો ઉદ્ધાર કરવો છે ને? આત્માનો શેમાંથી ઉદ્ધાર કરવો છે? આત્મા શેમાં ખૂંચ્યો છે? કંઇ ખબર નથી. એવા આત્મા અરિહંત થાય? સિદ્ધપદની યાદી આવે? આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપણું ગમે? સાધુપણું ન ગમે એને જૈનપણું ગમે? જૈનપણું ન ગમે તેને જિન ગમે?

સિદ્ધગિરિ ઉપર કોણ બીરાજે છે? આ અવસર્પિણીકાળના પ્રથમ જિન. તમને લોકોને જિન ગમે છે? જિન કેવા લાગે છે? જિનના દર્શન શા માટે કરો છો?

ઉ૦ દર્શન કરવાથી પાપ જાય.

પ્ર૦ પાપ જવાથી શું થાય?

ઉ૦ આત્મકલ્યાણ.

આત્મકલ્યાણ થવાથી શું થાય? આપણો પ્રેમ જિન ઉપર વધારે કે બીજા ઉપર? તમને એમ થાય છે ને? કે–જગતની કોઈ ચીજ ઉપર પ્રેમ થાય તે કર્મના યોગે, પણ હૈયાથી નહીં. હૈયું મારૂં ભગવાન પાસે અને શરીર મારૂં ઘરમાં.

મારે એ સમજાવવું છે, કે– તમને એમ થવું જોઇએ કે– શરીરથી ઘરમાં બેઠા છીએ અને હૈયાથી જિનની પાસે છીએ. ઘરના છોકરાને પણ સમજાવવું કે 'અહિં કંઈ નથી' આજે ઘેર જઈને કહેવાના? સંઘમાં આવેલા કોઈ છોકરા કહે કે– 'હું ઘેર નહિ આવું, સાધુ પાસે રહીશ, તો સંઘમાં શું થાય?

ખરી રીતે તમારો પ્રેમ જિન ઉપર નથી, જિનના સાધુ ઉપર નથી, જિનના ધર્મ ઉપર પણ નથી.

જિનનો ઉપકાર તો જાણી શકતા નથી, પણ માતા–પિતાનો ઉપકાર તો જાણો છો ને? તેના ઉપર પ્રેમ છે? તેમાં પણ નથી. બૈરા–છોકરા ઉપર છે? તેના ઉપર પણ નથી. હૈયામાં જે લોભાદિ બેઠા છે તેના ઉપર છે. તમારા મનથી ધન વધે કે છોકરા વધે?

**સભામાંથી**:– ધન વધે.

એટલા માટે તમને સલાહ આપું છું, કે– માત્ર એટલો આપણો પુણ્યોદય છે, કે– ફક્ત સામગ્રી મળી. મંદિર, મૂર્તિ, તીર્થયાત્રા એ માટે છે, કે– આત્મા સમ્યગ્દર્શન પામે, જ્ઞાન પામે અને વિરતિ પામે.

પણ તમારાથી આ જન્મમાં કોઈ લાંબુ કામ થવાનું હોય એમ લાગતું નથી. ભગવાન ઉપર પ્રેમ નહિ, ભગવાનની વાતો કહેનાર સાધુ ઉપર પ્રેમ નહિ, ભગવાનના ધર્મ પર પ્રેમ નહિ, સાધર્મિક ઉપર પ્રેમ નહિ.

સાધર્મી દુઃખી છે એવી બૂમો પડે, પણ કોઇ ઉભા થતા નથી કે સાધર્મી દુઃખી હોય એ બને નહિ. અમે સુખી હોઇએ અને સાધર્મી દુઃખી હોય એ કેમ બને? ભાણે બેસો ત્યારે બે–પાંચ સાધર્મિક સાથે જોઇએ. બધા જિનના સેવકને શક્તિ મુજબ બે–પાંચ સાધર્મિક સાથે જોઇએ કે નહિ?

સામગ્રી તો બહુ મળી છે પણ તમે એવો નિર્ણય કર્યો છે, કે– 'એ સામગ્રીની બહુ કિંમત

નથી. અમારે મન બીજી સામગ્રીની કિંમત છે,' આ અવળી સમજથી અનંત ભવ બગડયા. પણ આ ભવ ન બગડે તેની તૈયારી કરવી જોઇએ. ભલે અત્યારે જિનનું ચરણ ન મળે, પણ આગળ જિનનું ચારિત્ર મળે તેનો પાયો નંખાઇ જવો જોઇએ.

હું એટલે શરીરનો અધિષ્ઠાતા, અનાદિકાળનો જેલી, કેદમાં ફસેલો. આ જેલ કયારે છુટે ? દિવસ ગણો છો ? રોજ ? જેલ છુટી જાય તો સારૂં એમ એમ થાય ને ? દુઃખમાંથી છુટી જાઉં એમ થાય કે સુખમાંથી છુટી જાઉં એમ થાય ? દુઃખ છે એટલે સંસાર ખરાબ લાગે કે સુખ છે એટલે ખરાબ લાગે ?

આ જન્મની ઉત્તમતા શાના આધારે છે ? આ આ શાસન મળે તેથી. જ્ઞાનીઓ કહે છે, કે–

**'સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાન અને વિરતિ જે આત્મા મેળવે છે, તેથી દુઃખના નિમિત્તભૂત એવો પણ આ જન્મ મળ્યો એ સારૂં થયું.'**

બાકી તો તેમણે જ કહ્યું છે કે– આ જન્મથી જે સાધવું જોઇએ એ સાધ્યા વિના, મહાન ઉપકારક એવો પણ આ જન્મ અપકારક થાય છે.

આપણને થવું જોઈએ, કે– આ જન્મનું જે ફલ મેળવવું જોઇએ તે મેળવી શકતો નથી પણ મેળવવા જેવું છે. સિદ્ધગિરિ મૂકયા પછી જ્યાં જઇએ ત્યાં કોઈ જગ્યાએ આનંદ નહિ. જિનની આજ્ઞા જ્યાં અમલમાં આવે એનો જ આનંદ.

અત્યારસુધી મન કયાં હતું ? અને હવે મન કયાં છે ? આવા વિચાર વિનાના અહિં આવે, પણ ઠેકાણું પાડયા સિવાય ન ચાલે. ઘણું ગુમાવ્યું પણ આજથી નક્કી થઈ જવું જોઇએ, કે–

જે મોક્ષસાધક સામગ્રી મળી છે, એ જ ઉપકારક છે, બાકીની બધી અપકારક છે.

પ્રેમથી વર્તન કરવું હોય તો મોક્ષસાધક સામગ્રી સાથે, બીજી સાથે વર્તન કરવું પડે તો કર્મથી, પણ મનથી નહિ.

આજથી હું આપનો, અને આપનો હોય તે સંસારમાં કોઇનો નહિ. અને એક રીતે હોય તો સંસારમાં સૌનો.

આટલું મનમાં નક્કી કરી લઈએ તો વગર વિચાર્યે આવ્યા હોઇએ તો પણ કામ થઇ જાય.

★

## –: પરદેશના ગ્રાહક બંધુઓને :–

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૮૭૪ | નૈરોબી |
| શ્રી મૂલચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાડીસ્કીઓ |
| શ્રી લાધાભાઈ રાયમલ શાહ | પોષ્ટ બોક્ષ નં. ૪૮ | [illegible] |

# મુંબઈથી નીકળેલ અગાશીતીર્થનો છરી પાળતો સંઘ

**મારવાડ–પાદરલી નિવાસી ઉદારદિલ ધર્મપ્રેમી શ્રી હજારીમલજી** સેરાજી તરફથી પૂ૦ પાદ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીની પ્રેરણા તથા સદુપદેશથી તેઓશ્રી તથા તેઓશ્રીના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજની નિશ્રામાં પોષ શુદી ૬ ગુરૂવારના મંગલમુહૂર્તે મુંબઈ લાલબાગ ભૂલેશ્વરથી અગાશી તીર્થનો સંઘ નીકળ્યો હતો. શ્રી સંઘમાં પ્રયાણ વખતે હજારો ભાઈ બ્હેનો જોડાયા હતાં. ઝવેરીબજાર–કાલબાદેવી–વિઠલવાડી, પાયધુની, ગુલાલવાડી, ભાયખાલા–લાલવાડી–પરેલ ઇત્યાદિ સ્થળોયે ઠેર–ઠેર ગહુંલીઓથી શ્રી સંઘને સત્કારવામાં આવેલ. શ્રી સંઘવીનું ફુલ–હારોથી સન્માન કરવામાં આવેલ. દાદર જૈન જ્ઞાનમંદિર તરફથી શ્રી સંઘવીને દાદર ખાતે તિલક કરવામાં આવેલ. રથયાત્રાનો વરઘોડો રાખેલ, અગરવાલ સંઘ તરફથી બેંડ સાથે શ્રી સંઘવીજીને સત્કારેલ. સાધ્વીજીશ્રી દર્શનશ્રીજી આદિ ચતુર્વિધસંઘ સંઘમાં હતા. શ્રી સંઘનો દાદર ખાતે જૈન જ્ઞાનમંદિરમાં મુકામ થયેલ. પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી એ માંગલિક સંભળાવેલ. સંઘવીજી તરફથી ન્હા–નાસ્તો, તેમજ જમણ થયેલ. જેનો લગભગ ૪ હજાર ભાઈ–બ્હેનોએ લાભ આપેલ. રાત્રે સંઘવીજીને આરાધકમંડળ–દાદર તરફથી માનપત્ર અપાયેલ. શુદિ ૭ ના શ્રી સંઘનું પ્રયાણ થયેલ. દાદરથી માહીમ–વાંદરા તથા શાંતાક્રુઝના જિનાલયોના દર્શન કરી શ્રી સંઘ અંધેરી ઈર્લાબ્રીજ આવેલ. અંધેરી ગામના સંઘે શ્રી સંઘનું બેન્ડ સાથે સામૈયું કરેલ. સંઘવીજીને તિલક તથા હારતોરા થયેલ.

પૂ૦ મહારાજશ્રીએ મંગલાચરણ કર્યું હતું. પૂ૦ મહારાજશ્રીની સન્મુખ ગહુંલીઓ ઠેર ઠેર થયેલ. શ્રી સંઘના દર્શનાર્થે અહિં પણ હજારો ભાઈબ્હેનો આવેલ લગભગ ત્રણ હજાર ઉપરાંત સાધર્મિક ભાઈબ્હેનોની ભક્તિનો લાભ શ્રી સંઘવીજીએ લીધેલ. સુદિ ૮ નાં શ્રી સંઘ બોરીવલી આવેલ. બોરીવલીના સંઘ તરફથી સામૈયું થયેલ. સંઘમાં છરી પાળીને યાત્રા કરનારા સેંકડો સ્ત્રી–પુરૂષો હતાં. તેઓની તથા સંઘના દર્શનાર્થે આવતાં હજારો ભાઈબ્હેનોની ભક્તિ ભાવપૂર્વક દરરોજ થતી હતી. શુદિ ૯ ના ભાઈંદર, ૧૦ ના વસઈ અને સુદિ ૧૧ ના શ્રી સંઘ અગાશી પધારેલ.

અગાશી સંઘ તરફથી પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં આવેલ શ્રી સંઘનું તથા સંઘપતિનું ભવ્ય સામૈયું થયેલ. ઠેર ઠેર ગહુંલીઓ થયેલ. આજે નવકારશી હતી હજારો ભાઈબ્હેનોએ લાભ લીધેલ. શુદિ ૧૨ ના નવ વાગે શ્રી સંઘપતિને તથા સંઘવણ બ્હેનને રૂા ચાર હજારનો ચઢાવો બોલી તીર્થમાલાઓ પહેરાવેલ. તીર્થમાલ પહેરાવવાની ક્રિયા પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીનાં વરદ હસ્તે થયેલ. અગાશીમાં શ્રી મુનિસુવ્રત સ્વામીજીના ભવ્ય જિનાલયમાં શ્રી મલ્લિનાથ ભગવાનની પ્રતિષ્ઠા શ્રી સંઘવીજી તરફથી ૧૧–૪૫ ના શુભ મુહૂર્તે પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીના વાસક્ષેપ પૂર્વક ધામધુમથી થયેલ. બપોરે શાંતિસ્નાત્ર ભણાવાયેલ. મુંબઈથી સર્વપ્રથમ નીકળેલ છ'રી પાલતા આ સંઘમાં અનેક વિશિષ્ટતાઓ તરવરતી હતી. પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીની પ્રેરણા તથા વ્યાખ્યાનવાણીના સિંચનથી સંઘમાં જાગૃતિ રહેતી. દરરોજ ૩॥ થી ૫ વાગ્યા સુધી વ્યાખ્યાન, સવારે સ્નાત્રપૂજા મહોત્સવ જેમાં શ્રી મહાવીર જૈન સંયુક્તમંડળ અને

[ અનુસંધાન પેજ નંબર ૮૧૯ ]

# યોગવિદ્યાનું વિજ્ઞાન

પૂ૰ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

ભારતીય સંસ્કૃતિમાં અજોડ અને અપૂર્વ વિદ્યા કોઇ ગણાતી હોય તો તે યોગવિદ્યા છે. ભૂતકાળમાં યોગવિદ્યાનો વિકાસ ખૂબ જ હતો તેના અનેક ઉલ્લેખો અને વૃત્તાન્તો મળે છે. વર્તમાનમાં તે વિદ્યાનો ખૂબ હ્રાસ થયો છે છતાં બીજા સ્થળોની સરખામણીમાં આજ પણ ભારતમાં તે વિશેષ પ્રમાણમાં છે એ એક હકીકત છે.

યોગવિદ્યાની સાધના માટેના સેંકડો ગ્રંથો છે, અને તેના ઓછે–વત્તે જાણકારો પણ છે.

અનેક સાધકો યોગવિદ્યા સાધે છે. અને તેના ઈષ્ટ લાભ મેળવે છે. યોગવિદ્યા જો યથાવિધિ સાધવામાં આવે તો તેને બળે ધારેલા શુભ કાર્યોની સિધ્ધિ નિમેષમાત્રમાં થાય એ નિર્વિવાદ છે.

યોગવિદ્યાની પ્રશંસા સાંભળીને ઘણા તે તરફ ખેંચાય છે અને અધકચરી સાધનાને કારણે વિપરીત પરિણામના ભોગ બને છે, પછીથી તેઓ યોગવિદ્યાથી દૂર થઇ જાય છે, અને તેમના ઉદાહરણથી અનેર બીજાઓ પણ 'યોગ વિદ્યા એ નકામી છે, તેમાં કાંઈ નથી, નુકશાનકારક છે' વગેરે કહે છે, તે લાભથી વંચિત રહે છે.

યોગવિદ્યા એ ચમત્કારિક વિદ્યા છે, એમાં કાંઈ પણ સંદેહ નથી. છતાં એ એવી ચમત્કારિક વિદ્યા નથી કે જેને આપણે બુધ્ધિગમ્ય ન બનાવી શકીએ.

જો આપણે બુધ્ધિને સ્થિર કરીને યોગવિદ્યાને યથાવત્ સમજવા માટે પ્રયત્ન કરીએ તો આપણે જરુર સમજી શકીએ અને બીજાને સમજાવી શકીએ કે **યોગવિદ્યા એ સમર્થ વિજ્ઞાન છે.**

અણુઓ અને તેની અસરોથી આપણે લગભગ પરિચિત છીએ. દૂધમાં મેળવણ (ખાટું) નાંખવામાં આવે ને તે ભળી જાય છે એ સહુ-કોઈના અનુભવની વાત છે. આમ એક–બીજા અણુઓના સમ્બન્ધથી સવળી–અવળી અસરો ઉપજે છે, પણ એ સર્વ પરિચય સ્થૂલ છે.

સૂક્ષ્મ અણુઓ જે અસર ઉપજાવે છે એ તરફ બહુ થોડાનું લક્ષ્ય છે.

યોગવિદ્યાનું વિજ્ઞાન સમજવા માટે સૂક્ષ્મ અણુઓની શક્તિ અને પરિણામ તરફ પ્રથમ લક્ષ્ય આપવું આવશ્યક છે.

આપણે ઇન્દ્રિયો દ્વારા જે અણુઓને જોઇ શકીએ છીએ તે કરતાં જુદા આપણને ખબર પણ ન પડે એવા અનેક અણુઓ અહિં તહિં સંચરે છે. તે અણુઓમાં શક્તિ આપણે કલ્પી ન શકીએ એટલી છે અને તે તેના પરિણામોથી આપણે માનવી પડે છે.

ઘણી વખત હવામાં એવા અણુઓ પ્રસરે છે અને સારા–માઠાં પરિણામો નીપજાવે છે.

અમુક સ્થળ વિશેષમાં જવાથી શાંતિ પ્રાપ્ત થાય છે, જ્યારે અમુક સ્થળમાં જવાથી શાંત માણસ પણ ઉકળી જાય છે, એમાં એ સૂક્ષ્મ અણુઓની અસર કારણરૂપ છે.

અમુક વ્યક્તિ વિશેષ પાસે જવાથી અમુક પ્રકારની અસર થાય છે ને જનાર એવો અનુભવ પણ કરે છે 'એ વ્યક્તિએ મને કાંઇ પણ કહ્યું નથી કાંઇ પણ કર્યું નથી છતાં આ પ્રમાણે બન્યું છે' અણુઓની અસરનો જેને

ખ્યાલ હોય તેને સહેજ સમજાય કે સામી વ્યક્તિમાંથી એવા અણુઓનો પ્રવાહ સતત વહે છે કે તેના સાન્નિધ્યમાં જનારને અમુક અસર થવી જ જોઇએ.

સ્વપ્ન આવે છે, ઘણાને આવે છે, કાંઇ નથી હોતું ને જાણે સાક્ષાત્ અનુભવ કરતાં હોઇએ એવું દર્શન થાય છે. પણ ખરેખર કાંઇ નથી હોતું એ માન્યતા સ્થૂલ છે. સ્વપ્નમાં મનના અણુઓ આકાર ધારણ કરે છે અને તેનું દર્શન થાય છે.

ઘણી વખત આંખ મીંચીને પડી રહેવામાં આવે છે ત્યારે જાગૃત અવસ્થામાં પણ લાલ, લીલા, પીળા, શ્યામ, શ્વેત આકારો જોવામાં આવે છે. આંખ ઉઘાડીએ ત્યારે તેમાંનું કાંઇ-પણ હોતું નથી. સૂક્ષ્મ અણુઓ તરફ જેઓનું લક્ષ્ય નથી હોતું તેઓ આ દર્શનને અદ્‌ભુત સમજે છે, અથવા ભ્રમ માને છે, તેઓ ગૂંચવાઇ જાય છે. પણ સૂક્ષ્મ અણુઓની અસરનો જેઓને ખ્યાલ છે તેઓ આ દર્શનને સમજી શકે છે. પ્રાણના સૂક્ષ્મ અણુઓનું એ દર્શન છે.

આ પ્રમાણે જુદા જુદા પ્રસંગોના ઉંડાણમાં ઉતરવાથી સૂક્ષ્મ અણુઓની અસરોનો ખ્યાલ વિશેષ સ્પષ્ટ થતો જશે.

★

સૂક્ષ્મ અણુઓ સંબંધી કેટલીક હકીકતો જાણવામાં આવી ગયા બાદ યોગવિદ્યાના વિજ્ઞાનનો ખ્યાલ આવવો મુશ્કેલ નથી.

મનના, વચનના, શરીરના, ઇન્દ્રિયોના ઘણા એવા સૂક્ષ્મ અણુઓ છે, જેના ઉપર કાબુ મેળવવાથી–આશ્ચર્યજનક કાર્યો સિધ્ધ થાય છે.

યોગવિદ્યા તેનું શિક્ષણ કરાવે છે. શરીરના-ઇન્દ્રિયોના કયા કયા અણુઓ કેવા કેવા કાર્યોમાં ઉપયોગી છે, તેનાં ઉપર કેવી રીતે કાબુ મેળવી શકાય, તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય, તેનું પ્રાથમિક શિક્ષણ આપે છે. એટલે આસન, આહાર, વિહાર આદિનો અભ્યાસ યોગવિદ્યાના આરંભમાં કરવાનો હોય છે.

આસન વગેરેમાં સ્થિરતા પ્રાપ્ત થાય એટલે વચન શક્તિમાં રહેલા સૂક્ષ્મઅણુઓ ઉપર કાબુ મેળવવા માટે યોગવિદ્યાનો સાધક પ્રયત્ન કરે. યમ–નિયમ જીવનમાં કેળવે. નિરર્થક વચન વદે નહિં. સત્યભાષી રહે. એથી વચનના સૂક્ષ્મ અણુઓ કેવી રીતે ઉપયોગમાં લાવી શકાય તેનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

અહિંથી આગળ વધતો સાધક મનના સૂક્ષ્મ અણુઓ ઉપર કાબુ મેળવવા પ્રયત્નશીલ બને છે. તેને માટે ધ્યાન, ધારણા, જપ, તપ વગેરે ઉપાયો છે. યોગ્ય રીતે એ ઉપાયોના સેવનથી મનના સૂક્ષ્મ અણુઓ પર કાબુ મળે છે. અને યોગ્ય ઉપયોગ કરી ધાર્યા પરિણામો મેળવી શકાય છે.

આ પ્રમાણે યોગવિદ્યા સંબંધી વિચારો કરવાથી તેમાં અણુવિજ્ઞાનનું કેવું સુન્દર આયોજન છે તેનો વિશિષ્ટ ખ્યાલ આવે છે.

કેટલાકને આવા વિજ્ઞાનનો ખ્યાલ નથી હોતો છતાં સિધ્ધિ હોય છે.

કેટલાકને આ અણુ વિજ્ઞાનનો ખ્યાલ હોય છે છતાં પ્રયોગ કરવાના પ્રમાદને કારણે તેઓ સિધ્ધિથી દૂર હોય છે.

કેટલાકને અણુવિજ્ઞાનનો પૂરતો ખ્યાલ હોય છે અને યોગ્ય પ્રયાસોથી તે અણુ ઉપર કાબુ પણ મેળવ્યો હોય છે.

યોગવિદ્યાઓની યોગ્ય પ્રક્રિયાઓનું યથાશક્ય સેવન જીવનમાં ઊર્ધ્વગામી બનાવે છે. એટલે તે તરફ સંશય કે અશ્રધ્ધા ન ધારણ કરતાં થોડું પણ તેને અનુસરવું અને વિશ્વાસ કેળવવો એ શ્રેયસ્કર છે.

# ફુલ અને ફોરમ

પૂ૦ પંન્યાસજી પ્રવીણુવિજયજી ગણિવર

### પંડિત અને મૂર્ખા બન્ને એક સરખા

काम क्रोध मद लोभकी जबलग मनमें खाण;
तब लग पंडित मूर्ख, दोनो एक समान.

### બધું તોફાન મનનું જ છે.

Nothing is bad or good but thinking makes it so.

કોઇ પણ વસ્તુ સારી અગર ખરાબ નથી પણ માણસનું મન જ સારી અને ખોટીની કલ્પના ઉભી કરે છે.

### મનને જ મારવાની જરૂર

ममरणे इंदियमरणं, इंदियमरणे मरंति कम्माइं
कम्ममरणेन मुक्खो तम्हा मणमारणं बिंति ॥

મનના મરણથી ઇંદ્રિયો મરે છે, ઇંદ્રિયો મરી જવાથી કર્મ મરે છે, (નાશ પામે છે,) અને કર્મના મરણથી મોક્ષ થાય છે, માટે જ જિનેશ્વરદેવો મનને મારવાનું (કબજે રાખવાનું) કહે છે.

### શું કરવાથી શું હોતું નથી ?

पठतो नास्ति मूर्खत्वं,
जपतो नास्ति पातकम् ।
मौनेन कलहो नास्ति,
नास्ति जागरतो भयम्

ભણનારાને મૂર્ખપણું રહેતું નથી જપ કરનારાને પાપ રહેતું નથી. મૌન પકડનારાને કજીઓ થતો નથી. જાગતા રહેનારાને ભય હોતો નથી.

### નિંદા કોને કહેવી ?

या रोषात् पर दोषोक्तिः,
सा निंदा खलु कथ्यते ।
सा तु कस्यापि नो कार्या,
मोक्षमार्गानुसारिभि : ॥

દ્વેષથી અન્યના દોષને બોલવા તેનેજ નિંદા કહેવાય છે મોક્ષમાર્ગને અનુસરનારાએ કોઈની પણ તેવી નિંદા કરવી નહિ.

### મોટામાં મોટું બંધન

में मेरा ये जीवकुं मोटा बंधन जाण
में मेरा जाकु नहि, सोही मोक्ष पीछाण.

હું અને મારું એ જ જીવમાત્રને મોટામાં મોટું બંધન છે.

હું અને મારાની જેમના જીવનમાં ભાવના નથી, તે જ જીવન બંધન રહિત ગણાય છે, અર્થાત્ તેનું નામ મોક્ષ.

### થોડામાંથી પણ થોડું આપો

देयं स्तोकादपि स्तोकं
न व्यपेक्षो महोदय : ।
इच्छानुसारिणी शक्ति :
कदा कस्य भविष्यति ॥

થોડામાંથી પણ થોડું આપવું જોઇએ. મોટો ઉદય થશે ત્યારે આપીશું એવી અપેક્ષા રાખવી નહિ. કારણ કે ઈચ્છાનુસારી શક્તિ કોને ક્યારે પ્રાપ્ત થશે ? તેની કાંઇ ખબર હોતી નથી.

### સ્વર્ગ કેટલું દૂર છે ?

Master your passions and heaven is not far.

પાંચે ઇંદ્રિયોના વિષયો ઉપર કાબુ પ્રાપ્ત કરો એટલે સ્વર્ગ દૂર નથી પણ નજીક જ છે.

✶

# મ ન ન  મા ધુ રી  શ્રી વિમર્શ

## નિદ્રાની કરકસર

નિદ્રા એ નાનકડી નિવૃત્તિ છે, થોડી વારનું મૃત્યુ છે. જે નિવૃત્તિ ભોગવી શકતો નથી, તેનાથી પ્રવૃત્તિ પણ કરી શકાતી નથી. જેને મરતાં ન આવડે, તેને જીવતાં ક્યાંથી આવડે? જે મરી જાણે છે, તે જ જીવી જાણે છે, વીરનું એક જ મૃત્યુ હોય છે. ડરપોકના સેંકડો હોય છે. એ જ રીતે ઉંઘી શક્તો નથી, તે સારી રીતે જાગી શકતો નથી.

ઉંઘ અને જાગૃતિ એ પરસ્પરાવલંબી છે. ઉંઘ એ કમાણી છે અને જાગૃતિ એ ખર્ચ છે. ઉંઘમાં શરીર નવી શક્તિઓ કમાય છે, અને જાગૃતિમાં તે ખર્ચે છે. જો કમાણી ન હોય, તો ખર્ચ કેમ થઇ શકે? એથી ઉલટું જે ખર્ચ ન કરે, તેને કમાવવાનો આનંદ પણ શી રીતે મળે? એમ છતાં લોકો નિદ્રાની કીંમત ભાગ્યે જ સમજે છે. અતિનિદ્રા અને અનિદ્રા એ આધુનિક જગતના વ્યાપક રોગો છે.

ઉંઘ એ પણ જીવનની મહત્વની ક્રિયા છે. શાસ્ત્રોમાં એને મુક્તિના અવિરત પ્રયાણની સહાયક સામગ્રી માની છે. સામાન્ય રીતે નિત્ય બે પ્રહરની વિધિપૂર્વક નિદ્રા ત્યાગી જીવનમાં પણ વિહિત કરાયેલી છે. તેની પાછળ નક્કર હેતુ છે. જેમ વ્યક્તિજીવનની દિવાલો તોડયા વિના, અહંકારની શૃંખલા ફેંકી દીધા વિના અને સંપૂર્ણ કામના રહિત થયા વિના સમાધિ પ્રાપ્ત થતી નથી. તેમ જાગૃત જીવનની સાંકળો તોડયા વિના અને સંપૂર્ણપણે મનને અને શરીરને પ્રવૃત્તિમાંથી ખેંચી લીધા વિના સાચી નિદ્રા પ્રાપ્ત થતી નથી. સમાધિ એટલે બ્રહ્મ સાથે તાદાત્મ્ય અને નિદ્રા એટલે પ્રકૃતિ-માતાને ખોળે પડી શક્તિનું કરાતું સ્તનપાન. ઉંઘતી વખતે જે સંકલ્પ-વિકલ્પો રાખે છે, પોતાના માથા પર 'આ કરવું ને તે કરવું'-ના વિચારોનો મિથ્યાભાર ભરે છે, તે સારી રીતે ઉંઘી શકતો નથી. સ્વપ્નાઓ તેને ઉંઘ માણવા દેતાં નથી. સુપ્તાવસ્થામાં પ્રકૃતિ સાથે તેનું તાદાત્મ્ય થઇ શકતું નથી. પછી નવી શક્તિ આવે ક્યાંથી?

શરીર આત્માનું મંદિર છે. ઉંઘ તેનું સમારકામ છે. ઉંઘતી વખતે શરીરને થંભાવી દેવું જોઇએ. અને પ્રત્યેક અવયવને ખાલી કરી નાંખવા જોઇએ. શરીરનાં બધાં અવયવોને પૂર્ણ પણે શિથિલ (Relax) કર્યા વગર અને તેને પૂર્ણ આરામની સ્થિતિમાં રાખ્યા વગર ત્યાં પૂર્ણ સમારકામ થતું નથી. સુતી વખતે સમારકામ કરનાર પ્રકૃતિને પૂર્ણપણે સોંપાઇ જવું જોઇએ. આ સમારકામ વખતે અનુકૂળ સામગ્રી અને પૂર્વ તૈયારી પણ જોઇએ. શાંત જગા, ખુલ્લી હવા, શરીરની સ્વચ્છતા, મનની પ્રસન્નતા વગેરે સમારકામની સામગ્રી છે. શ્રદ્ધાપૂર્વક તન-મનને પરમાત્માને શરણે સોંપીને સૂવું એ વગેરે સમારકામની પૂર્વ તૈયારી છે.

જેને આહાર પર કાબુ છે, જે શરીરમાં ઓછો કચરો થવા દે છે, જે અતિ શ્રમથી શરીરને પ્રમાણ બહાર ઘસી નાંખતો નથી, જે બ્રહ્મચર્ય પાળી સમારકામમાં ચુના-માટી તૈયાર રાખે છે, જે પોતાની સુઘડ ટેવોથી રોગોને શરીરમાં પ્રવેશવા દેતો નથી, તે નિદ્રાનો પૂર્ણ લાભ ઉઠાવી શકે છે.

થોડી ઉંઘ લેનારે ગાઢ ઉંઘ લેવી જોઇએ. ઉંઘમાં ખલેલ પહોંચે તેવા વાતાવરણમાં સુવું નહિ. જે જગ્યાએ શાંતિ હોય, જીવજંતુનો

# પ્રીતિ યાચના

## મફતલાલ સંઘવી

તારી પાસે હે દેવાધિદેવ ! હું શું માગું ?

હું માગું, અને તું આપે; તો મારી ભક્તિ જ વગોવાય ને ?

હે કૃપાસિંધુ ! મળી જાય તારૂં દર્શન તે પછી મેળવવાનું બાકી શું રહે મારે ? અને જો હું તારા દર્શન ટાણે, સંસારની સુખ–સાહ્યબી અથવા દેવ–દેવેન્દ્રની ઋદ્ધિની માગણી કરૂં, તો હું તને આજ સુધી બીલકુલ ઓળખી શકયો નથી એજ સાબિત થાય ને ?

હે પરમ દયાનીધિ ! મને તું જે આપે તે મારે લેવું જોઇએ કે મારે મારા માટે માગણી કરવી જોઇએ ? જો હું માગું તો તો માગણ જ કહેવાઉં ને ? તારા દર્શનના જોગ પછી પણ, જો જન્મોજન્મની મારી માગણવૃત્તિ ન ટળે, તો મારા હે નાથ ! મારી અલ્પતાને કારણે કોઈ તને એ કડવા શબ્દો સંભળાવી દે, તો મારે તો ભોંયમાં જ સમાવું પડે ને ?

---

ઉપદ્રવ ન હોય, દુર્ગન્ધ ન હોય, આવશ્યક ઉષ્મા હોય, સ્વચ્છ વાતાવરણ હોય તેવીજ જગ્યાએ સુવું. પહેલી રાતની ઉંઘ ગાઢ હોય છે, એટલે વહેલા સુવું. પરોઢની ઉંઘ શ્વાનનિદ્રા હોય છે, એટલે વહેલા ઉઠવું. એ વગેરે નિદ્રાની કરકસરનાં રહસ્યો હોય છે.

ઉંઘ એ જાગ્રતિનો ભેરૂ છે. તેનું રહસ્ય જે પિછાને છે, તે જાગ્રતિને વધુ ચૈતન્ય, વધુ પ્રવૃત્તિમય કરી શકે છે. નાના આયુષ્યમાં પણ ભરપુર શક્તિનું તેજ ઝગમગાવવું હોય તેણે નિદ્રાની કરકસર અને તેનાં રહસ્યો સમજવાં જોઈએ.

---

હે પરમ યોગીશ્વર ! અનેક જન્મોના વસમા વિયોગ પછી, લાધ્યો છે જે અનન્ય જોગ તારા દર્શનનો, તેને ય શું મારે ઘડીભરના રંગરાગ માટે વટાવી ખાવો ?

ઇન્દ્રિયોની સોબતમાં આજ સુધી ઘણો ય ખરાબ થયો, હવે વધુ ખરાબ થવાનો મારે મોખ નથી. આજ સુધી મને હે પ્રભુ ! તારા દર્શનથી વંચિત રાખનાર તે ઇન્દ્રિયોને હવે તારા સિવાય અન્ય કોઇની ય સેવામાં રોકવામાં હું ભારોભાર જોખમ નિહાળું છું.

તને ઓળખ્યા પછી હે નાથ ! હું તારા મારા સંબંધની આડે આવતા બંધનોમાં નહિ જ બંધાઉં. તારા દર્શનથી દૂર રાખનારા સંબંધની દિવાલ હું મારા આંગણામાં કદી કોઇને ય નહિ ચણવા દઉં. સંબંધી તેને જ લેખીશ કે, જે મારા–તારા સંબંધને વધુ ગાઢ બનાવવામાં સદા સહાયક થશે.

તારૂં દર્શન થયા પછી, હે સર્વદર્શી વિભુ ! મારૂં દર્શન ઓગળી ગયું છે.

હે સર્વજ્ઞ વીતરાગ ! આજ સુધી મેં ઘણી ય ભૂલથાપ ખાધી છે તને ઓળખવામાં. તારા દર્શનમાં ય કરતો રહ્યો છું દર્શન મારૂં જ. સત્તા, લક્ષ્મી અને કીર્તિના કુબડા કોઠ મને નડતા રહ્યા છે નવ દર્શનમાં. વૃથા ગૂમાવ્યો છે જીવનનો અમૂલ્ય કાળ મેં આ રીતે.

—પણ હવે નહિ છેતરાઉં કોઈથી.

—કારણ કે આજે જ જાણ્યું કે 'તારૂં દર્શન મળે એટલે બધું જ મળ્યું, અને તારૂં દર્શન જાય એટલે બધું જ ગયું.'

હે સર્વકલ્યાણકર પ્રભુ ! ભવોભવને વિષે મળતું રહે તારૂં દર્શન, એજ છે મારી પ્રીતિ–યાચના.

# ....તું વ હ્યે જા.... —શ્રી વજ્રપાણિ

જીવન ઝરણ ! તું વહ્યે જા. રાત દિ' વહ્યે જા. તુચ્છતાના અફાટ રણમાંથી વહ્યે જા, દોષ-દર્શિતાના વિરાટકાય પર્વતો ઉપર વહ્યે જા. ઈર્ષ્યાના સર્વભક્ષી હુતાશને વહ્યે જા. તૃષ્ણાની અગાધ ખીણમાં ય વહ્યે જા.

અરે ! લલિત જીવન-ઝરણ ! વહ્યે જવામાં તો વિશાળ સિદ્ધિઓ સમાયેલી છે, અમિત આનંદ છુપાયેલા છે. અનિર્વચનીય થનગનાટનું નૃત્ય ત્યાં કલ્લોલ કરે છે.

ઓ બાળ ઝરણ ! તું બાળ સમજીને ગભરાઈશ ના, મોટા મોટા વિઘ્નોનાં ખડકો આવશે પણ તું વહ્યે જ જજે, એ દુર્ભેદ્ય ખડકો પણ ખોરવાઈ જશે.

ઈર્ષ્યાના તણખા તને ચાંપી દેવા આવશે પણ જરાય ગભરાટ વિના તારી શિતળતામાં એમને સમાવી લેજે એ બધાય આંખના એક પલકારામાં અંતર્હિત થઈ જશે. કષાયોના લાવારસ તારી સામે ભભૂકી ઉઠશે, પણ અંતે તો એ ય તારી હિમશી શૈત્ય-કાયામાં પ્રશાન્ત થઈ જશે, દોષદર્શિતાની સુરંગો તને ઉછાળીને પદભ્રષ્ટ કરવાનો યત્ન કરશે પણ ઓ સુકુમાર-ઝરણ ! એ દોષદર્શિતાની શાન્તિ માટે ભલે જરા ઉછળી લેજે, ફરી તું તારા પદને જ મેળવીશ અને તારી ગતિ વધુ વેગીલી બતાવીશ.

અરે ! ઓ મનોરમ ઝરણ ! તું વહ્યે જ જા. તારા વહેણ, તારા કલ્લોલ, અરે તારૂં એ અનુપમ નૃત્ય આ વિશ્વની દોષ-દાઝતી ચક્ષુને અપૂર્વ શાન્તિ આપશે. વિશ્વના વિવિધ પ્રાણીઓના મેલને ન નીરખીશ. એ મલીનતાને જોઈ તું ઉદાસીન ન બનીશ એ મેલ તને ત્યાં ન ગમતો હોય તો જા, ત્યાં જ વહી જા, એ ભૂમિ ઉપર. અને એ બધાય મેલને તારી બાળ-કાયામાં પ્રૌઢ ઉદારતાથી સમાવી લે. સહુને નિર્મળ બનાવતું જા. તારાથી કોઈ મનુજના મન ડહોળતા કષાયોના મળો શમશે, કોઈ અજ્ઞાનીની વિષય-લોલુપતાની સળગતી ભઠ્ઠી તારા ઝરણ-ચરણના શરણ માત્રથી શમી જશે, અને કોઈ માનવ-પંખી તો તુચ્છવૃત્તિની પોતાની ધૂળને તારા ઝરણાથી ધોઈ નાંખી કલ્લોલ કરતું વિરાટ વિશ્વની સહેલગાહે ઉડી જશે.

જીવન સ્વરૂપ ઓ કમનીય ઝરણ ! બસ વહ્યે જ જા ! ને વહેવાનું લાધ્યું છે તો હવે ચિરકાળ વહ્યે જ જા ! ને વહેતાં જળ તો નિર્મળ બન્યાં, અનેકના મેલને ભરી ભરી ઉદારતાથી પોતામાં સમાવ્યાં, તો ય એ મળ તો ઉલેચાયાં. ઓ જીવન-ઝરણ ! તું ય આ તારી નિર્મળતાથી કેઈના મેલ તારામાં સમાવીને, ઉલેચીને નિર્મલતર ન બને ? ઝરણ ! બસ તું વહ્યે જ જા. હું તો ઈચ્છું છું સદા કાળ વહ્યે જા. જગજ્જંતુના વિમલીકરણના પરમ પુનિત પરમાર્થ કાજે વહ્યે જ જા. વહ્યે જવામાં તો જીવનના સર્વ રસો સમાયેલા છે, તે તું ન જાણે શું ?

અને ઓ બાલ ઝરણ ? તું વહ્યે જાય તેમ બીજા જીવન-ઝરણાંને ય વહેવા જ દે, તારે એમની સાથે નટખટ કરવાની કશી ય જરુર નથી. એ વહેણોની કોઈ એકાદ અવળી ચાલને નીરખી ઉછળી પડવાની યે જરુર નથી. એમને પણ વહેવા જ દે. ખામોશ ! દરેક જીવન-ઝરણાને વહેવાનો અધિકાર છે. ભલે ને દોષોનાં ગાડાં પોતાની નાનીશી કાયામાં ભરી ભરીને વહે. તારો ય વહેવા માત્રનો જ અધિકાર છે, એટલે બીજા ઝરણાંને શોષી નાંખવાની, એ ઝરણને દોષ-ગ્રસ્ત કહી દેવાની તારા અધિકાર બહારની પ્રવૃત્તિ તું કરી શકે જ

નહિ સહુને વહેવા જ દે. વહેતા જળ આજે ભલે મલિન દેખાતા હોય પણ તેને વહેવા જ દઈશ તો કાલે જરુર તે નિર્મળ બનશે. પણ કચવાટ કરીને એ જીવન ઝરણાંની પ્રગતિને તોડી ના પાડીશ તને, કોઈ ઝરણાંની પ્રગતિમાં વિકૃતિની ઝાંખી દેખાતાં દુઃખ થાય, તને આઘાત પણ પહોંચે, પણ તું કોઇ જ પગલું તેની સામે ન ભરીશ. તારી એ પ્રતિકાર કરવાની ભાવનામાં તારા જ નિર્મળ સ્વરૂપમાં મલિનતાના એંધાણ થાય છે, જ્યારે એને એના માર્ગે વહ્યેજ જવા દેવામાં ઉદારતા સહિષ્ણુતા અને ફલતઃ ગંભીરતાના ત્રિવેણી સંગમ થાય છે. એ હકીકત મનોમન સ્થિર કરજે. એટલે ઝરણુ તું સમજી શકે છે કે વહેતાં ઝરણાંને વહેવા જ દેવા જોઇએ.

જીવન ઝરણુ ! વધુ તો તને શું કહું ? વહેવામાં અને વહેતાં ઝરણાંને વહેતાં જ રહેવા દેવામાં તો અનુપમ શાંતિ લાધશે. ઘણી માનસિક તુમુલ મચાવતી વૃત્તિઓ આપોઆપ અટકી જશે. બસ, નિર્દોષભાવે થનગનતા ઓ જીવન–ઝરણુ ! તું વહ્યે જા અને સહુને વહેવા દે.

હા, તારા માર્ગમાં એ ઝરણાં આવે તો જરૂર તુ તેમાં સમાઇ જજે. તમે બધાય એક થઈ જજો. એવા ઐકયમાં તો આનંદની ગંગાના દર્શન થાય. અને મહાન શાંતિ–સમુદ્રમાં સદાને માટે મળી જશો.

ઓ ઝરણુ ! કેવું મધુરૂં એ મિલન ! કેવો અનુપમ એ કલરવ ! તો પછી વહેતું જ રહેને ! વહેતા ઝરણાં સાથે મીલતું-ઝુલતું જ રહે ને ! પારસ્પરિક મલિનતાના સંક્રમણ થતાં એકવાર આખો કચરો ઉલેચાતાં પોતાની કાયામાં વધુ તેજનાં પ્રગટીકરણ થશે. એ તેજ કેઇ ઝરણાંને આંજી દેશે. એ આકર્ષણ તારા જેવા અનેક ભાંડુઓને ખેંચી લાવશે. તારા ઝરણાંમાંથી વાત્સલ્યની છોળો ઊછળશે. અનેક બાળ–ઝરણો તારી વિશાળ ગોદમાં છુપાઇ જશે. પણ તું સદા વહેતું જ રહેજે. હા ! અને સાથે સહુને વહેવા પણ દેજે.

અને એક છેલ્લી વાત, તારા કાનમાં કહી દઉં. ઝરણુ ! તારામાં વિમલતાનો અમૂલ ગુણ રહેલો છે. એને તું બરોબર જાળવી રાખજે. તારી પ્રૌઢતા તારી ગુણાઢ્યતાને ખોવડાવે નહિ એની ખૂબ કાળજી લેજે. તને તારા જીવનમાં કયારેક આવેશ આવશે. જગતનાં પ્રાણી–ઝરણાંના દોષો તારામાં સદાને માટે વાસ કરી દેવા એકાએક અવ્યક્ત રીતે પેસી જશે તે વખતે તું જરા ય ડગીશ ના. એ દોષોને ઊલેચી નાંખવાનું એક–અનન્ય કાર્ય જારી રાખજે. જરા ય ન થાકીશ. જીવનનો શ્રમ જ આનંદના રસનું પાન કરાવી શકે છે. દોષોને ઉલેચવામાં તો મહાન આનંદ રહેલો છે.

જો આમ નહિ થાય તો ઓ સ્નેહધન ઝરણુ ! તું સદોષ બની જઈશ. અનેક વિશેષતાને ગુમાવીને તુચ્છ વાસનાથી વાસિત બનીશ. સદોષ જીવન—જે તને જ અપ્રિય હતું તે જ જીવનમય તું બનીશ. માટે કદી ય આ વિશ્વના પ્રાણી–ઝરણાનાં દોષો દેખી દાઝીશ ના. બહુ જ શાંતિથી તારા કાર્યને વળગી રહેજે.

ઝરણુ ! મારા નાનાશા આ ટહૂકારને તું વધાવી ના લે શું ?

★

**સાધનાની પગદંડીએ**

પોસ્ટેજ સહિત મૂલ્ય– ૦–૧૧–૦

**સોમચંદ ડી. શાહ પાલીતાણા**

## પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય કર્તવ્ય

# સામાયિકની ક્રિયા

## પૂ૦ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

[ લેખાંક ૬ઠ્ઠો ]

ભગવઈ અંગે ભાખીયો, સામાયિક અર્થ,
સામાયિક પણ આતમા ધારો સુધો અર્થ.

(ઉ. શ્રી યશો વિ. મ.)

**અર્થ:**–શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે સામાયિકનો અર્થ અને સામાયિક એ ખરેખર આત્મા જ છે, આ શુદ્ધ અર્થ તમે ધારણ કરો.

નિશ્ચય દૃષ્ટિથી આત્મા એ જ સામાયિક છે, એટલે સામાયિકની ક્રિયા આત્મતત્ત્વને પ્રગટાવનારી છે, આત્મતત્ત્વનો અનુભવ કરાવનારી છે. સામાયિકના ઉચ્ચારની સાથે સામાયિક ઉપર વિચાર કરવામાં આવે અને ઉચ્ચાર અને વિચાર મુજબ આચાર ઘડવામાં આવે તો આત્મતત્ત્વ પ્રગટ થયા સિવાય રહે નહિ. આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાનું ટુંકામાં ટુંકું સાધન સામાયિકની ક્રિયા છે.

જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણ એકત્ર મળીને મોક્ષનો માર્ગ બને છે; તે ત્રણ જ્યારે સમ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, ત્યારે તેને સામાયિક કહેવાય છે, જેવો ઉચ્ચાર, તેવો જ વિચાર અને જેવો વિચાર તેવોજ આચાર જ્યારે સામાયિકનો–સમતાભાવનો થાય છે, ત્યારે જ્ઞાન–દર્શન–ચારિત્રની એકતા પ્રાપ્ત થાય છે. સમભાવ સક્રિય બને છે. સર્વ જીવો અને તેની અવસ્થાઓ પ્રત્યે સામ્યભાવ–મધુરભાવ, સર્વ પુદ્ગલો અને તેના પર્યાયોમાં સમભાવ–માધ્યસ્થભાવ, અને સર્વગુણો અને તેના મોક્ષસાધક સામર્થ્યમાં સમ્યગ્ ભાવ–આદરભાવ એ સામાયિકનું લક્ષણ છે. એ લક્ષણમાં સામાયિકના સર્વ અર્થોનો સંગ્રહ થઈ જાય છે.

આત્માનો સંપૂર્ણ વિકાસ કરવા માટે મુખ્ય બે સાધનો છે. જ્ઞાન અને ક્રિયા. ક્રિયા વિનાનું જ્ઞાન કે જ્ઞાન વિનાની ક્રિયા મોક્ષસાધક બની શકતાં નથી. દરેક ધર્મને બે અંગ હોય છે, એક દર્શનશાસ્ત્ર PhilosoPhy અને બીજું આચારશાસ્ત્ર Ethics. આચારશાસ્ત્ર પ્રયોગાત્મક Experimental છે. આચારશાસ્ત્રે બતાવેલા પ્રત્યેક પ્રયોગને 'અનુષ્ઠાન' કહેવામાં આવે છે.

દરેક અનુષ્ઠાનની પાછળ તેનું સાધ્ય, તેનાં સાધન, તેનાં વિઘ્નો, તેની સિદ્ધિ અને તેનું બીજાઓને પ્રદાન હોય છે.

જે અનુષ્ઠાન કરવું હોય તેમાં મુખ્ય સાધ્ય શું છે? તે સાધ્ય Aim, gool પ્રથમ નક્કી કરવો જોઈએ. આપણે જે મેળવવું છે તે નક્કી થયા વિના આપણી પ્રવૃત્તિ બળવતી થતી નથી. આપણા ઉદ્દેશ અને સાધ્યમાં આપણી જેટલી પ્રીતિ–ભક્તિ તેટલી બળવતી પ્રવૃત્તિ સાધ્યને માટે થઇ શકે છે, તેથી અધિક થઇ શકતી નથી. જે માણસનો આદર્શ પૈસા છે, તે માણસ પોતાનો દેશ, ઘરબાર, સગાંવહાલાં, મિત્રો અને કુટુંબને મૂકી યુરોપ આફ્રીકા નથી જતા? જાય છે. કારણ કે તેનો આદર્શ પૈસો છે. એ વાત ખરી કે કેટલાએક આદર્શને ન પણ પહોંચે તથાપિ તેમના પુરૂષાર્થ અને પુણ્ય મુજબ થોડો ઘણો લાભ થાય જ. તે જ પ્રમાણે શાસ્ત્રમાં જે વિધાન કહ્યું હોય, તેને બરાબર સમજી, તેની ઉપર પ્રીતિ–ભક્તિ કેળવી, બળવીર્ય ગોપવ્યા વિના પ્રવૃત્તિ કરવામાં આવે તો સાધ્યના કેટલાક અંશોને પ્રાપ્ત કરતાં કરતાં એક કાળે પરિપૂર્ણ આદર્શને પહોંચી શકાય. એ રીતે પ્રથમ આદર્શને નક્કી કરી સામાયિકની પ્રવૃત્તિમાં પ્રવેશ કરવો જોઇએ.

આ ચાર ગતિરૂપ સંસારનું, આઠ પ્રકારના કર્મનાં બંધનનું, અનંત પ્રકારના દુઃખના ડુંગરનું, અજ્ઞાનઅંધકારનું અને ભયંકર ભવાટવીના પરિભ્રમણનું પ્રથમ કારણ કોઇ હોય તો તે મિથ્યાત્વ છે. તેને કેટલાક માર, સેતાન, માયા, મોહ, પાપ, Devil, sln કહે છે, સમભાવની પ્રાપ્તિમાં એજ મોટામાં મોટું વિઘ્ન છે. જેમ જેમ સાધક એના ઉપર વિજય મેળવતો જાય છે, તેમ તેમ આત્મિક ગુણો પ્રગટતા જાય છે, એ વાત પ્રસિદ્ધ છે કે બળ

કરતાં ફળ વાપરવાથી વિઘ્નો જલ્દી જીતાય છે. સામાયિકની ક્રિયાનો અર્થ અને પછી તેનો ભાવ જેમ જેમ પ્રાપ્ત કરતાં જવાય છે, તેમ તેમ વિઘ્નો સહેજે દૂર થઇ જાય છે. એ દૂર થતાંની સાથે જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સિદ્ધિ પ્રાપ્ત થઇ તેની સાથે સાધકના આત્મામાં જે સામર્થ્યો પોતાને પ્રગટ થયાં છે, તે જગતના અન્ય જીવોને પણ પ્રાપ્ત થાય, એવી ભાવદયા પ્રગટે છે. આ રીતે સાધ્ય નક્કી કરી, પ્રવૃત્તિને અમલમાં મૂકી, વચ્ચે આવતા વિઘ્નોનો વિજય કરી, સિદ્ધિ પ્રાપ્ત કરી, તેનો અન્યના કલ્યાણ માટે વિનિયોગ કરવો, એ ધાર્મિક અનુષ્ઠાનોની વૈજ્ઞાનિક પદ્ધતિ Scientific process-method છે.

જે ક્રિયા કે ધાર્મિક અનુષ્ઠાન કરવામાં આવે તેનું ફળ આત્મવિકાસ સિવાય બીજું કાંઇપણ ઇચ્છવું ન જોઇએ. માનસિક વિઘ્નો ચાર પ્રકારના ગણાવ્યાં છે. અવિધિ, અતિપ્રવૃત્તિ, (ન્યૂનપ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ,) દગ્ધ (એટલે આત્મ-વિકાસ સિવાયના ફળની વાંછના) અને શૂન્ય [એટલે ઉપયોગ વિનાજ ક્રિયા કરવી તે] એ ચારે દોષ ટાળવા જોઇએ.

સામાયિકની પ્રવૃત્તિમાં મંગલને માટે પ્રથમ શ્રી નવકાર મંત્ર ગણવામાં આવે છે. તેમાં શ્રી પંચપરમેષ્ઠિને નમન છે. નમન કરવાનો હેતુ નમનીયમાં જેવા ગુણો પ્રગટ છે, તેવા ગુણો પોતાના આત્મામાં પ્રગટે. ભાવ સહિત વિધિ યુક્ત નમન વડે પોતામાં રહેલ અપ્રગટ ગુણો પ્રગટ થાય છે. બહારથી દેખાવમાં એમ લાગે છે કે એક આત્મા બીજા આત્માને નમે છે, પરન્તુ વાસ્તવિક હકીકતમાં તેમ નથી. તત્ત્વદૃષ્ટિએ નમન કરનાર પોતાનામાં રહેલા અપ્રગટ ગુણોને પ્રગટાવવા, એ ગુણો જેને પ્રગટ થયેલા છે, તેવા આત્માને નમન કરતો હોય છે.

પંચ પરમેષ્ઠિ એટલે ઉત્કૃષ્ટપદે-ઉત્કૃષ્ટસ્થાને બીરાજમાન. તેમને નમન કરતાં આપણો આત્મા તેઓના જેવા જ ગુણોને પ્રગટ કરી આત્મવિકાસની ટોચે પહોંચવાની ભાવના રાખે છે. નવકાર મંત્રના પાઠથી, ઉચ્ચારણથી અને ભાવનાથી સર્વ દુઃખોની નિવૃત્તિ અને સર્વ પ્રકારનાં સુખોની પ્રાપ્તિ થાય છે. છેવટે પરમ અવ્યાબાધ અનંત આનંદ મળે છે. વ્યંજન [શુદ્ધ ઉચ્ચાર,] અર્થ (શુદ્ધ વિચાર) અને તદુભય, ઉચ્ચાર અને વિચારથી ઉત્પન્ન થતો શુદ્ધ ભાવ, એ ત્રણે પ્રકારની વિધિવડે નવકારમંત્રને ગણવામાં આવે તો સકલ પાપનો-સકલ દુઃખનો નાશ થાય છે, સર્વ પ્રકારનાં મંગલો, પુણ્યો, સુખો Supreme feliaty, highest happiness, માનવ જીવનનું સર્વોચ્ચ સાધ્ય Summum Bonum પ્રાપ્ત થાય છે. નવકારના યથાર્થ સેવનથી, પંચપરમેષ્ઠિ એટલે જાતિથી પાંચ અને વ્યક્તિથી અનંત મહાન આત્માઓ-આદર્શ આત્માઓનું સ્મરણ, વંદન, નમન, ચિંતન, ધ્યાન થાય છે અને તેથી સાધકને મહાનમાં મહાન આનંદ, આત્મરાજ્યની પ્રાપ્તિ થાય છે.

શરીરને 'હું' માનનાર પરમાત્માનું યથાર્થ સ્મરણ કરી શકે નહિ, પરંતુ શરીરમાં રહેનારો અમર આત્મા, અંતર આત્મા, પરમાત્માનું સ્મરણ કરી શકે. સાધક અલ્પજ્ઞ છે, સાધ્ય સર્વજ્ઞ છે, જ્ઞાન ઉભયમાં છે. એક પાસે એક પૈસો છે. બીજાની પાસે કરોડ રૂપિયા છે. બંને પૈસાવાળા છે, સાધક અંતરાત્મા છે, સાધ્ય પરમાત્મા છે. બંને જ્ઞાનવાન, ગુણવાન છે, તફાવત ગુણનો નથી કિન્તુ ગુણોના વિસ્તાર Extension exponsion નો છે. આમ સાધક સાધ્યનો સંબંધ સમજી નવકાર મંત્રમાં ઉચ્ચાર, વિચાર અને ભાવ વડે પ્રવેશ કરવો જોઇએ. નવકારના પદનો ઉચ્ચાર હોય, અર્થનો વિચાર પણ હોય, છતાં ઘણીવાર ભાવ સુધી પહોંચાતું નથી. શબ્દ એ ચકમક છે. અર્થ એ ફલક છે. ચકમક ફલક સાથે અથડાય છે, ત્યારે તણખા ઝરે છે. તણખારૂપે પ્રકાશ બહાર આપે છે. તેમ વ્યંજન-શુદ્ધ શબ્દ, શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ, અર્થ, શુદ્ધ-અર્થ, અર્થનો સ્પષ્ટ વિચાર અને તદુભય, એ બંને ભેગા થવાથી, ઉચ્ચારણ અને વિચારણા એકત્ર મળવાથી ભાવરૂપ પ્રકાશ પ્રગટે છે. સાધકને ખબર પડતી જાય છે કે જે પરમાત્માનું હું સ્મરણ કરી રહ્યો છું, તેના પ્રગટ ગુણો જેવાજ મારામાં અપ્રગટ ગુણો છે અને તેને હું સતત સ્મરણ, સેવન, આરાધન વડે શનૈઃ શનૈઃ પ્રગટ કરતો જાઉં છું.

આ પ્રમાણે પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કર્યા પછી તેમાં રહેલાં ત્રીજા **'नमो आयरियाणं।'** પદની સ્થાપના કરી પંચિંદિય નામનું સૂત્ર કહેવામાં આવે છે. તેમાં ભાવ-આચાર્યના ૩૬ ગુણોનું વર્ણન છે. તે દ્વારા પણ નમન કરનારામાં રહેલા અપ્રગટ ૩૬ ગુણોને પ્રગટ કરવાનો હેતુ છે. ગુરુની ગેરહાજરીમાં પંચિંદિય બોલી, ગુરુની સ્થાપના કરી, ગુરુને વંદન કરતાં **'मत्थएण वंदामि'** કહેવાય છે. આ ઉપવાકય Phrase નો હેતુ એ છે કે આખા શરીરમાં મસ્તક એ ઉત્તમ અંગ છે. જેણે મસ્તક નમાવ્યું તેણે સર્વ નમાવ્યું નમન કરનારે આત્મસમર્પણ કર્યું. સાથે કબુલ્યું કે-

મારી સર્વ ધર્મક્રિયા એ આપની આજ્ઞા પ્રમાણે કરીશ, વળી તેમાં કહેવાય છે કે **'जावणिज्जाए निसीहियाए'** સર્વ બાહ્ય વ્યવહારો, પાપ વ્યાપારોને છોડીને શક્તિ ગોપવ્યા વિના વંદન કરૂં છું. વળી કહે છે કે-હે ક્ષમાશ્રમણ! હું આપને વંદન કરવા ઈચ્છું છું. આપ ક્ષમાશ્રમણ છો. ક્ષમા એ જ આપનો મુખ્ય વ્યાપાર છે. હું આપને વંદન કરી મારામાં ક્ષમા ગુણનો વિકાસ કરવા ઇચ્છું છું. જૈન શાસ્ત્ર કહે છે કે-આત્માને ગુણની પ્રાપ્તિ અશકય નથી, તે પ્રાપ્ત કરવામાં પંચ પરમેષ્ઠિ એ પુષ્ટ આલંબન-નિમિત્ત છે. આત્મા એ ઉપાદાન છે. ઉત્તમ નિમિત્તો મેળવી આત્મબળથી-પ્રયત્નથી આત્મા-રૂપી ઉપાદાન ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

સામાયિક લેવા કાઉસ્સગ્ગ કરવામાં આવે છે. અને તે પૂર્વે ઇરિયાવહીનો પાઠ કહેવામાં આવે છે. કાયોત્સર્ગ એટલે કાયાના ભાવને, દેહાધ્યાસને, કર્મભાવને તોડી આત્મભાવમાં આવી, પરમાત્મભાવમાં એકતા કરવી.

ઈરિયાવહીમાં સર્વ જીવરાશિની સાથે ક્ષમાપના કરાય છે. દશ પ્રકારની વિરાધના કરતાં જે પાપ થયું હોય તેની શુદ્ધિ કાયોત્સર્ગ રૂપ શુભધ્યાન વડે થાય છે. કહ્યું છે કે, **'पावाणं कम्माण निग्घायणट्ठाए ठामि काउस्सग्गं।'** પાપકર્મની નિર્ઘાતનાને અર્થે દેહભાવ છોડી આત્મભાવમાં રહી, મારા આત્માને પરમાત્મભાવમાં સ્થાપું છું.

કાયોત્સર્ગ કરતી વખતે આત્મા કાયાનું ભાન છોડી દઈને અંતરાત્મભાવમાં પ્રવેશે છે, અને ત્યાં રહીને પરમાત્માનું સ્મરણ કરે છે, ત્યારે અંતરાત્મભાવને પણ ભૂલીને પરમાત્મભાવમાં તલ્લીન થાય છે. એ તલ્લીનતાથી આત્મપ્રદેશોમાં વ્યાપેલા અશુભ કર્મોની નિર્ઘાતના થાય છે.

જૈનદર્શન પુર્ણ ComPlete એટલા માટે છે કે તેમાં કલ્પનાને સ્થાન નથી. કિન્તુ આત્મ-સંશોધન અને આત્માવલંબન વડે આત્માને પરમાત્મા બનાવવાની પ્રક્રિયા છે, દેહભાવ છોડવાથી વિદેહભાવ-અંતરાત્મભાવ પ્રગટે છે. તેમાંથી પણ છુટીને, કર્મભાવ દૂર કરીને શુદ્ધાત્મભાવમાં રહેતા શીખીએ, તો મહાવિદેહ-કેવળજ્ઞાન અને મુક્તિને યોગ્ય થઇએ છીએ. આત્માના એકેક પ્રદેશમાં અનંત બળ છે. ખરો પર્વત તે છે કે ગમે તેવી વિજળી પડે તો પણ તેમાં ફાટ પડે નહિ, ગમે તેવો વરસાદ વરસે તો પણ એકે કાંકરી ખરે નહિ. પરિષહ રૂપી વૃષ્ટિઓ અને ઉપસર્ગ રૂપી વિજળીઓ જેમનો પરાભવ કરી શકે નહિ. તે ખરેખરા મહાપુરૂષો છે. દેહભાવ છુટયા પછી તે સામર્થ્ય મળે છે. આત્મ-સામર્થ્ય આગળ ત્રણે લોકના સ્વર્ગ, મૃત્યુ, પાતાળના બાહ્ય સામર્થ્યો મસ્તક નમાવે છે.

જૈન શાસ્ત્રનો અનેકાન્તવાદ એ સમાધાનવાદ છે. અલ્પ સામર્થ્ય હોય ત્યારે પ્રશસ્ત આલંબન લેવું, સામર્થ્ય વધે ત્યારે સ્વાવલંબી બનવું. મુમુક્ષુએ ક્રમથી ચડવું જોઈએ. પ્રથમ પાપને પુણ્ય વડે દૂર કરી પછી પુણ્યના ફળમાં અનાસક્ત રહી, શુદ્ધ આત્મ-સ્વરૂપ તરફ પ્રયાણ કરવું જોઇએ. પુણ્ય કર્મ અને પાપકર્મ બંને ભીન્નની જાતિના છે. પાપ લુંટારાની જાતિનું છે. અને પુણ્ય વળાવાની જાતિનું છે. જેટલો તફાવત લુંટારા અને વળાવામાં છે, તેટલોજ પાપ અને પુણ્યમાં છે. પાપ આત્મા ગુણને લુંટે છે. પુણ્ય તે લુંટારાથી બચાવે છે, અને વળાવા રૂપ થઈ મોક્ષ-મંદિરનાં દ્વાર સુધી પહોંચાડે છે.

કાયોત્સર્ગ પછી મુહપત્તિ પડિલેહણા છે. તેમાં

પુરૂષે ૫૦ પ્રકારની અને સ્ત્રીએ ૪૦ પ્રકારની ભાવના કરવાની હોય છે, તે ભાવના ૩૫ નિષેધાત્મક Negative અને ૧૫ વિધાયક Positive પ્રકારની છે.

ત્યારબાદ સામાયિકની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. હે ભગવન્! આપનું ઉપદેશેલું સામાયિક હું કરીશ. આપની આજ્ઞા એજ મારો ધર્મ છે. પ્રામાણિક સેવક તે કહેવાય કે જે સેવ્ય, શેઠ કે Master ને આજ્ઞા કરતાં થકવે પણ પોતે આજ્ઞા પાળતાં થાકે નહિ.

'કરેમિ ભંતે' માં જે પ્રતિજ્ઞા લેવામાં આવે છે. તેમાં પૂર્વાભ્યાસને લઇને દેહાધ્યાસ અને મોહાધ્યાસને લઇને જે ભૂલો થઇ જાય તેને 'पडिक्कमामि, निंदामि, गरिहामि अप्पाणं वोसिरामि। હું આત્મ-સાક્ષીએ નિંદું છું, ગુરુસાક્ષીએ ગહું છું, અને પૂર્વના અશુદ્ધ આત્માને વોસિરાવું છું. આવી ભૂલો ફરી હું કરીશ નહિ, એમ કહીને હું મારા શુદ્ધ સ્વભાવમાં પાછો ફરૂં છું. આમ કરતાં કરતાં જ્યારે એક પણ દોષ ન થાય તેવું સામાયિક થાય, ત્યારે સામાયિકની સિદ્ધિ થઈ સમજવી.

દેહભાવે ક્રિયા કરે તે નિઃસરણીએ Ladder ચડે છે. આત્મભાવે કરે તે પ્રકાશ-Light ની ઝડપે પોતાના સાધ્ય સ્થાને પહોંચે છે.

જે સાધનો સાધ્યની સાથે આત્માને જોડે તે સાધનોનું નામ યોગ છે. મન, વચન, કાયાને બહાર જતાં રોકી આત્મા ભણી વાળ્યા એટલે યોગી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. દશ પ્રકારની વિરાધના બંધ થતાં જ જીવમાં સમભાવ-આત્મભાવ જાગે છે અને એ જાગે એટલે સર્વ જીવોની રક્ષા-સેવા-આરાધના કરવા માંડે છે, વિરાધના કરી જીવ જ્યારે નરકગતિ સાધતો હતો, ત્યારે આરાધના કરવાની ભાવનાથી તીર્થંકર પદ અને સિદ્ધપદ પામે છે. આત્મદૃષ્ટિ સંસારમાં ઉચ્ચ પદવી અપાવી પરલોકમાં ઉત્તમોત્તમ સ્થિતિએ પહોંચાડે છે. શરીર એ વ્યંજન છે, આત્મા સ્વર છે. અથવા દેહને આત્મા ગણનાર વ્યંજન છે, સકર્મ જીવને આત્મા ગણનાર અન્તસ્વર य् र् ल् व् Semivowels છે, અને તે જ સંપ્રસારણ પામતાં इ उ ऋ लृ જેવાં સ્પષ્ટ સ્વર થાય છે. તેમ કર્મભાવ સદંતર જાય, ત્યારે શુદ્ધ આત્મા પ્રકાશે છે. સામાયિક રૂપી દીપક દેખાડી આપે છે કે આ જીવ એ શરીર નથી, કર્મ નથી, કષાય નથી કિન્તુ શુદ્ધ આત્મા છે. એ દેખાતાં જ રાગદ્વેષ, ભય અને આસક્તિ ચાલ્યાં જાય છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સર્વ આત્માઓ સાથે સમભાવે રહી અનંત આનંદ અનુભવે છે.

જ્યાં સુધી 'મને સામાયિકની પ્રતિજ્ઞા છે, ત્યાં સુધી વિશ્વના તમામ જીવોને હું મારા જીવ સમાન ગણીશ અને એ અધ્યવસાયમાં દૃઢ થવાને માટે મન, વચન, કાયાના યોગથી કોઇ પણ સાવદ્ય વ્યાપારને કરીશ-કરાવીશ કે અનુમોદીશ નહિ, એવો નિયમ જીંદગી સુધી જેમાં અંગીકાર કરવાનો હોય છે, તે જાવજ્જીવની સામાયિકની પ્રતિજ્ઞા છે અને એ પ્રતિજ્ઞાનુસાર જે જીવન જીવવાનું હોય છે, તે સામાયિકમય જીવન છે.

---


ન વું પ્ર કા શ ન

## જિનભક્તિ સુવાસમાળા

જેમાં-

સ્નાત્રપૂજા, નવસ્મરણ, વિવિધ તપોની વિધિ, પચ્ચક્ખાણો, ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સ્તોત્રો, સજ્ઝાયો, છંદો, દુહાઓ, રાસ વગેરેનો અપૂર્વ સંગ્રહ છે. ક્રાઉન સોળ પેજી ૨૬૦ પેજ, બોર્ડપટી સુંદર બાઇન્ડીંગ. છતાં

મૂલ્ય ફક્ત રૂા. ૨-૮-૦

ફક્ત સો કોપીજ વેચવાની બાકી છે.

—: લખો યા મળો :—

**શ્રી લાલબાગ જૈન સ્નાત્ર મંડળ**

લાલબાગ જૈન દહેરાસર

પાંજરાપોળ, મુંબઇ-૪

તા. ક. મંડળ તરફથી દરરોજ સવારે લાલબાગ જૈન દહેરાસરે સંગીત સાથે ઘણાજ ઠાઠથી સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે.

# નંદન વનનાં પુષ્પો

સૂર્યશિશુ

**મા**નવનું કિસ્મત કેવું છે?? બસ. રૂઠે છે ત્યારે આફતોના પહાડો જ વરસાવે છે.

ખુશી થાય છે ત્યારે સુખના ઝરણાંઓ વહાવે છે.... કે; ઠોકર વાગતાં પણ ધન નીકળે છે એટલે દુઃખ પણ સુખરૂપે પરિણમે છે....

આ પ્રકારની એની વિચિત્ર લીલાનો સ્વાનુભાવ તો તેને જ સમભાવે જણાય છે કે જેણે કર્મ અને આત્માની ગતિને પિછાણી હૈયે પચાવી છે.

ભલા મહાનુભાવ! તું ખ્યાલ કર! આ ફાની દુનિયાનો તું કેટલા દિનનો અતિથિ છે? "ચાર દિનની ચાંદની ઔર ફીર અંધેરી રાત...." આ બધું જાણવા છતાં નશ્વર દેહ પ્રતિ શાને મમત્વ રાખે છે!

કોઈ પૂછે તારા શરીરની કિંમત કેટલી? તો સહજ રીતે બોલી જવાશે.... લાખોની.... અરે અમૂલ્ય.... છતાં હે પામર! તને ખબર છે? કે ફૂટી કોડીની.

રસ્તાની ધૂળનો ઉપયોગ પણ કેટલા મહત્ત્વભર્યા કાર્યમાં થાય છે.... જ્યારે તારી કાયાના એક અંગના અણુ પણ કોઈ કાર્યમાં ઉપયોગી બને છે ખરો! અરે અંતે દગો દેનારી છે.... તો એ કાયાનો મોહ શાને રાખે છે?

જે મમત્વબુદ્ધિનો ત્યાગ કરી શકે છે તે જ મમતાના અંશેઅંશ હઠાવી શકે છે.

જ્યાં મમત્વપણાનો અસ્ત થયો ત્યાં તો તે આત્મવિકાસ અને માનવતાને ભરખી જતી સંસારદાવાનલની ભયંકર જ્વાળાને સ્પષ્ટ પણે નિહાળી શકે છે.

ઉંડામાં ઉંડા અને ઘોર અંધકાર ભર્યા કુવામાં પડેલો માનવી મહામુશ્કેલીને અંતે પણ ઉપર આવી શકે છે, જ્યારે અભિમાન અને નિંદારૂપી ગર્તામાં પડેલો બહાદુર અતિશ્રમને અંતે પણ નિરાશા જ પ્રાપ્ત કરે છે.

જે કામ ઉત્સાહથી થાય છે, જે કાર્ય આશાથી થાય છે, વળી જે કાર્ય શ્રદ્ધાથી થાય છે.... તે અને તેવાં જ કાર્ય નિરુત્સાહ, નિરાશા અને નિરાસ્થા સેવે થતાં નથી.

પુષ્પની સાથે સંગ કરવાથી સુગંધ મેળવશો. અને ધૂળની સાથે સંગ કરશો તો મલીનતાને ધારણ કરશો.... તેવી જ રીતે સજ્જનની સોબત પુષ્પવત્ આત્મામાં પરિમલ પ્રસરાવનારી બને છે. જ્યારે ધૂર્ત અને દુર્જનનો સહચાર આત્માના ગુણને આવરે છે.

ચારિત્રરૂપી હવાઈ વિમાનમાં (પ્લેનમાં) બેસી જ્ઞાન અને ક્રિયા રૂપી બે પાંખોથી અને શ્રદ્ધારૂપી તૈલના બળે એ પ્લેનનું આત્મગગનમાં એવું તો ઉડ્ડયન કરાવો કે સમતારૂપ હોકાયંત્રના માર્ગદર્શને નિર્ણીત કરેલ મોક્ષરૂપી એરોડ્રામે જઈનેજ સ્થિત રહે....

કોઈપણ પદાર્થને અવગુણથી નકારી કે તિરસ્કારો નહિં.... કારણ કે સહજ રીતે પ્રત્યેક પદાર્થ ગુણ અને અવગુણથી અંકિત હોય છે.... ગુણાવગુણ તત્ત્વની એંધાણી છે.... જુઓ! કે........; "કાજળ"........ એનો ગુણ એવો છે કે તેનું નેત્રાંજન કરવાથી આંખની મલિનતા દૂર થાય છે, નિર્મળતા વધે છે અને સુંદરતામાં ઓપ આપે છે.... જ્યારે તેને અડવાથી હાથ કાળા થઈ સર્વત્ર કાલિમા કરે છે....

મરણ? એ નામોચ્ચારણ માત્રથી સૌ કોઈનું હૈયું ફફડી ઉઠે છે. જન્મ બાદ મરણ તો રહેલ જ છે. મરણ કરતાં પુનર્જન્મ એ

એ ભય વધુ મોટો છે.... પરંતુ જેણે સ્વહસ્તે પરોપકાર, દાનધર્મ, દયા, આત્મવિકાસ અને સંતોષને ધારણ કર્યા છે.... વિભાવ દશાથી આત્માને સંહર્યો છે, સંસારને ઈંદ્રજાળ સરખી પુદ્‌ગળ લીલા માની છે, આત્માને અજર, અમર, અનંત તત્ત્વમય અને શાશ્વતપણે ઓળખ્યો છે, જન્મ અને મરણ તો જુના કપડાં ઉતારી નવા વસ્ત્ર પરિધાન કરવા સમાન છે એમ જાણી ચિત્તની સમાધિ લાધી આત્મકાર્યમાં રક્ત-થનાર સંતોને જ એ ઉભય આંખના નિમિષ-માત્ર લાગે છે....

ઉદ્યમ અને સંકલ્પબળ એ સફળતાની ચાવીઓ છે.... જો મન દઢ અને સાબૂત તો તેના ઉદ્યમથી અતિદુષ્કર એવું કાર્ય પણ નિઃશંક સફલીભૂત બને છે.

ઘૂવડ દિવસે દેખી શકતો નથી, રતાંધળા તેમજ અન્ય પક્ષી રાત્રિએ દેખી શકતા નથી.... પરંતુ કાયમી અંધ બનેલ કામાંધ તો રાત તેમજ દિવસ તો શું પણ સારાસારને પણ ઓળખી શકતો નથી....

વાસ્તવિક રીતે જન્માંધ સારો કે તે અનુમાને પણ આગળ પ્રયાણ કરી શકે છે.

શ્રાવકપણાની ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટમાં કરણીની પ્રવૃત્તિથી પણ જે ફળ ન નીપજાવી શકાય તે ફળ એક દિવસના કેવળ સંયમના વેશથી જ મેળવી શકાય છે.... તો પછી ભાવ સહિત સંયમ મુક્તિમિનારાએ એક જ ભવમાં પહોંચાડવા સમર્થ હોય એમાં શું આશ્ચર્ય ! ! !

પાણીથી સીંચાયેલ કાષ્ઠ ચાહે તેટલું ભારે હોવા છતાં નીર ભાર વહીને પણ તેને તારવા સમર્થ છે. એ વિચારે છે કે મારાથી ઉદ્ધરિત થયેલ કેમ મારાથી ડૂબે ! ! ! તેવી રીતે ધર્મની શ્રધ્ધાના નિર્મળ પાણીથી સીંચાયેલ આત્મા કુકર્મવશાત્ ભયંકર ભવાર્ણવના મહાપ્રયાણમાં માટીથી લેપાયેલ તૂંબડાવતૂ ભલે તળીયે પહોંચી જાય પરંતુ એ જ નીર લેપ દૂર કરી તેને તરવાની જગ્યા આપે છે.... અગર ધર્મ જ તેને છેવટે તારે છે.

જેવી રીતે જળ ચપટીમાં પકડી શકાય નહિં તેમ જ તે નિઃસત્ય જણાય છે. પરંતુ જ્યારે મેઘવૃષ્ટિદ્વારા તેનું જોર વધે છે ત્યારે મોટા પહાડો, ખડકો અને શહેરોને પણ ક્ષણવારમાં છિન્નભિન્ન કરી નાંખે છે.

તેવી જ રીતે આત્મા ભલે અગોચર ઈંદ્રિય થકી હોય.... બાહ્ય સાધનોદ્વારા પરખાય કે ન પરખાય; અને કર્મસત્તાથી દબાઈ ભલે નબળો જણાતો હોય, પરંતુ વીતરાગ ભગવંત કથિત આજ્ઞા મુજબ યથોચિત ધર્માનુષ્ઠાનોના આચરણદ્વારા તેનુ બળ વૃધ્ધિ પામે ત્યારે તે નિકાચિત કર્મસમૂહને તોડી નાંખે છે....

ધન ઘણુંએ ફોતરાં ખરીદી શકે પણ સાચો માલ નહિં. ખોરાક લાવી આપે છતાં ખાવાની રૂચિ નહિં. દવા મળે પણ તંદુરસ્તી નહિં, ઓળખીતા મળવા આવે પણ મિત્રો નહિ, નોકરો જવાબ આપે પણ વફાદારી નહિ.... આનંદવિલાસના સુરમ્ય દિનોની મહેફિલ જમાવી આપે પણ શાંતિ કે સુખ નહિં. એવી લક્ષ્મીનો ઉપભોગ કોને સુખકારી હોય ! !....

સંતોષ રૂપી વિશ્વ જેની પાસે સ્થિત છે, તેનું ચિત્ત ચંચળલક્ષ્મીના ઉપભોગ પ્રતિ વિસ્મિત છે.

માણસ અભ્યાસ ચાહે તેટલો કરે પરંતુ તેનું ચિંતન, મંથન કે પરાવર્તન ન કરે ત્યાંસુધી તેની ચિંતનિકા વ્યર્થ અને અધ્યયનકાળ પણ વ્યર્થ.... ચિંતન વિના જ્ઞાન લૂણ વિનાના ભોજન જેવું....

મંથન વિના દધિમાંથી માખણ મળતું નથી.... મંથન વિના મોતી મળતાં નથી.... તેવી જ રીતે ચિતન અને મંથન વિના, અભ્યાસ–જ્ઞાનમાંથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી....

ચિંતન કોઈક સૌંદર્ય તત્ત્વને મેળવે છે. પ્રેરે છે.

# હિંસાની ઘોર ખોદાય છે.

**શ્રી મગનલાલ પી. દોશી**
(માનદમંત્રીઃ ધી ઓલ્ઈ હ્યુમેનીટેરીયન લીગ)

ઘણાં ભાઇઓ એ જાણતા નહીં હોય કે પંચવર્ષીય યોજનામાં માંસનું ઉત્પાદન વધારવા અને ખોરાક તરીકે જનતા તેનો વધારે ઉપયોગ કરે એવા પ્રયત્નો સરકાર અને શાસનના કર્મચારીઓ કરી રહ્યા. છે આને માટે એક માંસ ઉત્પાદન કમીટી સરકાર તરફથી નિમવામાં આવી. કેંદ્ર સરકારના ઉપકૃષિપ્રધાન શ્રી કૃષ્ણપાજીએ લોકસભામાં આ હકીકત રજુ કરી છે. અને તેમણે લોકસભામાં કહ્યું કે કસાઇખાના બનાવવા માટેની વ્યવસ્થા, સંચાલન અને માંસની તપાસ વગેરે માટે વિશાળ કાયદાઓ બનાવવા આ કમીટીએ ભલામણ કરી છે. ઉપરાંત કાયમ માટે માંસ ઉદ્યોગની એક સમિતિ રચવાની ભલામણ કરી છે, કે જેથી માંસ ઉદ્યોગનો સારો વિકાસ કરી શકાય. અમેરિકા તથા યુરોપમાં આનો અભ્યાસ કરવા ભારતમાંથી એક ટુકડી મોકલવી એવી ભલામણ પણ આ કમીટીએ કરી છે.

આ કમીટીએ એ પણ સરકારને ભલામણ કરી છે, કે વિદેશી હુંડીઆમણ કમાવા માટે માંસ તથા પશુઓના અન્ય અવયવોની મોટા પ્રમાણમાં નિકાશ થાય. આવા નિકાશ વેપાર માટે સરકારે સત્વર પગલા લેવા જોઇએ. એવી આ કમીટીએ ખાસ ભલામણ કરી છે. વિશેષમાં કમીટીએ જણાવ્યું છે કે મદ્રાસ, મુંબઈ, દીલ્હી અને કલકત્તામાં કતલખાનાઓ આધુનિક ઢબે બનાવવા અને વાર્ષિક ઉત્પાદન આજે ૪૬ લાખ ટનનું છે તે વધારી ડબલ એટલે ૯૨ લાખ ટન સુધી કરવું. કમિટીની ભલામણો અને કૃષિ ઉપમંત્રીની આવી જાહેરાતથી અહિંસા પ્રધાન ભારત દેશના જીવદયાપ્રેમી એકે એક માનવીને બહુજ દુઃખ થયા વગર નહીં રહે.

ભારતમાંથી મુખ્યત્વે વિદેશ ખાતે ગોમાંસની નિકાશ થાય છે. કારણ કે વિદેશમાં તેની જ માંગ છે. તેનું કારણ એ પણ હોય કે વિદેશમાં ગાયોની કતલ થતી ન હોય, અગર ત્યાં ગાયો બહુ જ ઓછી હોય. ગમે તે હોય પણ ભારતમાંથી વિદેશ ખાતે ગોમાંસ મોટા પ્રમાણમાં નિકાશ થાય છે. ૧૯૫૩ ના કુંભમેળા વખતે શ્રી મુંબઇથી જીવદયા મંડળીના પ્રતિનિધિઓનું એક ડેપ્યુટેશન માનનીય પંડિત નહેરુજીને અલ્હાબાદમાં મળેલ ત્યારે ગોમાંસ નિકાશ બંધ કરવા વિનંતિ કરી હતી, ત્યારે માનનીય શ્રી નહેરૂજીએ ખાત્રી આપી હતી કે ભારતમાંથી પરદેશ જતા ગોમાંસનો વેપાર તુરત બંધ કરવામાં આવશે. આ પ્રમાણે ગોમાંસની નિકાશ તુરત બંધ થઈ, પણ બીજા માંસની નિકાશ બંધ નહીં થવાથી ભેંસના કે બીજા માંસના નામે પણ નિકાસ ચાલુ રહી. થોડા સમય પહેલાં કેન્દ્રના વેપાર ઉદ્યોગમંત્રીએ ગોમાંસના નિકાશની છુટ આપી દીધી. આજે એ વેપારની નિકાશ મોટા પાયા પર ચાલુ છે. અને દર વરસે વધતી જાય છે. સરકારી આંકડા પ્રમાણે ૧૯૪૨-૪૩ માં જે રૂપીઆ પંદર લાખની નિકાશ હતી તે ૧૯૫૬-૫૭ માં વધીને રૂપીઆ સાઠ લાખની થઇ. જે દેશમાં દરેક જનતા ગાયને માતા સમાન માને છે તે દેશમાં ગોમાંસ અને લોહીનો વેપાર થાય, નિકાશ થાય, એ ઘણું શોચનીય છે.

ભારતની સંસ્કૃતિ અહિંસક છે. આપણો પાયો સત્ય અને અહિંસા ઉપર ચણાયો છે. ઘણી જ દુઃખની વાત છે કે સત્ય દિવસે દિવસે દેશમાંથી ઓસરતું જાય છે. અપ્રામાણિકતા દેશમાં એટલી બધી વ્યાપક બની ગઈ છે કે કોઇનો કોઈને વિશ્વાસ આવતો નથી.

માનવીઓ એક બીજા પ્રત્યે શંકાની દૃષ્ટિથી જોયા કરે છે. માનવીને બીજા માનવીથી છેતરાવાનો–લુંટાઈ જવાનો–ફસાઇ જવાનો ભય અને ડર મનમાં લાગ્યા કરે છે. એ જ પ્રમાણે હિંસા પણ દિવસે દિવસે વધતી જાય છે. આપણે દરરોજ અહિંસાની વાતો કરીએ છીએ. આપણને અહિંસક કહેવડાવીએ છીએ પણ ભારતમાં વીશ વરસ પહેલાં પશુઓની કતલ વીશ–પચ્ચીસ લાખ જાનવરોની થતી તે આજે એક કરોડથી પણ વધારે જાનવરોની કતલ થવા લાગી છે. અને માંસ કમીટીની ભલામણ નવી ઢબના કતલખાના બનાવી બમણું ઉત્પાદન કરવાની છે. એટલે કે વરસ દહાડે આશરે બે કરોડ પશુઓની કતલ કરવા કમીટી ભલામણ કરે છે. ભારતમાંથી જીવતા પશુઓની નિકાશ કદાપિ પણ થતી નહીં હતી, આજે વરસ દહાડે દોઢથી બે લાખ બિચારા નિર્દોષ વાંદરાઓને પરદેશ પ્રયોગ માટે અને હુંડીઆમણ કમાવા ખાતર મોકલવામાં આવે છે.

નિકાશના પ્રલોભનથી જેમ વાંદરાઓને પકડનારા અને નિકાશ કરનાઓ ધંધો વધારતા ગયા તેવી રીતે ગોમાંસના નિકાશના પ્રલોભનથી એ ધંધો કરનારાઓનો વેપાર વધારવા ગોવધ પણ વધારતા જશે. અને દેશ માટે ખતરનાક સ્થિતિ ઉભી થશે. પરદેશી હુંડીઆમણ મેળવવા ગાય જેવા ઉપયોગી પ્રાણીના માંસ ચામડા નિકાશ કરવાને ઉત્તેજન આપવું તે ખેતીપ્રધાન ભારત દેશ માટે શરમજનક છે. ભારતની મોટા ભાગની જનતા જ્યારે આ બાબતનો વિરોધ વર્ષો થયાં કરે છે ત્યારે સરકારે આ બાબત ધ્યાનમાં લઇ પ્રજાને સંતોષ આપવો એ ડહાપણભરેલું છે. આવી નિકાશ બંધ કરે એ રાષ્ટ્ર અને પ્રજા સૌને માટે હિતકર છે.

દેશમાં અપ્રામાણિકપણું ખૂબ જ વ્યાપક બન્યું છે. અને હજુ વધતું જાય છે. એટલે સત્ય પણ જતું જાય છે. એ જ પ્રમાણે અહિંસાનું પણ અધઃપતન થતું જાય છે. અહિંસા મરતી જાય છે. આવા દર વરસે વિના–વાંકે કપાતા કરોડો પશુઓને જો વાચા હોય તો તેઓ જગત સમક્ષ પોતાની દલીલો રજુ કરી પોકારી ઉઠે કે ભારત મોટામાં મોટો હિંસક દેશ છે કે જ્યાં એની સંસ્કૃતિ વિરૂધ્ધ અમારા જેવા કરોડો પશુઓની દર વરસે વિના-વાંકે કતલ થાય છે.

પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખવાથી જ મનુષ્ય સાચો માનવ બની શકશે. હૃદયમાં દયા હશે તો જ માનવતા પ્રગટ થશે. અહિંસક અને દયાળુ જનતા જાગૃત થાય. સામાજિક સંસ્થાઓ, યુવક સંસ્થાઓ, વિદ્યાર્થીસંસ્થાઓ, ધારાસભ્યો, પાર્લામેંટના સભ્યો, જીવદયાપ્રેમી સરકારી અધિકારીઓ, ભારતની તમામ જીવદયા મંડળીઓ, તમામ પાંજરાપોળો, દરેક ધાર્મિક સંસ્થાઓ, સૌને મારી નમ્ર વિનંતિ છે કે નવા કતલખાના નહીં બનાવવા અને આવો નિકાશ વેપાર બંધ કરાવવા, સરકારને, વેપાર પ્રધાનને, કૃષિ મંત્રીને, તથા નાણાં પ્રધાનને, સર્વેને તારો મોકલો, ઠરાવો મોકલો, ભારતમાં પશુઓની કતલ બંધ થવી જોઇએ. તેવો આપનો અવાજ દરેકને પહોંચાડો.

# જીવવાની કળા

## પૂ૦ મુનિરાજ શ્રી હિરણ્યપ્રભવિજયજી મહારાજ

**આ** યુગમાં જીવન જીવવાની કળા નષ્ટ થઇ નથી. એ તો આધ્યાત્મિક જીવનમાં જીવતી અને જાગતી છે. તો આ યુગમાં પણ ઉત્તમ-સદ્દ જીવન જીવી જાણવામાં જરાએ હરકત યાને તકલીફ આવે એમ નથી.

આ યુગમાં દરેક માનવીએ ઉત્તમ સદ્દ જીવન જીવવાની કલાનો અભ્યાસ કરવો જોઇએ.

ઉત્તમ-સદ્દ જીવનકલાનો સારભૂત સિધ્ધાંત એ છે કે 'Live and let live' આ સિદ્ધાંત માનવીને દયાળુ બનાવે છે, એટલું જ નહિ પણ સુંદર અને શિખામણ રૂપે બોધ પાઠ શીખવે છે.

'પારકાની ચીજ છીનવી લઇ, પોતાનો હક જમાવી દેવો, અને પોતાની ચીજ ઉપરથી બીજાનો હક ઉઠાવી લેવાની પ્રવૃત્તિઓથી પર રહેવાની ભલામણ કરે છે,' અને સાથે સાથે એ બોધ પાઠ આપે છે 'સામાને શાંતિ પૂર્વક જીવવા દો અને પોતે શાંતિપૂર્વક જીવો એવી પ્રવૃત્તિઓનું આચરણ કરતાં શીખો, અને આપની પ્રવૃત્તિઓ બીજાને નુકશાન ન કરે એવી કાળજી રાખતા શીખો.

"સામાને નુકશાન ન થાય, અને આપણું કામ થાય એ બને કયારે ?"

કે 'સંતોષી નર સદા સુખી' આ સિધ્ધાંત માનવી અપનાવી લે તો સામાનું જરાએ નુકશાન થવાનું નહીં, અર્થાત્ પોતે સુખેથી જીવી જાણે, અને બીજાને સુખેથી જીવવા દે.

'જીવન જીવવાની કલા' દરેક માનવીઓના જીવનમાં હોવી જોઇએ.

ઉત્તમ સદ્દ જીવન જીવવાની મનોકામનાવાલા માનવીએ દુશ્મનને મિત્ર માનતા શીખવું પડશે અને જગતના તમામ જીવો પ્રત્યે મૈત્રી ભાવના રાખવી પડશે, અને અપકાર ઉપર ઉપકાર કરવાની મનોવૃત્તિઓને આવકાર આપવો પડશે તો જીવનની સાચી કલા હાથમાં આવશે.

આ યુગમાં ઉત્તમ સદ્દ જીવન જીવવા માટે માનવીએ ઉમદા ગુણોનું પાલન કરવું પડશે, એટલું જ નહિ પણ સદ્દગુણોવાલાના ઉપાસક બનીને, એની ઉપાસના કરવી પડશે. અને સદ્દ વિચારોવાળાની સંગત કરવી પડશે સદ્દ આચારોને અપનાવવા પડશે તો તે સદ્દ જીવન જીવી જાણશું.

એટલે આપણે જયવીયરાય સૂત્ર દ્વારા માંગણી કરીએ છીએ કે 'भवे भवे तुम्ह चलणाणं' વીતરાગ ભગવાન વીતરાગતાના ગુણના કારણે સંસારથી પાર પામી ગયા. અને આપણે સંસાર પાર જવા માટે યાને ઉત્તમ સદ્દ જીવન જીવીને 'સમાહિ મરણું, અર્થાત્ સમાધી મરણ પામીને ઉત્તરોત્તર એમના જેવા ગુણો પ્રાપ્ત કરીને અનંત સુખના ભોક્તા બનીએ, એ માટે આપણી માગણી છે, અને એ માગણીમાં પણ એ બતાવી આપે છે.

જયાં સુધી તે મારું ભવભ્રમણ ટળે નહી ત્યાં સુધી તારા ચરણની સેવા સદાને માટે હોજો, અને તારામાં રહેલા તમામ ગુણો મારા જીવનમાં હોજો જેથી હું ઉત્તમ જીવન જીવું અને મારી જીવન જીવવાની કલાને સફળ બનાવું.

દરેક માનવી ઉત્તમ સદ્દ જીવન જીવવાની કલાને પ્રાપ્ત કરી અને આધ્યાત્મિક જીવન જીવી ઉત્તરોત્તર અનંત સુખના ભાગી બને એ જ મહેચ્છા.

# જ્ઞાન ગોચરી

## ચિંતાનું જન્મસ્થાન

આપણું મન સદા ચિંતાગ્રસ્ત રહે અને આપણા મન ઉપર એક જાતનો કાયમનો બોજો રહે એ સ્વાભાવિક છે. જો કે આજે સરકાર તથા સમાજ તરફથી બેકારી દૂર કરવા માટે કામ કરવાના કલાકોની મુદત ઘટાડવા માટે તેમજ દરેક ધંધો અથવા નોકરીનો ભય મુક્ત કરવા માટે પ્રશંસનીય પ્રયત્ન થઈ રહ્યા છે, અને એનાથી ચિંતાનાં આર્થિક કારણો ઓછાં થતાં જાય છે. છતાં એના કારણે સર્વ સામાન્ય માણસના મન ઉપર રહેતું દબાણ કોઇ પણ રીતે ઓછું થતું જણાતું નથી.

દાખલા તરીકે યુરોપના દેશોમાં સ્વીડન ઘણોજ સમૃધ્ધ દેશ ગણાય છે. અને ત્યાંના માણસોનું જીવનધોરણ પણ ઘણું ઉંચું મનાય છે. મજુરોને તેમજ બીજા લોકોને ઘણા સારા પગારો મળે છે. અને એના પરિણામે ત્યાંનું રાષ્ટ્રીય ઉત્પાદન પણ ઘણું સારૂં થાય છે. સ્વીડનની રાષ્ટ્રીય આવક દર વર્ષે વધતી જાય છે. અને ત્યાંના લોકો પોતાનાં ઘરો અવનવી જાતના પત્થરોથી અથવા ક્રોમિયમથી મઢતા થઈ ગયા છે. આપણા દેશમાં જેમ ભૂદાન તથા સંપત્તિદાનની પ્રવૃત્તિ ચાલે છે. તેમ સ્વીડનમાં પ્રજામાં સંપત્તિ સરખી રીતે વહેંચવાનું આંદોલન પણ ચાલી રહ્યું છે. આવો દેશ ખરી રીતે સ્વર્ગ સમાન મનાવો જોઇએ, છતાં એ જ દેશમાં આત્મઘાતથી મરનારા માણસોની સંખ્યા બીજા અકસ્માતોથી મરનારા માણસો કરતાં પણ વધી જાય છે. બીજા દેશોની સરખામણીમાં ત્યાં છૂટાછેડા આપનારા માણસોની સંખ્યા પણ વધુ જોવામાં આવે છે. આપણને ઉપર ઉપરથી આર્થિક દૃષ્ટિએ સ્વીડનની પ્રજાનું જીવન સુખી અને નિશ્ચિંત ભાસે છે, પણ તેમને ખુદ પોતાનું જીવન તદ્દન નીરસ અને પ્રયોજન વિનાનું લાગે છે.

એનું કારણ શું છે ? સ્વીડનના લોકોને આર્થિક ચિંતા ભલે ન હોય છતાં જાણે ત્યાંના લોકો અજાણપણામાં કૃત્રિમ ચિંતા અથવા ભય શોધી કેમ ન કાઢતા હોય એવું લાગે છે. માણસોની આર્થિક ચિંતાનું સ્થાન કૃત્રિમ રીતે ઉપજાવી કાઢેલી ચિંતાએ લઇ લીધું છે, દરેક વ્યક્તિના મનમાં એક જાતનો ભય અથવા ચિંતા જોવામાં આવે છે. અને તેમનું મન જાણે કાયમને માટે અમુક જાતના દબાણ નીચે કેમ ન રહેતું હોય એવું ભાસે છે, આવા પ્રકારના માનસિક બોજા અથવા દબાણને માનસશાસ્ત્રની પરિભાષામાં એક જાતનો ઉન્માદ આલેખવામાં આવે છે.

ચિંતા, માનસિક ભય, શ્રમ અથવા દબાણ, આર્થિક અભાવ, અસ્થિરતા, અથવા ભયના કારણે થતાં નથી. ચિંતાનું જન્મસ્થાન આપણા અંતરમાં જ હોય છે. ચિંતાનું સર્જન કરનાર મનુષ્યનું મન જ છે. વળી આર્થિક પરિસ્થિતિ સુધરવાથી ચિંતાનો પ્રતિકાર થઇ જતો નથી. એનો ઇલાજ તો આપણા અંતરમાં જ અમુક જાતનું સમાયોજન કરવાથી

આપણા મનમાં પરિવર્તન લાવી શકાય છે. કેટલીકવાર આર્થિક સંજોગો ઘણા સારા હોવાને કારણે પણ માણસની ચિંતા, માનસિક કષ્ટ, શ્રમ અને મન ઉપરના દબાણમાં વધારો થાય છે. અને એનાથી ઉન્માદને પ્રસરવાની વધુ તક મળે છે.

આજના જમાનામાં માનસિક દબાણ, શ્રમ, ભય અથવા ચિંતા એક ગંભીર સામાજિક સવાલ બની ગયેલ છે. આર્થિક રીતે નિશ્ચિંત અથવા ભય રહિત હોવા છતાં પણ જાણે આજનો માનવી થાકેલો, ચિંતિત, ભયગ્રસ્ત અને કાયમને માટે અમુક પ્રકારના માનસિક દબાણની નીચે રહેતો હોય એવું લાગે છે. એનું કારણ આજનું ધાંધલિયું અને વિશેષ ગતિમય અથવા ઝડપી જીવન છે. આપણું ચિંતિત માનસ ધાંધલ, ધમાલ, કોલાહલ અને ઝડપના કારણે વધુ ચિંતિત અને કષ્ટમય બની જાય છે. આજનો યુગ જ કોલાહલ, ધાંધલ ધમાલ અને વિશેષ ગતિ અથવા ઝડપનો છે.

આપણા મન ઉપર કાયમને માટે રહેતા દબાણનું બીજું કારણ ધાર્મિક ભાવનાનો અભાવ પણ છે. આપણે ધાર્મિક ભાવના અને ધાર્મિક વિશ્વાસને તિલાંજલિ આપી દીધી છે. ધાર્મિક ભાવના, વિશ્વાસ અને શ્રદ્ધા વિના માનવજીવન શુષ્ક અને નીરસ બની જાય છે આજના પાશ્ચાત્ય માનસશાસ્ત્રી પ્રોફેસર ડોકટર કાર્લ યુંગે લખ્યું છે, કે—તેની પાસે દુનિયાના જુદા જુદા ભાગોમાંથી હજારો દરદીઓ ઈલાજ માટે આવે છે. પણ તેમાંના ત્રીસ વરસથી વધુ ઉંમરના એક પણ દરદીને તેનામાં ધાર્મિક ભાવના અથવા ધાર્મિક વિશ્વાસ ઉપજાવ્યા વિના તે આરોગ્ય બક્ષી શકતો નથી. પ્રોફેસર કાર્લ યુંગનું માનવું છે કે, 'ઘણાખરા લોકો ધાર્મિક અવિશ્વાસના કારણે જ માંદા પડે છે. આપણાં ઘણાખરાં માનસિક કષ્ટોનું આ જ નિદાન છે.' એમને નાબૂદ કરવા માટે આપણે પુષ્કળ પ્રયત્ન કરવો જોઈએ.

વળી આપણું શારીરિક અને માનસિક આરોગ્ય સંપાદન કરવા આપણા બાહ્ય આર્થિક સંજોગો અથવા નીચા જીવનધોરણ તરફ ન જોતાં આપણે આપણા મન અથવા આત્માના આંતરિક જગત તરફ જ નજર નાખવી જોઇએ. નવીન ઢબના રંગબેરંગી પથ્થરોથી મઢેલાં ઘરો, ક્રોમિયમથી મઢેલાં રસોડાં, મોટરગાડી, રેડિયો, રેફ્રિજરેટર, ટેલિવિઝન સેટ તેમજ વૈભવનાં બીજાં બધાં સાધનો વસાવવાથી સ્થાયી પ્રેમ, સુખી ગૃહસ્થજીવન, અથવા માનસિક શાંતિ મેળવી શકાતી નથી. ભોગવિલાસ અને વૈભવનાં વિવિધ સાધનોથી માનસિક સંતોષ મળતો નથી. અલબત્ત, બુદ્ધિશાળી મનુષ્ય આ બધી વસ્તુઓનો ઉપયોગ અને ઉપભોગ કરી શકે છે. તેમ જ આનંદ માણી શકે છે. પણ તેથી એમ તો ન જ સમજવું જોઇએ કે આ બધા સાધનોમાં સુખનું રહસ્ય સમાયેલું છે. આપણા કુટુંબનું વાતાવરણ સુખમય બનાવવા રૂપિયાની નોટો વહેંચવાની અને રજાના દિવસે વિશેષ ધન વ્યય કરવાની જરૂર નથી. એને માટે તો સાદાઇનો મંત્ર શીખીશું અને આપણાં બાળકોને પણ એ જ બોધ આપીશું તો આપણે વધુ સુખી થઈ શકીશું અને માનસિક તેમજ શારીરિક આરોગ્ય સંપાદન કરી શકીશું. જીવનની કિંમતીમાં કિંમતી વસ્તુઓ સાદામાં સાદી હોય છે અને સહેલાઈથી મેળવી શકાય છે.

## મારી દૃષ્ટિએ ઉત્કર્ષ.

મારા મતે પ્રગતિનો—ઉત્કર્ષનો અર્થ છે;

બીજાંઓને ઉપયોગી અને મદદગાર નીવડવાની વ્યક્તિની પોતાની સક્રિય શક્તિ. જેટલા પ્રમાણમાં આપણે બીજાઓ માટે વધુ ઉપયોગી સિધ્ધ થતા જઇએ છીએ તેટલા પ્રમાણમાં આપણે આપણા જીવનનો પણ ઉત્કર્ષ સાધીએ છીએ. જીવનમાં ધનસંપત્તિ પ્રત્યે હંમેશાં પ્રબળ આકર્ષણ રહ્યું છે, પરંતુ મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે જો ધન-સંપત્તિ જ કોઈ એક વ્યક્તિનું એકમેવ લક્ષબિંદુ બની જાય, તો તે તેની પ્રગતિ અને ઉત્કર્ષ માટે બાધક નીવડવાનું. સત્તા એક પ્રકારની માયાજાળ છે; તેની પાછળની દોટ માનવીને અંધ બનાવી દે છે, તે આપણા પ્રગતિના પંથમાં એક મોટું વિઘ્ન છે. સહેજે ન ટાળી શકાય તેવું વિઘ્ન છે, કેમકે સત્તાનો મોહ પોતે જ વ્યક્તિને માત્ર નિરૂપયોગી નહિ, પરંતુ બીજાઓની ઉપયોગિતા ઉપર પણ કુઠારાઘાત કરે છે. એથી ઉલટું જો સત્તા અને સંપદાને વ્યક્તિની પરોપકારી વૃત્તિના સાધ્યમાં એક સાધના તરીકે સ્વીકારવામાં આવે તો નિશ્ચિતપણે એ જીવનના ઉત્કર્ષ પંથના એક અત્યંત વેગવાન વાહન તરીકે સાબિત થશે. પરંતુ સાચી વાત તો એ છે કે સત્તા અને સંપદા આ બંને એવાં ભયાવહ સાથીદારો છે કે જો તેમને મક્કમતાથી કાબૂમાં રાખવામાં ન આવે તો તે વ્યક્તિને પોતાના નાદે નાચતી પૂતળી બનાવી દેશે. અને પોતાના ઉદ્દેશોની પૂર્તિ માટે તેનો પૂરેપૂરો ઉપયોગ કરશે

એટલે કોઇ મને જ્યારે જીવન-ઉત્કર્ષની સાધના વિષે પૂછે છે તો હું આ કસોટી એના સામે મૂકું છું; 'બીજાઓને ઉપયોગી થઈ પડવાની આપણી શક્તિ એ જ જીવનના ઉત્કર્ષનું સાચું માપ છે. બીજાઓના જીવનની સફળતા કે ઉત્કર્ષપણું હું આ જ માપે માપું છું; પછી ભલે ને એ વ્યક્તિ-વિશેષે ગમે તેવી પરિસ્થિતિઓમાંથી પોતાનું જીવન પસાર કર્યું હોય. જીવનમાં પ્રગતિ કે ઉત્કર્ષનો માપદંડ ખરેખર પરોપકાર જ છે. સંસારમાં કેટલા સંતાપ અને કેટલા અભાવ નજરે પડે છે. એથી સહાયતા માટેના આર્તનાદ પણ એટલા જ પ્રમાણમાં સંભળાય છે અને એટલી બધી વિપુલતાથી સંભળાય છે કે કોઇ પણ વ્યક્તિ ગમે તેટલી સહાયતા ભલેને કરે પણ તે સિંધુમાં બિંદુ સમાન જ નીવડવાની. પરંતુ આ રીતની સહાયતાથી માનવીના મનને જેટલું સુખ અને સંતોષ થાય છે તેટલો કોઇ બીજા ભૌતિક વૈભવના ઉપાર્જનથી થતો નથી.

જીવનમાં પ્રગતિ-ઉત્કર્ષ વિષે મારો સિધ્ધાંત માત્ર આ જ છે; પ્રાણી માત્ર પ્રત્યે ઉદારતા અને સહાનુભૂતિભરી સક્રિય સદ્ભાવના, જેથી ભવિષ્યમાં પૃથ્વી પર કોઇ પ્રકારના સંઘર્ષનો અવકાશ ન રહે. વળી એક એ પ્રશ્ન પણ ઉઠે છે કે સમાજનો કોઇ સભ્ય પોતાના સામર્થ્યના પ્રમાણમાં સહેજસાજ સહાય આપીને પોતાના જીવનની ઈતિકર્તવ્યતા માની લે ખરો ? ના, એથી ઉલટું હું તો કહું છું કે માનવીએ બીજાઓને સહાયભૂત થવાની જેટલી બને તેટલી વધુ પ્રમાણમાં તકો ઝડપી લેવાનો પ્રયત્નો કરવા જોઇએ. આ પ્રયત્નોમાં જ જીવનના સાચા આનંદનો અનુભવ થાય છે. કેમકે એથી આપણી એકેએક મનોવૃત્તિનું પરિમાર્જન થાય છે. અને આપણે ઉત્કર્ષના એક પછી એક સોપાન સર કરતા જઈએ છીએ.

★

# સમિતિ—ગુપ્તિનું રહસ્ય

શ્રી કુંવરજી મુળચંદ દોશી-મદ્રાસ

અષ્ટ પ્રવચન માતવાળા લેખમાં સમિતિ અને ગુપ્તિની તાત્વિક વિચારણા કરી છે. હવે તેમનું ક્રમસર વર્ણન કરવાનો પ્રસંગ છે. પરંતુ પાયો મજબુત કર્યા સિવાય મકાનનું ચણતર કરવું તે યોગ્ય નથી. એટલે આ લેખમાં ફરીથી તેની અન્ય દૃષ્ટિથી વાસ્તવિક રજુઆત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એમ કરવાનું કારણ એ છે કે કેટલાક ફક્ત સમિતિમાં જ ધર્મ માની બેઠેલ છે. તેઓ એકલા વ્યવહારથી આગળ નથી વધી શકતા. જ્યારે કેટલાક ભાઇઓ ગુપ્તિને મુખ્ય બનાવી તીર્થને ભૂલી ગયા હોય તેમ લાગે છે. અને તીર્થ સિવાય મુક્તિનો અસંભવ છે. એટલે તેઓ યથાર્થ ધ્યેયને પ્રાપ્ત કરી શકે નહિ એ અનુભવસિદ્ધ હકીકત બની જાય છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. એક શ્રુતધર્મ અને બીજો ચારિત્ર ધર્મ. આથી સમિતિ અને ગુપ્તિનું સ્થાન બહુજ ઉંચા પ્રકારનું છે. આનું આવું સ્થાન કેમ છે તે એક રહસ્યમય હકીકત છે. એ રહસ્યને સમજવાથી સમિતિ અને ગુપ્તિની વાસ્તવિકતાનો યથાર્થ ખ્યાલ આવે છે.

આ જગત ષડ્દ્રવ્યાત્મક છે. છએ દ્રવ્યો પોતપોતાનાં પારિણામિક ભાવે—મૂળ સ્વભાવે સ્વતંત્ર છે. પણ જો આ છએ દ્રવ્યો કેવળ સ્વતંત્ર હોય તો જગતનું સ્વરૂપ જે દેખાય છે, તે સંભવી શકે નહિ. આથી એ ફલીત થાય છે કે છ એ દ્રવ્યોની નિયામક એક મહાસત્તા છે. જેમ કે ૫૦ મોતીની એક માળામાં બધા મોતીઓ સ્વતંત્ર છે. પણ જો દોરા રૂપી એક સત્તાને આધીન તે મોતીઓ ન હોય મોતીની માળા બની શકે નહિ, તેવું જ ષડ્ દ્રવ્ય માટે પણ સમજી લેવું. છ એ દ્રવ્યો પોત–પોતાની રીતે સ્વતત્ર હોવા છતાં મહાસત્તાને આધીન છે અને તેથી જ વિશ્વનું આ દૃશ્યમાન સ્વરૂપ સંભવી શકે છે. આ મહાસત્તા ત્રિકાલાબાધિત અને વ્યવસ્થિત છે. અને એ વ્યવસ્થિત અને ત્રિકાલાબાધિત હોવાથી તેનું જ્ઞાન પણ વ્યવસ્થિત હોવું જ જોઇએ. એટલે જ કેવળજ્ઞાન એ એક કપોલ–કલ્પિત જુઠાણું નહિ પણ સત્ય હકીકતરૂપ બની જાય છે.

આ ત્રિકાલાબાધિત વિશ્વવ્યવસ્થાને તીર્થંકર પરમાત્મા જગત સમક્ષ રજુ કરે છે. માટે જૈનશાસન એ ત્રિકાલાબાધિત શાસન છે. આથી જ તીર્થંકર પરમાત્મા મહાસત્તાના ઉચ્ચતમ પ્રતિનિધિ છે અને આથી જ તેઓ ત્રણ લોકના સ્વામી છે. એ જૈનોનું મંતવ્ય યથાર્થ છે. આથી પણ આગળ વધીને એમ કહીએ કે આખી વિશ્વવ્યવસ્થા તીર્થંકરને આધીન છે એમ કહી શકાય છે, તેમ આ બાબતમાં પણ સમજી લેવું. અથવા તીર્થંકર નામકર્મરૂપી પુણ્ય પ્રકૃતિને લઇને જ મહાસત્તા છે. અને મહાસત્તાને લઇને ષડ્ દ્રવ્યો છે. એટલે આખાએ વિશ્વ ઉપર એક તીર્થંકર પરમાત્માનું જ શાસન છે, એમ કહેવું વાસ્તવિક છે.

આવા તીર્થંકર પરમાત્માનો જગત ઉપર મોટામાં મોટો ઉપકાર એ છે કે તે ભવ્ય પ્રાણીઓને મુક્તિ માર્ગ બતાવે છે. આ માર્ગ બતાવવો તે પણ એક કુદરતની વ્યવસ્થા મુજબનું જ કાર્ય છે. કારણ કે મહાસત્તા કેવળ સકળ જીવોનું હીત કરવા માટે જ છે. તેમ સુખ અને દુઃખનો ભોગવટો પણ આત્માના ઉત્થાન માટે જ છે. એટલા માટે અઘાતિ કર્મો શુભ હોય કે અશુભ પણ તે હિતકારક છે એમ શાસ્ત્રકારો જણાવે છે. પૂ૦ વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ સાહેબ તત્ત્વાર્થ સૂત્રના પાંચમા અધ્યાયમાં એને પુદ્ગલોના ઉપકાર તરીકે જણાવે છે. આવી કુદરતી વ્યવસ્થા હોવાથી 'સવી જીવ કરું શાસન રસી' આવી ભાવના પણ કુદરતી છે. અને આવી ભાવનાના બળે તેવા પ્રકારની તથાભવ્યતાવાળો આત્મા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન એ થશે કે જ્યારે આવી કુદરતી વ્યવસ્થા છે ત્યારે દરેક આત્મા તીર્થંકર થવા જોઈએ. પણ તેમ બનતું નથી એમ આગમો કહે છે. તો પછી તમારી આ હકીકત કપોલ–કલ્પિત કેમ ન હોય? અહીં સમજવું જોઇએ કે, ભારતનાં દરેક પ્રજાજનને રાજપ્રમુખ થવાનો અને તે માટેની લાય-

કાત કેળવવાનો હકક છે. પણ દરેક પ્રજાજન રાજ-પ્રમુખ બની શકતો નથી. એ તો જે તેવી લાયકાત કેળવે તેવો કોઇ વિરલો જ રાજ-પ્રમુખ બની શકે છે. તેમ દરેક આત્માને તીર્થંકર થવાનો હક્ક હોવા છતાં અને તેવી લાયકાત કેળવવાનો હકક હોવા છતાં તેવા પ્રકારની યોગ્યતાવાળો જ આત્મા તીર્થંકર બની શકે છે. તીર્થંકર બની મુક્તિમાર્ગ પ્રકાશિત કરે છે. મુક્તિમાર્ગ પ્રકાશિત કરી તે માર્ગે ભવ્ય જીવોને વાળે છે. તે માર્ગે વાળી તેઓ તે માર્ગ બતાવે છે. અને તેનું યથાર્થ પાલન કરાવી સકલ કર્મથી મુક્ત બનાવે છે. મુક્ત બનાવી સિદ્ધપદના ભોગી બનાવે છે. આ જ તીર્થંકર પરમાત્માનું ઉચ્ચતમ કાર્ય છે. માટે પણ તે મહાસત્તાનાં ઉચ્ચતમ પ્રતિનિધિ છે, એ એક સત્ય હકીકત છે. એટલે જ તે પ્રાણીમાત્રના ઉપકારક છે.

આ જગતમાં બે પ્રકારનાં જીવો છે: એક વ્યવહાર રાશિના અને બીજા અવ્યવહાર રાશિના. વ્યવહાર રાશિના જીવો માટે એવો નિયમ છે કે અહીંથી એક જીવ સિદ્ધ થાય ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે આવે છે. અને એ રીતે વ્યવહાર રાશિમાં આવેલ જીવ આવલિકાનાં અસંખ્યાતમા ભાગમાં જેટલાં સમયો છે તેટલા પ્રમાણ પુદ્ગલ પરાવર્તનકાળ સંસારમાં ઉત્કૃષ્ટપણે રહી પછી ભવ્ય હોય તો અવશ્ય મોક્ષે જાય છે. વ્યવહાર રાશિમાં આવ્યા પછી તેની ઉત્ક્રાન્તિની શરૂઆત થાય છે. આ રીતે વ્યવહાર ઉપર સિદ્ધ પરમાત્માનો જબ્બર-જસ્ત ઉપકાર છે. સ્વયં પોતે વ્યવહાર રાશિની સ્પર્શના પૂરી કરી બીજા જીવ માટે પોતાનું સ્થાન ખાલી કરી આપે છે. અને તેથી જ બીજા જીવો સિદ્ધ પદ સુધી પહોંચી શકે છે. એટલે સિદ્ધો જ સિદ્ધિનો માર્ગ ખુલ્લો રાખે છે. એ એક નિશ્ચિત હકીકત છે. આથી જ નવપદમાં અરિહન્ત પ્રથમ પદે હોવા છતાં તેનું નામ "સિદ્ધચક્ર" રાખવામાં આવ્યું છે. નવપદનું આરાધન મુક્તિ માટે જ છે અરિહંતોને પણ સિદ્ધ તો થવું જ છે. આ સંસારમાં આ અપેક્ષાએ આપણા પ્રથમ ઉપકારી સિદ્ધ પરમેષ્ઠી છે. એના ઉપકારને લઇને વ્યવહાર છે. વ્યવહાર છે એટલે તીર્થ છે. તીર્થ છે એટલે મુક્તિનો માર્ગ છે, અને મોક્ષનો માર્ગ છે એટલે મોક્ષ છે. માટે સિદ્ધોનો આ જગત ઉપર મહાન ઉપકાર છે.

પરંતુ સિદ્ધપણું પણ અરિહન્તના ફલ સ્વરૂપ છે. એટલે ત્રણ લોક ઉપર શાસન અરિહન્ત પરમાત્માનું છે. જગતમાં ભાવોનું દ્વંદ્વ ચાલી રહ્યું છે. તેમાં મુખ્ય જોડલું આત્મભાવ અને અનાત્મભાવનું છે. આત્મભાવ એટલે મહાસત્તાને સમર્પિત થવું, અનાત્મભાવ એટલે તેનાથી વિરૂદ્ધ વર્તન કરવું. મહાસત્તાની સમ્પૂર્ણ શરણાગતિ તે મોક્ષ. આ મુક્તિનું અનંતર કારણ ગુપ્તિ છે અને પરંપર કારણ સમિતિ છે, માટે સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ જાણવું ખાસ જરૂરી છે. અને પરંપરાએ આગળ વધી શકાય છે. માટે સમિતિનું સ્વરૂપ પ્રથમ જાણવું તે ખાસ આવશ્યક છે. મોક્ષ એ જગતમાં સિદ્ધ અને વ્યવસ્થિત વસ્તુ છે. માટે સમિતિ અને ગુપ્તિ પણ વિશ્વ વ્યવસ્થામાં કુદરતી રીતે જ વ્યવસ્થિત છે, અને ત્રિકાળાબાધિત સ્વરૂપવાળી સમિતિ એ આત્મભાવનું સાધન છે. ગુપ્તિ એ આત્મભાવ સ્વરૂપ છે. એટલે ગુપ્તિના સાધ્ય માટે સમિતિરૂપ સાધન આવશ્યક છે. આત્મભાવ અને અનાત્મભાવ ન સમજવાથી આજે ઘણી બાબતોમાં મોટો ગોટાળો થઇ રહ્યો છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયી જેટલે અંશે મહાસત્તાને સમર્પિત થવાય તેટલા અંશે આત્મભાવ છે. કેટલીકવાર દેખાતો આત્મભાવ અનાત્મભાવનો પોષક બની જાય છે. અને કેટલીકવાર દેખાતી અનાત્મભાવની ક્રિયા આત્મભાવની પોષક હોય છે. તેની ચતુર્ભંગીનો ખ્યાલ રાખવો તે ખાસ જરૂરી છે.

૧. આત્મભાવ—આત્મભાવ પોષક.

૨. અનાત્મભાવ—આત્મભાવ પોષક.

૩. આત્મભાવ—અનાત્મભાવ પોષક.

૪. અનાત્મભાવ—અનાત્મભાવ પોષક.

૧, પ્રવૃત્તિ આત્મભાવની હોય અને તેથી આત્મભાવની વૃદ્ધિ થતી હોય તે આત્મભાવ–આત્મભાવ પોષક. ચારિત્ર–સામાયિક– પૌષધ–પ્રતિક્રમણ વગેરે.

૨. દેખીતી રીતે પ્રવૃત્તિમાં જીવહિંસા આદિ

દેખાતું હોય પણ તે તીર્થની સેવાને અંગે અને જૈન-શાસનની પ્રભાવના માટે તથા અરિહન્ત આદિની ભક્તિ નિમિત્તે હોય તો તે અનાત્મભાવ-આત્મભાવ પોષક છે. જેમકે છરી પાળતો સંઘ, રથ-યાત્રા, ગુરુ મહારાજનું સામૈયું, અષ્ટ પ્રકારી પૂજા, મહાપૂજાઓ, ઉપાશ્રયો બંધાવવા, મંદિરો બંધાવવા વગેરે.

૩. કેટલાક સંન્યાસી, તાપસો વગેરે તથા અભવ્યનું દ્રવ્ય ચારિત્ર વગેરે બાહ્ય દૃષ્ટિથી આત્મભાવના લાગે છે. પણ વાસ્તવિક રીતે તેનાથી સંસાર વધતો હોવાથી અનાત્મભાવ પોષક છે. તેમજ લૌકિક સુખની ઇચ્છાથી કરાતી ધાર્મિક ક્રિયાઓ પણ અનાત્મભાવ પોષક જ છે.

૪. આ લોકમાં લૌકિક સુખની મહેનત તે અનાત્મભાવનો પુરુષાર્થ છે. અને તેને લઇને અનાત્મભાવનું જ પોષણ થાય છે.

સમ્પૂર્ણ આત્મભાવ તે ગુપ્તિ અને તેની પ્રાપ્તિ માટે જે અપવાદ માર્ગ સેવવો પડે તે સમિતિ. આ સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ મહાસત્તાને સમજવાનો પ્રયત્ન કરવાથી વિશેષ આવી શકશે.

સમિતિનું પાલન ખાસ કરીને ચારિત્રવંત મુનિમહાત્માઓને કરવાનું હોય છે. સાધુપણું એટલે જ મહાસત્તાને સમર્પિત થવાનો પુરૂષાર્થ. આવો પુરૂષાર્થ કરવો એટલે વિરતિમાં આવવું. वि-रम् ધાતુ ઉપરથી વિરતિ શબ્દ બનેલ છે. તેનો અર્થ થાય છે અટકવું શેનાથી અટકવું ? મન, વચન, અને કાયાના યોગથી. જ્યાં સુધી મન, વચન અને કાયાના યોગો ચાલુ છે ત્યાં સુધી કર્મબંધ છે. અને કર્મબંધ છે ત્યાં સુધી સંસાર છે. માટે જો જન્મ-મરણ ન કરવાં હોય તો મન, વચન, કાયાના યોગથી વિરામ પામવો જ પડશે, હવે આ ત્રણથી જ શા માટે વિરામ પામવો ? તે એક પ્રશ્ન છે. તેનું સમાધાન એ છે કે કુદરતે જીવ માત્રને ત્રણ પ્રકારની સ્વતંત્રતા આપી છે. અને પોતાના વિકાસ પ્રમાણે તેનો દરેક જીવ ઉપયોગ કરે છે. વિચાર સ્વતંત્રતા, વાણી સ્વતંત્રતા અને વર્તન સ્વતંત્રતા આ કુદરતે આપેલી સ્વતંત્રતાઓ છે. આ ત્રણની જ્યાં સુધી પ્રવૃત્તિ ચાલુ હોય ત્યાં સુધી આત્મભાવને સંપૂર્ણ સમર્પિત થઈ શકાતું નથી, કારણ કે આ ત્રણે પૌદ્ગલિક ભાવો છે. માટે સાધુપણું આ ત્રણના નિરોધ માટે જ છે. અને આથી એ ફલિત થાય છે કે સાધુને મુખ્ય વૃત્તિએ પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિમાં જ રહેવાનું હોય છે.

આ વસ્તુના ખ્યાલ વગરના કેટલાકો સાધુએ આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ એવો પ્રચાર કરી રહ્યા છે. તે વાસ્તવિક સ્વરૂપનું અજ્ઞાન બતાવે છે.

હજુ વિશેષ વિચાર કરતાં અમને લાગે છે કે સાધુ મહાત્માનાં મહાવ્રતો પણ આ જ વસ્તુનું પ્રતિપાદન કરે છે. દરેક મહાવ્રતને અંતે 'વિરમણ' શબ્દ છે. જેનો અર્થ એવો થાય છે કે હું આ આ વસ્તુનાં પાલનની નહિ પણ તે તે ભાવોથી અટકું છું. એટલે વ્રત ઉચ્ચરતાં સાધુ મહાત્મા વિરતિની પ્રતિજ્ઞા કરે છે, પણ પ્રવૃત્તિની નહિ. માટે પ્રવૃત્તિને મુખ્ય બનાવવી તે સાધ્ય નથી. વળી આગળ જતાં જણાય છે કે આત્મભાવ પોષક વૃત્તિથી પંચ આચારની શુદ્ધિ થાય છે અને નિવૃત્તિથી પંચે પરિપૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે. સાતમા ગુણઠાણાથી પ્રવૃત્તિ બંધ થાય છે. ત્યારપછી દશમા ગુણસ્થાનકે મોહનીય કર્મ સંપૂર્ણ નાશ પામે છે. તે ચારિત્રની પૂર્ણ અવસ્થા છે. બારમા ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મ સંપૂર્ણ નાશ પામે. તેથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય પરિપૂર્ણપણે પ્રગટ થાય છે.

આઠમા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધી શુકલધ્યાનનાં જુદા જુદા પાયાઓ હોય છે. શુકલધ્યાન એ અભ્યંતર તપ છે. અને શુકલ ધ્યાન એ જ સંપૂર્ણ શુદ્ધ તપ છે. ત્યાં સંપૂર્ણ તપની પ્રાપ્તિ કાયોત્સર્ગ રૂપ ૧૪ મા ગુણસ્થાનકે કાયાનો સંપૂર્ણ સંબંધ છુટે ત્યારે હોય છે. આ રીતે આ પાંચે વસ્તુની પ્રાપ્તિનું મુખ્ય કારણ નિવૃત્તિ એટલે ગુપ્તિ જ છે. એટલે અપ્રમત્તભાવ એ જ સાધ્ય છે.

પરંતુ સાધુ મહાત્મા માટે સર્વદા અને સર્વથા નિવૃત્તિમાં રહેવું શકય નથી. (જ્યાં સુધી પ્રમત્ત અવસ્થા છે ત્યાં સુધી) ત્યારે તીર્થની સેવા માટે-જગ.

તનાં જીવોને મહાસત્તાનું જ્ઞાન કરાવવા માટે અપવાદ માર્ગ તરીકે સમિતિનું પાલન બતાવે છે. ગુપ્તિ ન હોય ત્યારે સમિતિનું પાલન બતાવેલ છે. ગુપ્તિ શક્ય ન હોય ત્યારે સમિતિનું પાલન કરવું. દાખલા તરીકે બિલકુલ મૌન રહેવું તે સાધ્ય, પણ પ્રમત્તપણાનાં યોગે લોકોને તીર્થંકર મહાસત્તાનું જ્ઞાન કરાવવા માટે બોલવું પડે તો મોઢે મુહપત્તિ રાખવી. સમિતિ પણ આત્મભાવની પોષક જ હોવી જોઈએ. અને તો જ તે ગુપ્તિનાં ધ્યેયવાળી બની શકે અને તો જ તે યથાર્થ સમિતિના સ્વરૂપમાં આવી શકે છે.

ગુણવિકાસના વિકાસક્રમાનુસાર પ્રથમ છ ગુણસ્થાનક પ્રમત્ત ગુણસ્થાનક છે. માટે કુદરતી રીતે જ પ્રમત્તપણું આ ગુણસ્થાનકમાં મુખ્ય છે. આ પ્રમત્તપણામાં કુદરતે આપેલી સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો એ અસમિતિ અને સદ્-ઉપયોગ કરવો એ સમિતિ. માટે સમિતિ પ્રમત્ત ગુણસ્થાનકોમાં કર્તવ્યરૂપ છે પણ સાધ્યરૂપે નથી. મનુષ્ય ગતિ એ ચોવીશ દંડકમાં એક દંડક છે. દંડક એટલે કુદરતે કરેલ શિક્ષા ભોગવવાનું ઠેકાણું. એ શિક્ષા ન થાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી તે સાધ્ય. પણ જ્યાં સુધી ભવાન્તરોમાં કરેલ પુરૂષાર્થની શિક્ષા ભોગવવાની છે ત્યાં સુધી આત્માની મુક્તિ થઇ શકતી નથી. આ જે શિક્ષા ભોગવવા રૂપ પ્રમત્ત અવસ્થા છે તેને પોતાને અને પરને માટે આત્મભાવ પોષક બનાવવી એ એક કર્તવ્ય બની જાય છે.

આથી સમિતિનું પાલન કુદરતના વિકાસક્રમમાં કુદરતી રીતે અમુક હદ સુધી કર્તવ્યરૂપ બની જાય છે એટલે જ્યાં સુધી પ્રમત્ત અવસ્થા રૂપ દંડ ભોગવીએ છીએ ત્યાં સુધી સમિતિનું પાલન અશક્ય પરિહાર રૂપ બની જાય છે. અને એ જ વાસ્તવિક સમિતિ છે. આશા છે કે સમિતિ-ગુપ્તિનું રહસ્ય આથી અવશ્ય વાંચકો વિચારી શકશે. હવે વિશ્વ-વ્યવસ્થામાં સમિત-ગુપ્તિનું ક્રમવાર કેવું સ્થાન છે તે બીજા લેખમાં બતાવવામાં આવશે.


## પ્રતિષ્ઠા કરવાનો અમૂલ્ય લાભ

**વૈશાખ માસમાં પ્રતિષ્ઠા થશે**

સિધ્ધપુર એ આપણું પ્રાચીન શહેર છે. જ્યાં ૨૯ જિનમંદિરો હોવાના પુરાવા મળેલ છે. હાલ ત્યાં વિશાળ બે મોટાં બે માળનાં સુંદર જિનમંદિરો છે, હજારોના ખર્ચે બન્ને જિનમંદિરોનો જીર્ણોધ્ધાર થયો છે. પ્રતિષ્ઠા વૈશાખ મહિનામાં થવા સંભવ છે. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પધારશે.

હવે પ્રતિમાજી નકરાથી આપવાનાં ફક્ત ૧૨ જ રહ્યાં છે.

**મૂળ ગભારામાં રૂા. ૪૦૧ નકરાના ૭ પ્રતિમાજી અને ઉપરના ગભારામાં રૂા. ૩૦૧, નકરાના પાંચ પ્રતિમાજી આપવાના છે.**

પ્રભુજી પધરાવવાની ભાવનાવાળા ભાઇ-બ્હેનોએ વહેલાસર નોંધાવી લેવા વિનંતિ છે.

તા. કઃ- નકરાથી પ્રભુજી બેસાડનાર ભાગ્યશાળીનું નામ આદી નીચે લખવામાં આવશે.

**શ્રી જૈન શ્વે૦ મૂ૦ સંઘ C/o દોલતરામ વેણીચંદ ગંજબજાર સિધ્ધપુર**

# આયુર્વેદની દષ્ટિએ સૂંઠ

શ્રી પ્રાગજી મોહનજી રાઠોડ

**આ**યુર્વેદમાં સૂંઠનું જે મહત્ત્વ છે તે મહત્ત્વ આધુનિક પ્રયોગો પછી પણ ઘટયું નથી. આ લેખના લેખકે સૂંઠના સફળ પ્રયોગો કરીને એનું જ્ઞાન અહિં વાચકો સમક્ષ રજુ કર્યું છે. બીજી દિશાઓમાં દોડયો જતો સમાજ પોતાના આંગણાની ને ઘરની સાદી વસ્તુઓનો ઉપયોગ શીખી જાય, તો **કેટલો લાભ થાય? કેટલું ખર્ચ બચે?**

સૂંઠ એક એવી વનસ્પતિ છે કે એનાથી ભાગ્યે જ કોઇ અજાણ્યું હશે. આદુ પાકીને રસ ભરપૂર થાય છે, ત્યારે જમીનમાંથી ખોદી એને સૂકવી તૈયાર કરવામાં આવે અને એ રીતે સુકાઈને તૈયાર થાય ત્યારે તે સૂંઠનું નામ ધારણ કરે છે.

આવી આ સૂંઠની ત્રણ જાતો આજે પ્રચારમાં છે, સામાન્ય રીતે ગુજરાત–કાઠિયાવાડમાં ધોળકાની સૂંઠ વિશેષ સારી ગણાય છે. અને એનો વપરાશ વિશેષ કરવામાં આવે છે. બીજી જાતોમાં કલકત્તા તરફની એક જાત છે અને બીજી મલબાર–કોચીન તરફની પણ આવે છે; પરંતુ સામાન્ય રીતે રેષા વિનાની સફેદ સૂંઠને ઉત્તમ ગણવામાં આવે છે.

આવી આ સૂંઠમાં જુદાં જુદાં અનેક તત્ત્વો ઓછા વત્તા પ્રમાણમાં જણાયાં છે, ગુમડાં અને ઘારાંને જે તત્ત્વ રૂઝવવામાં ઉપયોગી છે તે રાળ, શરીરને ગરમી અને પોષણ આપનારૂં સ્ટાર્ચ ઓકઝેલિક એસિડ જેવા ક્ષારો, ચરબી અને મીણ જેવો સ્નિગ્ધ, પોષણ આપનાર પદાર્થ અને ઔષધ તરીકે ઘણા મોટા વિશાળ રોગ સમુદાયને આવરી લે તેવા ગુણધર્મોવાળાં તત્ત્વો એમાંથી મળી રહે છે.

ઘણા મોટા વિશાળ સમુદાયમાં એવી એક માન્યતા રૂઢ થઇ ગઇ છે, કે સૂંઠ એ ગરમ વસ્તુ છે. અને એ દષ્ટિએ જ એની અતિશય જરૂરિયાત હોય, તો પણ એને તરછોડવામાં આવે છે, દાખલા તરીકે આંતરડામાં લાંબા વખતનું અજીર્ણ થઈ મળ સડે છે, ત્યારે કૃત્રિમ ગરમી પેદા થઇ મોઢામાં અને જીભ ઉપર ચાંદા પડે છે. આનું ખરૂં કારણ તો પેટમાં કાચો આમ પડયો છે, એ છે. આવાં દરદોમાં રોગના કારણને દૂર કરવા માટે સૂંઠ લેવાનું કહીએ છીએ, ત્યારે સૂંઠની તીખાશથી આ ગરમીનો વધારો થશે તો? એવો ભય સેવવામાં આવે છે, ચિત્ર–વિચિત્ર કલ્પના અને શંકા ઉઠાવવામાં આવે છે, અને આ શંકાને પરિણામે લાંબા વખત સુધી એ દરદ પોષાયા કરે છે.

સૂંઠ એ પ્રથમ તબકકે તીખી લાગે છે, એ વાત સાચી છે. પણ આયુર્વેદની રીતે એનું પૃથક્કરણ કરતાં એ જ્યારે પેટમાં ગયા પછી પચવા માંડે છે, ત્યારે મીઠી (મધુર) બને છે અને એનો ગુણ શીતોષ્ણ, સ્નિગ્ધ અને હલકો છે, विपाके शीतलं लघु।

સૂંઠનો શીતોષ્ણ ગુણ સ્વાભાવિક ગરમી વધારી યકૃત અને આંતરડાને શક્તિ આપે છે, અને કાચા અપકવ આમનું પાચન કરે છે, આયુર્વેદે સાચું જ કહ્યું છે કે आमेषु सगुणा सूंठी।

આ આમના સંગ્રહથી અનેક જાતના નાના મોટા રોગો થાય છે. અજીર્ણ, ઝાડા, મરડો, સંગ્રહણી અને જુદા જુદા પ્રકારના નામધારી તાવો એ બધાં જ આ આમદોષની જ પેદાશ છે.

ચોમાસાના દિવસોમાં જ્યારે હવા ભેજવાળી અને અસ્થિર હોય છે, ત્યારે ખોરાકને પચાવવામાં મદદ કરવાવાળો હવામાં રહેલો ઓકસીજન વાયુ સહેલાઈથી પૂરતા પ્રમાણમાં મળી શકતો નથી; આથી ખોરાકનું પાચન ઓછું થાય છે અને આ આમરસનો સંગ્રહ વિશેષ રહે છે એટલા જ માટે આ ઋતુમાં ઝાડા, મરડો, અને અજીર્ણના ઘણા વધારે પ્રમાણમાં દરદીઓ નજરે પડે છે. નાના બાળકથી માંડીને છેક મોટી ઉંમર સુધીના તમામ લોકો આ જ રોગના ભોગ બનેલા હોય છે.

આવા ઋતુજન્ય સાર્વત્રિક રોગવાળી પરિસ્થિતિમાં સૂંઠ એક અજબ કામ કરનારી ઔષધિ માલુમ પડે છે.

થોડા વખત પહેલાં ઔષધાલયમાં બે માસના બચ્ચાને લઈને એક માતા બતાવવા આવેલી તે આવીને કહે; 'જુઓને વૈદરાજ, છોકરાને ઝાડા મટતા જ નથી, લોહી પરૂ જેવું વહ્યું જ જાય છે. અને નબળો પડતો જાય છે, આવા બે માસના ફૂલ જેવા બાળકને માટે દવા પણ શી આપવી ?'

માતાના સાંત્વનની ખાતર અતિવિષના ચૂર્ણની એક એક રતીની ત્રણ પડીકીઓ આપી, અને આ ઔષધની સાથે જ અરધા તોલા સૂંઠનું એક બીજું પડીકું આપ્યું, અને માતાને કહ્યું: 'બેન! દશ તોલા પાણીમાં આ દવા ઉકાળીને બે તોલા બાકી રહે ત્યારે ગાળી, થોડો ગોળ નાખીને તમે પી જજો અને હમણાં ઘી, ઘઉં જેવો ચીકણો ખોરાક ન લેશો,' બાઈએ એ પ્રમાણે કર્યું અને બીજે દિવસે જ બાળકને ઝાડા તદ્દન ઓછા થઇ ગયાના સમાચાર આવ્યા.

થોડા વખત પહેલાં લાંબા વખતથી મરડાનો ભોગ બનેલો દરદી પુષ્કળ પ્રમાણમાં અનેક ઔષધો ખાઈ ખાઈને છેવટે મારી પાસે આવેલો. જુદી જુદી જાતનાં ઈંજક્ષનો પણ એમણે લીધેલાં, એમની મુખ્ય ફરીયાદમાં જીભ, હોઠની અંદરનો ભાગ અને પેઢાં સદાય લાલ અને આળાં જ રહેતાં હતાં. પાંચ સાત દિવસ કબજિયાત રહે અને એ કબજિયાત જ્યારે અતિશય વધી જાય ત્યારે ઝાડા થઇ જતા હતા. આ ઝાડા વખતે અતિશય ચીકાશ પડતી અને દરદીને નબળાઇ લાગતી. આ દરદીને સૂંઠના પ્રયોગે રામબાણ અસર કરી. એમને હું આ પ્રમાણે ઔષધ આપતો. સૂંઠ તોલો ૦। ઈંદ્રજવ વાલ. ૨ રાળ વાલ. ૧ અને જેઠીમધનું ચૂર્ણ વાલ. ૧ આના દરરોજ ત્રણ પડીકાં પાણી સાથે આપવામાં આવતાં. ખોરાકમાં શરૂઆતમાં પંદર દિવસ કેવળ છાશ ભાત રાખેલ. એક શેર દૂધથી શરૂઆત કરીને ધીમે ધીમે સાડાચાર શેર દૂધની છાશ પંદર દિવસને અંતે લેવામાં આવતી. પંદર દિવસ પછી ૧૦ ભાગ ચોખા, ૨ ભાગ અડદ, ૨ ભાગ મગની દાળ અને બે ભાગ જાર ઉમેરી ઢોકળા જેવું આખું ભાંગુ ભરડી છાશમાં આથી બરાબર ખોળો આવે ત્યારે વરાળમાં બાફેલાં ઢોકળાં તૈયાર કરીને લેવાનું શરૂ કરાવ્યું. પંદર દિવસમાં આ ઢોકળાં અને છાશના પ્રયોગ પછી ધીમે ધીમે ખોરાક પણ આપવા માંડયો. પૂરા દોઢ માસને અંતે અઢી ત્રણ વર્ષનું આ અસહ્ય લાગતું દરદ આપ જ મટી ગયું. અને દરદીએ પૂરી પાચન શક્તિ પ્રમાણે બધો જ ખોરાક લેવા માંડયો.

આમના સંગ્રહથી થયેલા આ દરદમાં સૂંઠના સેવનથી આમનું પાચન થયું. રાળથી

મોઢાનાં અને આંતરડાંનાં ચાંદા રૂઝાયાં. જેઠી-મધથી મોઢાથી માંડીને આતરડાં સુધીના આળા થઈ ગયેલા ભાગને ઠંડક મળી વનસ્પતિ–ઔષધ યોજનાથી દરદીને આરામ થયો. આ પ્રસંગમાં રોગના કારણને અનુલક્ષીને પ્રધાન ઔષધમાં સૂંઠ જ હતી.

સૂંઠ એ પ્રસૂતાનું પ્રધાન ઔષધ. કહો તો તે ઔષધ, કહો તો ખોરાક–એવું બમણું કાર્ય કરે છે. એના સેવનથી સુવાવડ દરમ્યાન સહજ એવો વાયુ દૂર થાય છે. અને ખોરાકને પૂરતા પ્રમાણમાં પચાવી, ગયેલી તાકાત અને સ્ફુર્તિ પાછી લાવે છે. મંદાગ્નિ ઓછી કરે છે અને લોહીને વધારે છે. અને એટલા જ માટે સ્ત્રીઓમાં સવાશેર સૂંઠ ખાવાનો શાબ્દિક પ્રયોગ શરૂ થયો હશે.

પરંતુ આજની શહેરી અને જુની રૂઢિ પ્રત્યે સૂગ બતાવનારી સ્ત્રીઓ આ સૂંઠના ખોરાકથી દૂર ભાગે છે અને સ્ત્રીઓના જુદા જુદા અનેક રોગોના ભોગ બને છે, મરણને શરણ થાય છે. છેલ્લા સરકારી આરોગ્ય જગતના અહેવાલ મુજબ તો આજે સ્ત્રીઓનું મરણ પ્રમાણ પણ વધવા માંડયું છે.

પ્રથમ પ્રસૂતિ વખતે જ ચોક્કસ પ્રકારની માવજત અને આવશ્યક સૂંઠ-ઘીના ખોરાક વિના સ્ત્રીનું દેહ બંધારણ ભાંગી જાય છે, ગરમી અને પોષણ ન મળે તેવા આવશ્યક ખોરાકથી આમનો સંગ્રહ થાય છે. અજીર્ણ થાય છે અને સુવારોગ, સંગ્રહણી જેવાં દરદો પેદા થાય છે.

મારા એક મિત્રનાં પત્નીને પ્રથમ સુવાવડ-માંથી જ ઝાડાનું દરદ લાગુ પડયું છે. અને આજ સાત સાત વર્ષ થયાં તોય એમાંથી છુટકારો નથી થયો. વાતો કરતાં કરતાં સહજ ભાવે 'સૂંઠ ખાધેલી કે નહિ' એમ પૂછ્યું ત્યારે નકારમાં જ જવાબ મળ્યો અને મને રોગનું કારણ મળી ગયું મેં પૂછ્યું 'સૂંઠ કેમ ન ખાધી ?' તો કહે 'એ તે કોણ ખાય ? મોઢું બાળી નાંખે એટલી બધી તીખી હોય એ તો કોને ભાવે ?' 'તમને થોડી વાર પૂરતી તીખાશ ન ગમી, પણ એના પાપે આ સાત વર્ષથી આંતરડાં સડી ગયાં છે એ કેમ ગમે છે ? એમને છેલ્લા એક માસથી સૂંઠ પ્રયોગ ઉપર ચડાવ્યાં છે. દેવદાર્વાદિ ક્વાથ તોલા ૨ અને સૂંઠ તોલા ૧ નો ઉકાળો નિયમિત સવાર–સાંજ લે છે અને તબિયત ઉત્તરોત્તર સુધરતી જાય છે. સુવાવડમાંથી લાગુ પડેલા સુવારોગ–સંગ્રહણી જેવા દરદોમાં આ સૂંઠનો પ્રયોગ રામબાણ ઔષધ તરીકે સાબિત થયો છે અને અવશ્ય લાભ આપે છે.

રોગને અનુલક્ષીને આયુર્વેદ શાસ્ત્રે સૂંઠના તો બીજા અનેક પ્રયોગોની રચના કરી છે.

સૂંઠ તીખી છે એમ માનનારાઓ માટે મહર્ષિ ચરકનો નીચેનો પ્રયોગ સૂંઠ ભલે તીખી છે પણ ગરમ નથી એ બતાવવા માટે પૂરતો થશે.

વેદના સાથે પેશાબમાં લોહી પડતું હોય તો પોણોશેર દૂધમાં ૦। તોલો સૂંઠ અને થોડી સાકર નાંખી ગરમ કરીને પિવડાવવાનો નિર્દેશ છે. લોહી પડતું હોય એવા વ્યાધિમાં જો સૂંઠ ગરમ હોય તો આપી શકાય ખરી ? ખરી રીતે એનો મધુર અને શીતલ વિકાસ શરીરને ઠંડક આપે છે, શક્તિ આપે છે.

એવી રીતે હરસના દરદમાં પણ લોહી પડતું હોય છતાંય બે તોલા સુંઠને અરધે શેર પાણીમાં ઉકાળી બે તોલા પાણી બાકી રહે ત્યાર ગાળી

થોડું મધ કે ગોળ નાંખી પીવા આપવાનો નિર્દેશ મળે છે.

વધારે પડતો ભારે ચીકણો ખોરાક ખવાયો હોય ત્યારે હોજરીમાં ભાર લાગી દુઃખાવો ઉત્પન્ન થાય છે. અને કેમ જાણે ડચૂરો ચડતો હોય એવો ભાર લાગે છે. કોઇ પણ જાતનો પદાર્થ લેતાં એ જાણે અધવચ્ચે જ અટકીને ખૂંચતું હોય એવું લાગે છે. આવું થાય ત્યારે અરધા તોલા સૂંઠની એકલી કે ગોળ સાથે ફાકી લઇ લેવાથી ચીકાશ છૂટી પડી જાય છે અને દુઃખાવો ઓછો થઈ જાય છે. એ સ્વાનુભવની હકીકત છે.

ઝાડા, મરડો અને આમના પાચન માટે તો એ રામબાણ ઔષધ છે. ઉંમર અને દરદના જોર મુજબ ઈંદ્રયવના ચૂર્ણ સાથે દિવસમાં ત્રણ વખત લેવામાં આવશે, તો દરદની ફરિયાદ ઓછી થઇ જશે.

આમવાતનું એક ભારે ચીકણું અને અતિશય ચીકણું દુઃખ આપનારૂં દરદ અવાર નવાર નજરે પડે છે. આ દરદમાં કાચો આમ અને એમાં વાયુનો સંયોગ થઇ આખા શરીરમાં ફર્યા કરે છે. અને જ્યાં એ સ્થિર થાય છે. ત્યાં સોજો ઉત્પન્ન થઇ એ અંગને જકડી લે છે, લોહીના હલન-ચલનને પણ થંભાવી દે છે. અને હૃદય ઉપર એની અતિશય ખરાબ અસર થઇ નબળું બનાવી દે છે. આવા આ દરદમાં ગોખરૂ અન સૂંઠનો ઉકાળો પીવડાવવામાં આવે છે. અંગ્રેજીમાં જેને (સામાટિકા) કહે છે. તેવા ગ્રધ્રસી નામના વાત-વ્યાધિમાં પણ એ જ સૂંઠની સાથે એરંડીના મીંજની ખીર લેવાથી દરદીને આરામ થયાના દાખલાઓ શાસ્ત્રોમાંથી મળે છે.

દેશદેશાંતરમાં ફરવાવાળા લોકોને જુદા જુદા પ્રદેશોનું પાણી અને આબોહવા લેવાથી ઘણી વખત પાણી લાગવાથી મંદાગ્નિ અને અજીર્ણવાળો વિચિત્ર પ્રકારનો રોગ લાગુ પડે છે. એમા અવારનવાર ઝાડા થાય છે. નબળાઈ વધે છે. અને શરીર લોહી વિના ફિક્કું પાંડુ રોગ જેવું બની જાય છે. આ રોગ પાચનક્રિયાની ખામીમાંથી ઊભા થયેલા મંદાગ્નિના પ્રકારનો જ એક વ્યાધિ છે. આવા દરદમાં સૂંઠ એક અજબ ઔષધ છે. એના સેવનથી અજીર્ણ દૂર થઇ ખોરાકનું પાચન થઇ નવું લોહી આવે છે. અને દરદી તાકાત અને સ્ફૂર્તિ અનુભવે છે.

ઉદરરોગો અને પેશાબના કેટલાક વ્યાધિઓમાં જ્યારે દરદીને હાથે, પગે અને મોઢા ઉપર સોજા આવે છે. ત્યારે આવા સોજા ઉપર સૂંઠ ઘણી જ અસરકારક માલૂમ પડી છે. સૂંઠ તોલો અરધો અને એટલો જ ગોળ લઈ એની ગોળી લેવામાં આવે છે. અને તેના ઉપર સાટોડી નામની વનસ્પતિનો રસ કે ઉકાળો પીવામાં આવે, તો પેશાબ વાટે તમામ પ્રકારનાં ઝેરો નીકળી જાય છે. સૂંઠ એ દોષોને પકવવાનું અને પચાવવાનું કાર્ય કરે છે. જ્યારે સાટોડીમાં રહેલા પોટેશ્યમ ક્ષારો પેશાબને વધારી ઝેરને બહાર કાઢે છે. સાટોડી સોથઘ્ની હોવાથી સોજાને આ રીતે દૂર કરે છે.

આ રીતે જુદા જુદા વ્યાધિ પરત્વેનાં અનુપાનો યોજી સૂંઠ ઘણા મોટા રોગ સમુદાય ઉપર વાપરી શકાય છે. ઝાડા, મરડો, અજીર્ણ, કમળો, પાંડુ ઉદરરોગો, સોજાવાળાં દરદો, આમવાત; રામટિકા-ઉરૂસ્તંભ અને પેશાબ ભરાઇ રહેતો હોય તેવા તથા મૂત્રકૃચ્છનાં દરદો ઉપર એ ઉપયોગી છે.

# હિંસાનો દારૂણ વિપાક

**શ્રી ભવાનભાઇ પી. સંઘવી**

ભારતવર્ષમાં વૈતાઢયની ઉત્તર શ્રેણીમાં અમરચંચા નગરીમાં વિદ્યાધર રાજા મયૂરગ્રીવનો પુત્ર અશ્વગ્રીવ રાજ્ય કરતો હતો. તે વિદ્યાના બળથી અને પૂર્વના પુણ્યના ઉદયથી સર્વ વિદ્યાધરો અને ભારતના રાજાઓને જીતીને રત્નપુરમાં રાજ્યગાદી રાખીને રાજ્યલક્ષ્મી ભોગવતો હતો. તેને હરિશ્મશ્રુ નામે નાસ્તિકવાદી અમાત્ય હતો. તે અમાત્ય એવો મત ધરાવતો હતો કે, શરીરથી ભિન્ન એવો કોઇ આત્મા નથી. તેમજ પુણ્ય-પાપ કે એ પુણ્ય-પાપનું ફળ એવું કાંઇપણ નથી. નરકો નથી, દેવલોક નથી. એતો બધુંય સાંભળવામાં આવે છે એટલું જ છે. વાસ્તવિક નથી.

અશ્વગ્રીવે એક વખત કહ્યું કે, પ્રધાનજી! અમારી ઘણી વિપુલ ઋદ્ધિ અવશ્ય કોઇ મહાપુણ્યના ફળ તરીકે ઉપાર્જિત થયેલી હશે, તો હજી પણ શ્રમણ-બ્રાહ્મણો તથા દીન જનોને દાન આપું અને શીલ અને કાળને તપ દ્વારા ઉજ્જવળ બનાવું એવી મારી તિવ્ર ઇચ્છા છે. મને એમ લાગે છે કે, એથીજ મારૂં પરલોકનું હિત થશે.

હરિશ્મશ્રુ કહે છે કે, "સ્વામી! જેને માટે પરલોકનું હિત માગીએ, એવો જીવ જ નથી. જો દેહથી ભિન્ન એવો જીવ હોય તો પિંજરમાંથી નીકળતા પક્ષીની જેમ શરીરમાંથી બહાર નીકળતા એ જીવને અવશ્ય જોઇ શકાત. એમ જાણો કે, પાંચ મહાભૂતોનો મનુષ્ય નામનો સંયોગ ઉત્પન્ન થાય છે, જેને અજ્ઞાન લોકો જીવ કહે છે. પણ જેવી રીતે દર્શનીય એવું ઇન્દ્ર ધનુષ્ય યદૃચ્છાએ ઉત્પન્ન થાય છે. અને પાછું યદૃચ્છાએ નાશ પામે છે, એવી રીતે જ ખરી રીતે આ સંસારમાં કોઈ સારભૂત વસ્તુ નથી, કે જે શરીરનો નાશ થતાં પરભવમાં સંક્રમણ પામતી હોય, એટલે કે પાપ નથી તેમ જ પુણ્યનું ફળ પણ નથી, નરકનો ભય અને દેવલોકનું સુખ એ તો પંડિતોએ ઉપજાવી કાઢેલું છે. એટલે એ કાલ્પનિક છે. એવા કલ્પના માત્રના બોધ પ્રત્યે, કોઇ પણ વિશ્વાસ ન રાખો.

પરીક્ષકના મતથી જોતાં દેહથી ભિન્ન એવો કોઇ આત્મા છે જ નહિં. આ પ્રમાણે એ નાસ્તિક ધર્માભિમુખ અમાત્ય રાજા અશ્વગ્રીવને શિખામણ આપે છે. તે વખતમાં પોતનપુર ગામમાં દક્ષ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની ભદ્રા નામે રાણીની કુક્ષિથી એક પુત્ર અને એક પુત્રી જન્મ્યા હતા. પુત્રી મૃગાવતી કુમારી હતી. યૌવનને આંગણે આવીને ઉભી હતી. તેનું સ્વરૂપ મેનકા-ઉર્વશીના સ્વરૂપને પણ ઝાંખુ પાડે એવું હતું. એટલે કે, જેનાં પગના તળિયાની આંગળીઓ અનુક્રમે આવેલી. ગોળ અને રાતા નખથી યુક્ત એવા ચરણકમળવાળી, માંસલ, ગોળ અને સુકુમાર એકદમ દેખી ન શકાય એવી ગુઢ રોમ

---

ભૂખ લગાડવા માટે એનો ઉપયોગ તો આજે ઠીક જાણીતો છે. પ્રસૂતિનાં દરદો ઉપર પણ એ ચોક્કસ પ્રકારની અસર કરી પ્રસૂતાને શક્તિ અને આરામ આપે છે.

જુદાં જુદાં કફજ દરદો ઉપર સૂંઠ ઉષ્ણ ગુણ હોવાને લીધે તે વાપરી શકાય છે. અને એ જ રીતે એમાં રહેલી સ્નિગ્ધતા-ચીકાશના કારણે એ વાયુનાં દરદો ઉપર પણ ઉપયોગી થઈ શકે છે. એનો વિપાક મધુર હોવા કારણે પિત્તજ વ્યાધિઓમાં પણ અનુપાન ભેદથી આપવામાં આવે છે. અને સુંદર કાર્ય કરે છે. આમ સૂંઠ એ ત્રિદોષનું સર્વ સામાન્ય ઔષધ છે.

વૃધ્ધાવસ્થામાં નિયમિત રીતે સૂંઠનું સેવન શરીરની તાકાતને ટકાવી શક્તિ આપે છે, અને તમામ ઇંદ્રિયોને સતેજ રાખી પૂરતું આરોગ્ય જાળવે છે.

બધી જ રીતે સૂંઠ એ રોગનું અને આરોગ્યનું મહૌષધ છે.

★

યુક્ત જેની જંઘાઓ છે, તથા જેના નયનોના ખૂણા લાલ છે અને મધ્ય ભાગ સફેદ અને કૃષ્ણ વર્ણનો છે, ઉંચી પ્રશસ્ત નાસિકાવાળી તથા કોકીલ જેવા મધુર કંઠવાળી અત્યંત સૌંદર્યશાળી એ કન્યાને જોઇને મદન વશ થયેલો તેનો પિતા તેના સ્વરૂપ ઉપર આસક્ત બનીને કામોત્તેજક બની ગયો અને વિચારવા લાગ્યો કે આવું અમૂલ્ય રત્ન જો હું ન ભોગવું તો મારો જન્મ અને જીવન બન્ને વ્યર્થ છે. પછી લાંબો વિચાર કરીને નાગરિક વર્ગમાંથી પ્રતિષ્ઠિત પુરુષોને બોલાવીને તેમનો પૂર્ણ સત્કાર કર્યો અને તેઓને યોગ્ય આસનો આપી, બેસાડીને તેઓને રાજાએ પૂછયું કે–

'મારા પુરમાં અર્થાત્ મારા અંતઃપુરમાં જે રત્ન પ્રાપ્ત થાય તેનો માલિક એટલે તેને ભોગવનાર કોણ થાય ?

સૌ જન બોલ્યા કે 'આપ ખુદ.'

બસ, મારે એટલું જ પૂછવાનું હતું. તમે બોલ્યા તે મારે પ્રમાણ છે. પછી આવેલા ગૃહસ્થોને માનભેર વિદાય આપીને રાજા મૃગાવતીને બોલાવી પોતાના ખોળામાં બેસાડીને કહે છે કે, "પ્રિયે ! બાળમૃગ જેવા ચંચળ નયનોવાળી ! તું મને જો અને મારી ભાર્યા તું થા, અને પટરાણી પદનો આજે જ તું સ્વીકાર કર ! "

આ પ્રમાણે રાજાની માગણીને અન્યાયી ગણતી પુત્રી રાજાને કહે છે કે, તમારી જેવો જ્ઞાની અને ન્યાયી રાજા શું વદે છે ?

રાજા કહે છે 'પુત્રી ! હું મને જે કુદરતી પ્રેરણા થઇ છે એ જ બોલું છું. મારી ઇચ્છા તું પૂર્ણ કરવા માટે જ જન્મી છો. તેં મહાપંડિત હરિશ્મશ્રુનો મત સાંભળ્યો છે ? પાપ અથવા પુણ્યનું ફળ ભવાન્તરમાં અનુભવે એ શરીરથી ભિન્ન કોઇ આત્મા જ નથી. માટે એવા કોઇ પાપના ડરથી ડરીને તને મળતી વિપુલ લક્ષ્મીની અવજ્ઞા ન કર. તું મારી પ્રાણપ્રિયા બન, તો તારૂં ને મારૂં જીવન સફળ થઇ જશે. મૃગાવતી તેમ કરવા સ્મિત દ્વારા ખુશી બતાવે છે, અને પિતાનો પતિ તરીકે સ્વીકાર કરે છે.

એકવાર સુખશયનમાં સૂતેલી મૃગાવતીને સાત મહા સ્વપ્નો આવ્યા અને પોતે જાગી ગઇ, તેણે એ સ્વપ્નો પ્રજાપતિને જણાવ્યાં. તેણે ઘણાં જ આનંદ સાથે કહ્યું.

'પ્રિયે ! તેં જે પ્રકારનાં સ્વપ્નાં જોયાં છે, તે ઉપરથી તારો પુત્ર ભરતાર્ધનો સ્વામી થશે.'

મહાશુક્ર કલ્પના અધિપતિનો સામાનિક દેવ સત્તર સાગરોપમ સુધી સુર સુખ અનુભવીને, ચ્યુત થઇને મૃગાવતીની કુક્ષીમાં આવ્યો. પછી પૂરે દહાડે પૂર્ણ ભાગ્ય રેખાઓથી અંકિત એવા તે પુત્રરત્નને તેણે જન્મ આપ્યો અને તેનું ત્રિપૃષ્ઠ એવું યથાર્થ નામ પાડવામાં આવ્યું.

શ્રીવત્સથી યુક્ત વક્ષઃસ્થળવાળો અને મોગરાના પુષ્પ જેવો ધવલ દેહવાળો અચલકુમાર શરદઋતુના ચંદ્ર જેવો બીજો થયો તે બન્ને કુમારો લાલન–પાલનથી ઉછરવા લાગ્યા.

હવે રથનુપુર ચક્રવાલ નગરમાં જ્વલનજટી નામે વિદ્યાધર રાજા હતો. તેને સુપ્રભા નામે દેવી હતી, સૂર્યના જેવો તેજસ્વી તેમનો અર્કકીર્તિ નામે કુમાર હતો અને સ્વયંપ્રભા નામે પુત્રી હતી. તે કન્યા બહુ જ રૂપવતી હતી. રાજાએ પોતાના નૈમિત્તિક સંભિન્નશ્રોતને એક વખત પુછયું કે:–

'આર્ય ! મારી પુત્રી સ્વયંપ્રભા કુમારીને કોને આપવી ? અશ્વગ્રીવ રાજાને આપવી કે, બીજા કોઇ વિદ્યાધરને ?'

તેણે નિમિત્તના બળથી જોઇને કહ્યું, "રાજા ! એ અશ્વગ્રીવ અલ્પાયુ છે. આ કુમારી તો વસુદેવની અગ્રમહિષી થશે. તે (વાસુદેવ) પ્રજાપતિ રાજાનો ત્રિપૃષ્ઠ નામે પુત્ર છે કે જેની માતા મૃગાવતી છે. તે ત્રિપૃષ્ઠને એ કન્યા આપો. મેં જ્ઞાન ચક્ષુથી તે જોયું છે.

રાજાએ કહ્યું કે, આપનું કહેવું મારે પ્રમાણ છે. હવે જેને વિદ્યાધરો અને માનવો સદાય નમેલા હતા, એવા અશ્વગ્રીવે નૈમિત્તિકને પૂછયું કે–

'ભગવંત ! મારો કોઇ શત્રુ છે ખરો ? નૈમિત્તિકે જોઇને કહ્યું કે, 'હા છે.'

અશ્વગ્રીવ કહે છે કે મારે તેને કેવી રીતે જાણવો ?'

નૈમિત્તિક કહે છે, કે– જે તારા ચંડસિંહ દૂતનું અપમાન કરશે અને પશ્ચિમ પ્રદેશમાં હિમવંત પર્વતની સમીપે આયુધ વગર જે પુરુષ સિંહને મારશે તેનાથી તારૂં મૃત્યુ થશે: એમાં જરાય સંદેહ નથી.'

પછી તેણે પરીક્ષા માટે સર્વ રાજકુલોમાં ચંડસિંહને મોકલ્યો તે સર્વ સ્થળેથી સન્માન પામીને આવતો હતો પણ 'પ્રેક્ષાગૃહમાં ગયેલા અમારા પિતાને તું હેરાન કરે છે' એમ કહીને પ્રજાપતિના પુત્રોએ તેનું અપમાન કર્યું.

દક્ષ રાજાને ખબર પડી કે 'મારા પુત્રોએ દૂતનું અપમાન કર્યું છે' તેવું જાણીને દૂતને રાજી રાખવા મીઠા શબ્દોનો ઉપયોગ કરી દક્ષે તે દૂતને કહ્યું. 'આર્ય ! એ મારા પુત્રો તમારા જ ગણાય. એ તો બાળક અને અજ્ઞાન છે. માટે એના બોલવા તરફ તમારી જેવા મ્હોટા પુરૂષે નહિં જોતાં ક્ષમા દાખવવી. એમ સમજાવી સન્માન કરી તેને વિદાય કર્યો.

દૂતે અશ્વગ્રીવને પોતાનું સન્માન થયાનું જણાવ્યું પણ અપમાન થયાનું વિષ પોતે ઉતારી ગયો. પરંતુ બીજી રીતે ખબર સાંપડતાં અશ્વગ્રીવે જાણી લીધું કે, પ્રજાપતિ દક્ષના પુત્રોએ દૂતનું અપમાન કર્યું હતું. પછી દક્ષને તેણે કહેણુ મોકલ્યું કે–

"કુમારો અહીં આવે તો મારે તેને મળવું છે." દક્ષે જણાવ્યું કે મહારાજ ! આપની આજ્ઞાથી તેઓ પશ્ચિમ દિશામાં સિંહના ભયનું નિવારણ કરવા ગયા છે.

ત્રિપૃષ્ઠ રથમાં બેસીને જાય છે ત્યાં તેણે એક મહાકાય સિંહને જોયો. 'રથમાં બેઠેલા અને પગે ચાલનારનું યુદ્ધ અસમાન–અયોગ્ય છે,' એમ વિચારીને તે રથમાંથી નીચે ઉતર્યો. પણ પાછો તેણે વિચાર કર્યો કે 'સાયુધ અને નિરાયુધ લડે તે ન્યાયથી વિરૂદ્ધ છે.' એમ વિચારીને પોતાના હાથમાંથી તલવાર દૂર ફેંકી દીધી પછી ડાબો હાથ પાછળ સંકોચીને તે ઉભો રહ્યો.

સિંહે ત્રાપ મારી અને તેનો જમણો હાથ મોંમા લીધો એટલે ત્રિપૃષ્ઠે સંકોચેલો ડાબો હાથ લાંબો કર્યો, જરા પણ ગભરાયા વિના પોતાની અદ્દભુત શક્તિને બળે સિંહનું મુખ ચીરી નાંખ્યું, પછી જુના કપડાની જેમ હૃદય પ્રદેશ સુધી સિંહનું શરીર ચીરી નાંખ્યું. ત્રિપૃષ્ઠે ફેંકી દીધેલો સિંહ અમર્ષથી તરફડતો હતો. તેને સારથીએ કહ્યું કે:–

ભાઈ ! તને તો પુરુષસિંહે માર્યો છે. કુપુરુષે માર્યો નથી. પછી સિંહનું પ્રાણપંખેરૂ ઉડી ગયું. ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવને કહેવરાવ્યું કે હવે તમે સુખેથી સૌ રાજાઓ રહો. પણ સિંહને મરાયેલો જાણીને અશ્વગ્રીવને શંકા થઇ, તેણે પછી તુરત જ સ્વયંપ્રભાની માગણી કરી, પણ તેના પિતા જ્વલનજટીએ આપવાની ના કહી. કાલક્ષેપને નહીં સહન કરી શકતો તે જ્વલનજટી સર્વસુગુણસંપન્ન (ઉત્તમ લક્ષણોવાળી) કન્યાને ત્રિપૃષ્ઠને આપવા માટે તૈયાર થયો. અને ત્રિપૃષ્ઠ પાસે કન્યાને લઇને આવ્યો.

સંભિન્નશ્રોત નૈમિત્તિકે ત્રિપૃષ્ઠને કહ્યું "દેવ !" સ્વયંપ્રભા સાથે પાણિગ્રહણ કરો. તમે ભારતવર્ષના સ્વામી હો; માટે જયથી વૃદ્ધિ પામો.

ત્રિપૃષ્ઠને સ્વયંપ્રભા આપી હોવાનું સાંભળીને કોપેલો અશ્વગ્રીવ લડાઈ કરવા માટે સૈન્ય વાહન સહિત રથાવર્ત પર્વત ઉપર આવ્યો. ત્રિપૃષ્ઠ અને જ્વલનજટીના પક્ષના વિદ્યાધરો પણ ત્યાં ભેગા થયા. પછી બંને વિદ્યાધરોનું યુદ્ધ છ માસ સુધી ચાલ્યું. પછી ત્રિપૃષ્ઠે પોતાના ચક્રથી અશ્વગ્રીવનો વધ કર્યો અશ્વગ્રીવ મરીને સાતમી પૃથ્વીમાં ગયો અને આ ભારતમાં અવસર્પિણિમાં ત્રિપૃષ્ઠ પહેલો વાસુદેવ થયો. હરિશ્મશ્રુ પણ મરીને સાતમી પૃથ્વીમાં જ નારક થયો. પછી મારા વિન્ધમાં આ ઉપસ્થિત થયો એટલે મારી દુર્ગતિનું કારણ થયો છે.

આવું વિચારતાં અશ્વગ્રીવ અને હરિશ્મશ્રુને વૈર બંધાયું, અવધિ વિષયથી એકબીજાને જોતાં તે જ ક્ષણે રોષથી બળી રહેલા એવા તે બન્નેનું યુદ્ધ

એવું સાતમી પૃથ્વી પર ભયંકર જામ્યું. તેઓ પોતે વિકુર્વેલા સેંકડો હથિયારો વડે એક બીજાને પ્રહાર કરવા લાગ્યા. આ પ્રમાણે ઉત્કૃષ્ટ શીત, ક્ષુધા અને તૃષાને અનુભવતા. તથા ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના પરિણામથી કલુષિત હૃદયવાળા તેઓનાં એ રીતે વૈર ભાવમાં રહેતાં-રહેતાં તેત્રીસ સાગરોપમ વીતી ગયા.

નાસ્તિકવાદનું પ્રકાશન કરવાથી બંધાયેલા દર્શન મોહનીય કર્મના સંચય વડે દીર્ઘકાળ સુધી દુઃખ પરંપરા અનુભવીને હરિશ્મશ્રુ મહિષ અવસ્થામાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી કેવી રીતે તે દેવ થયો તે કહું છું, તે સાંભળો—

માયાની બહુલતાથી જેણે તિર્યંચનું આયુષ્ય બાંધ્યું છે એવો તથા અશાતાવેદનીયની સાંકળમાં બંધાયેલો હરિશ્મશ્રુ અંતે નરકમાંથી ઉદ્વર્તિત થઇને તે મર્ત્ય થયો. ત્યાં પણ પંચેન્દ્રિયના વધ અને માંસાહારમાં આસક્ત એવો તે પૂર્વ કોટિ સુધી જીવીને નારકનું આયુષ્ય બાંધીને છઠ્ઠી પૃથ્વીમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ બાવીસ સાગરોપમ સુધી ત્યાંના પુદ્ગલોના પરિણામથી ઉત્પન્ન થયેલું અને પરસ્પરને પીડા કરવાના નિમિત્તનું દુઃખ અનુભવીને ઉદ્વર્તિત થઇને તે સાપ થયો. ત્યાં પણ તે ભવ-નિમિત્તક રોષથી કલુષિત ચિત્તવાળો તે મરણ પામીને પાંચમી પૃથ્વીમાં સત્તર સાગરોપમની સ્થિતિવાળો નારક થયો. ત્યાંથી તિર્યંચનું આયુષ્ય બાંધીને વાઘ થયો. ત્યાં પણ પ્રાણીવધથી મલિન હૃદયવાળો તે મરીને ચોથી પૃથ્વીમાં ઉત્પન્ન થયો.

ત્યાં દસ સાગરોપમ સુધી કલેશ અનુભવીને મરણ પામી કંક પક્ષી થયો. ત્યાં પણ જીવવધમાં ઉધત અને દારૂણ ચિત્તવાળો તે ત્રીજી પૃથ્વીમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ સાત સાગરોપમ સુધી ઉત્કૃષ્ટ વેદના તથા પરમાધામી દેવો તરફની પીડા અનુભવીને પછી પાછો સાપ થયો. પછી અતિશય દુઃખ અનુભવીને મરીને બીજી પૃથ્વી શર્કરાપ્રભામાં ઉત્પન્ન થયો. ત્યાં ત્રણ સાગરોપમ સુધી દુઃખાગ્નિથી દાઝીને ઉદ્વર્તિત થઇને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થયો. ત્યાંથી મરીને રત્નપ્રભામાં નારક થયો. એક સાગરોપમ સુધી ત્યાં વસીને પંચેન્દ્રિય તિર્યંચ થયો. પછી ચૌરેન્દ્રિયમાં છ માસનું આયુષ્ય પામીને ત્રીન્દ્રિય થયો. ત્યાં ઓગણપચાસ રાત્રી-દિવસ જીવીને પછી દુઃખમરણથી પીડાયેલો તે દ્વીન્દ્રિય થયો.

પછી તિર્યંચગતિ પામ્યો. ઉપાર્જિત કરેલા આહાર વિઘ્નને લીધે દૂધ નહી પામતો એવો તે બાલ્યાવસ્થામાં જ મરણ પામીને બકરો થયો, ત્યાં પણ ભરવાડ દૂધ લઇ લેતો હતો, તેથી મૃત્યુ પામ્યો અને પછી કામદેવની ભેંસોના યુથમાં ભેંસનો પાડો થયો. દંડક ગોપે તેને મારી નાંખ્યો 'બધું શૂન્ય છે.' એમ પૂર્વે તે માનતો હતો તથા શત્રુઓ પ્રત્યે નિર્દય હતો તેથી અનેક જન્મ-મરણનાં દુઃખો તેણે પ્રાપ્ત કર્યાં. પછી ફરીને તે ભેંસનો પાડો થયો. માંસની ઇચ્છાવાળા દંડકે તેને, અશુભ કર્મનો સંચય ઓછો થવાથી તે પૂર્વ જન્મનું સ્મરણ કરતો હતો, તે વખતે મારી નાંખ્યો.

એ પ્રમાણે સાતવાર જન્મ્યો અને સાતવાર વધ કરવામાં આવ્યો. આઠમા જન્મમાં પૂર્વ જન્મનું સ્મરણ કરતો મરણથી ડરતો અને માતાના સ્તનપાનની ઇચ્છા નહીં કરતો તે દંડકને પગે પડયો. ત્યારપછી શું થયું ? તે આગળ પહેલું લખાઇ ગયું છે. "અમાત્યના સદ્બોધથી સમ્યકત્વ પ્રાપ્ત કરીને તે લોહિતાક્ષ દેવ થયો" કે જેનું નામ ભદ્રક મહિષ હતું.

જે મહા આરંભ, પરિગ્રહ અને અધિકરણ (અસંયમ) વાળો હતો. કામ ભોગોનો જેણે સ્હેજ પણ ત્યાગ કર્યો નહોતો અને હરિશ્મશ્રુના મતને અનુસરીને જેણે ધર્મનો ત્યાગ કર્યો હતો, એવો તે અશ્વગ્રીવ હું જ તમારી આ પૃથ્વીમાં તેત્રીસ સાગરોપમ સુધી દુઃખ અનુભવીને અને તિર્યંચ નારક તથા હલકાં મનુષ્યોના ભવ વડે અનુબદ્ધ સંસારમાં ભમીને અહિં આવ્યો. અમાત્યના વચનોમાંથી નિકળેલા જિન વચન રૂપી અમૃત વડે સીંચાયેલા હૃદયવાળો હું પ્રવજ્યા લઇને તપોબળ વડે ઘાતિ કર્મનો પરાજય કરીને કૃતકૃત્ય એવો સર્વજ્ઞ થયો છું.

આ સાંભળીને જેને ધર્મ રાગ પેદા થયો છે એવો લોહિતાક્ષ દેવ ઊઠીને કેવલી ભગવાનની પ્રદક્ષિણા કરીને વિનયપૂર્વક પ્રણામ કરીને બોલ્યો.

'ભગવન્! આપે મારા જે જન્મો કહ્યા તે નિ:સંશય તે પ્રમાણે છે. અવધિ વિષયથી તે હું જાણું છું તથા આપે વર્ણવેલા એ જન્મોનું મને સ્મરણ છે. મિથ્યાત્વથી આવરાયેલા મેં ઉન્માર્ગ દર્શાવીને લોકોને વ્યુદ્‌ગ્રાહિત કર્યાં તેનું કટુ ફળ હું પામી ચુકયો છું.

હવે મારી બુદ્ધિ જિનવચનમાં પૂર્ણ રૂચિવાળી અને પૂર્ણશ્રદ્ધાવાળી છે જેથી હવે ફરી હું કશાયમાં મોહ નહીં પામું. એમ કહીને કેવલી ભગવાનને પગે તે પડયો.

એ સમયે જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, એવો જિતશત્રુ રાજા સિંહધ્વજ પુત્રને રાજ્ય આપીને ઘણા પરિવાર સહિત દીક્ષા લઇને અમાત્યની સાથે શ્રમણ થયો.

લોહિતાક્ષ દેવે કામદેવને વિપુલ ધન આપ્યું અને એ ધનમાંથી ભગવાન મૃગધ્વજનું આયતન કર્યું. ભગવાનની પ્રતિમા બનાવીને મૂકી તથા ભદ્રક મહિષની ત્રણ પગવાળી (લોહિતાક્ષની) આકૃતિ સ્થાપન કરી છે.

મૃગધ્વજ ભગવાન નિર્વાણ સમયે ક્ષીરાસ્રવ વચને કહે છે કે, જેમણે જીવ, અજીવ, બંધ, મોક્ષના વિધાનોને સારી રીતે જોયા છે એવા અરિહંતોએ પોતાના ઉપદેશ દ્વારા કહ્યું છે કે 'યુવા, વૃદ્ધ આદિ પર્યાયોથી આત્મા યુક્ત છે.' તેનાં નામો જીવ, આત્મા, પ્રાણી, ભૂત, સત્વ, સ્વયંભૂ વગેરે છે. તે જો ન હોય તો પુણ્ય અને પાપનાં ફળોની નિરર્થકતા થાય. વિવિધ કર્મનાં અનુભાગી પ્રાણીઓમાં પરિપાક પામતું પ્રત્યક્ષ જે દેખાય છે તે સુકૃત અને દુષ્કૃતનું ફળ છે, માટે શ્રદ્ધા કરવા લાયક એવો જીવ છે.

દ્રવ્યાર્થથી તે નિત્ય છે, સંસારને આશ્રીને તે સ્ત્રી, પુરુષ આદિ રૂપે દેખાય છે, તે ભાવનો નાશ થતાં અશાશ્વત (જીવરૂપે શાશ્વત, પણ પર્યાયરૂપે અશાશ્વત) દેખાય છે. તે પ્રકારના યોગને પ્રાપ્ત કરીને પ્રમત્ત દેખાય છે, ઇન્દ્રિય સહિત હોવાથી તે કર્તા છે, પોતે કરેલાં શુભાશુભ કર્મોના ઉદયનો તે ભોકતા છે, પોતાનાં કર્મથી બનેલાં સૂક્ષ્મ–બાદર શરીર જેટલા પ્રમાણવાળો છે; રાગ–દ્વેષ વશ પડેલો તે જીવ કર્મ મલ વડે કલંકિત થઇને નારક, તિર્યંચ, માનવ અને દેવ ભવમાં ભ્રમણ કરે છે, ને સમ્યકત્વ અને જ્ઞાન પ્રાપ્ત થતાં તપ–ત્યાગ રૂપી જપ વડે (કર્મમલ) પ્રક્ષાલિત થતાં તે મુક્ત થાય છે.''

—હે ભવ્યાત્મા ! તમારૂં આયુષ્ય મનુષ્ય ભવમાં કેટલું છે ? એ તમોને ખબર નથી પણ એટલું તો ખરૂં કે, નરક તિર્યંચ ગતિના સાગરોપમના સાગરોપમ સમયનાં દુ:ખ ભોગવવા પડે છે. ફક્ત ક્ષણનું સુખ ભોગવવા ખાતર જ કર્મમલથી તે લેપાઈ જાય છે, અને કદી પણ એ ચીકણો મળ ઉખડે નહિં, એવા કર્મ કરી નાંખે છે. તો જે શ્રાવક થઇને જિન વચનો પ્રત્યે પણ ઉપેક્ષા સેવી રહ્યા છે એ કેટલા દુ:ખની વાત છે? ભાઈ તું ફક્ત એક જ મહાવ્રતને તારા જીવનમાં અંગીકાર ન કરી શકે? જો કે અરિહંત દેવે ચાર મહાવ્રતો કહ્યાં છે:– અહિંસા, સત્યવચન, અદત્તાદાન અને અપરિગ્રહ. એમાંથી તું ફક્ત અહિંસા વ્રત કે જે સકલ જીવોને અભય આપનારૂં છે એ વ્રત મન, વચન અને કાયાથી તું પરિપૂર્ણપણે પાળે તો અવશ્ય તારૂં ભવભ્રમણ મટી જાય અને મુક્તિને દ્વારે જઈ શકે; બાકી પેલા હરિશ્મશ્રુ નાસ્તિકવાદી અમાત્યની પેઠે પુણ્ય કે પાપ તેનું ફળ તથા જીવ કે આત્મા એવી વસ્તુ નથી જ એવું જો માનતો હો તો વધુ કાંઈ કહેવા કરતાં એટલું જ કહેવું વધુ ઉચિત માને છે કે; ધર્મનો દ્રોહ કરનારા એ હરિશ્મશ્રુ અમાત્યના કહેલા ભવો થયા અને કેટલાં દુ:ખો તે પામ્યો એ તરફ નજર કરીયે અને અમાત્યના સદ્‌બોધથી તે તરી ગયો એ પણ લક્ષમાં લેવાની જરૂર છે. એટલું લખી છેવટે વિનંતી પૂર્વક કહેવાનું કે વડીલ ગુરુજન પ્રત્યે પૂજ્ય ભાવના રાખી તેની સન્માર્ગીય શિખામણની ઉપેક્ષા નહીં કરતાં ગ્રહણ કરો જરૂર કલ્યાણ થશે.

★

'કલ્યાણ' માસિક, વાર્ષિક લવાજમ રૂા. ૫–૫૦

# પંચ પરમેષ્ઠિના પ્રભાવે શ્રી રાજેશ

નવકાર મહામંત્ર એક શાશ્વત સિદ્ધ મંત્ર છે; મહામંત્રનું ધ્યાન કરનાર પાપાત્મા પણ પાપનો ત્યાગ કરી મહાન બની શકે છે; નવકાર મહામંત્રનું એકતાનથી ધ્યાન કરનાર પ્રાણી પલમાં આત્મ મલને દૂર ફગાવી શાશ્વત સિદ્ધિઓનો ભોક્તા બને છે.

અને ઐહિક સિધ્ધિઓ તો આત્મસાત્ એક જ ક્ષણમાં એ મહામંત્રના પ્રકટ પ્રભાવી પૂનિત ધ્યાનથી થાય.

—दृष्टे वृश्चिकसर्पाद्यौ, दानवोपद्रवे तथा,
ध्यायेत् पञ्चनमस्कारं सर्वै दुःखैर्विमुच्यते. ॥

વીંછુ–સર્પ આદિ કરડે ત્યારે, રાક્ષસોના ઉપદ્રવ સમયે, પાંચ પરમેષ્ઠીનું શુભ ભાવથી ધ્યાન કરનાર પ્રાણી સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

(૧)

ક્ષિતિપ્રતિષ્ઠિતપુરના પાદરમાં વહેતી નદીએ આજે માઝા મૂકી છે. અનેક તરંગોને ઉછાળતી બંને કાંઠે પૂર આવેલ નદી ઘોડાપૂરે વહી રહી છે. હજારો નર–નારીઓનો સમુદાય નદીના પૂરને નિહાળવા એકત્ર થયેલો છે. હજારોની આંખોને વીંધતો વેગ; અને એમાં પડતાં સૂર્યરશ્મિઓથી સાક્ષાત્ સુંદર સાડી પરિધાન કરેલ નવોઢાની ઉપમા સમી તે સરિતા કવિઓને ભાસતી હતી.

અરે આ દૂરથી લીલું લીલું શું દેખાય છે ? સભામાંથી શબ્દ આવ્યો. ઉત્તર–પ્રત્યુત્તરની પરવા વિના તારૂઓ ચીજને લેવા આગળ વધ્યા. બહાર આવીને જોતાં બધા જ આભા બની ગયા. આહ ! આવું સુંદર ફળ ! અરે આવું ફળ ખાવાની વાત તો દૂર રહી પણ નજરે પણ આ નશ્વર જીંદગીમાં કોઈએ નહી જોયું હોય. આ સુંદર ફળ તો રાજાજીને અર્પણ કરવા લાયક છે. તે હતું મન બહેકાવતું બીજોરક ફળ.

સેવકોએ બલિરાજાને તે ફળ આપ્યું.

—આહ ! શું સુંદર સ્વરૂપ ! અને એનો સ્વાદ તો ! અરે ! ગમે તેટલું ખાઓ તો પણ ધરાઓ જ નહી. એની સુવાસ લાલ લાલ પુષ્પોની સુગંધને પણ આંબે એવી.

આવું ફળ કયાંથી લાવ્યા ? રાજાએ પૂછયું.

મહારાજ ! નદીમાં તરતું એ ફળ અમને પ્રાપ્ત થયું છે. સેવકે કહ્યું.

જાઓ ! એ ફળ કયાં મળે છે ? તે તપાસ કરી જલ્દી મને જણાવો.

(૨)

ભાઈ ! કેમ આ ઉપવનમાં આવ્યા છો ?

ઉદ્યાનની રમ્ય શોભા નિહાળવા.

તમે કોઇ પરદેશી પથિક લાગો છો ?

પણ એનાથી આપને શું પ્રયોજન ?

પ્રયોજન એ જ કે આપ વસ્તુસ્થિતિથી અપરિચિત હોઈ મૃત્યુના મુખમાં સ્વયંને મૂકી દેશો.

અરે ! શું કહો છો ? હું સ્વયંને મૃત્યના મુખમાં કેવી રીતે મુકી રહ્યો છું ? એ સમજાતું નથી.

આગન્તુક એકદમ વૃધ્ધના કથનથી ગભરાઇ ગયો.

ભાઇ ! આ ઉપવનમાં આવનારની શી દશા થાય છે તે આપ જાણો છો ? આ યક્ષાધિષ્ઠિત રમ્ય ઉદ્યાન છે; તેની અંદર પ્રવેશ કરનારને

યા તો તેમાં રહેલ પુષ્પ-ફળની એક પણ કળી ચુંટનારને યક્ષ પ્રાણથી અળગો કરે છે. વૃધ્ધે કહ્યું.

જો એવું જ છે તો રાજાજીએ મને ફળની તલાશ કરવા મુકયો હતો અને તે બીજોરાનું ફલ પણ અહીં જ છે. સેવકે જવાબ આપ્યો.

ભાઈ! આપ જઈને રાજાજીને નિવેદન કરી દેજો કે, એ દાતવના ઉદ્યાનમાં પ્રવેશ માત્ર કરવાની પણ કોઈ માનવની તાકાત નથી. માટે આપ રસલોલુપી ન બનતાં પ્રજાનું સુખપૂર્વક પાલન કરજો એટલું કહી વૃધ્ધે વિદાય સ્વીકારી.

સેવકે રાજાને પરિસ્થિતિનું પૂર્ણ જ્ઞાન કરાવ્યું, પણ માને એ બીજા.

એક વખત સ્વાદનો ચડેલો ચટકો હવે લટકો લીધા વિના રહે ખરો?

ગામમાં ઢંઢેરો પીટાવી દીધો કેઃ- ચીઠ્ઠી પ્રમાણે રોજ એક માણસને ફળ લેવા જવું. ફળ નદીમાં વહેતું કરી દેવું.

રાજાજ્ઞાનું અપમાન કોણ કરી શકે? નિર્દોષ પ્રાણીઓની નિત્ય કતલ એક લૂલીના લટકાની ખાતર થવા લાગી.

નિયમિત ફલ લેવા એકેક માણસ જવા લાગ્યા. ફલ તોડીને નદીમાં નાખે કે તરત જ તે યક્ષ તે માનવને જાનથી મારી નાંખે.

(૩)

આજે જિનદાસ શ્રેષ્ઠીનો વારો હતો, સમ્યક્ત્વને ધારણ કરનાર, સુદેવ-ગુરુ-ધર્મની શુધ્ધ ઉપાસના કરનાર તેના હૃદયમાં ન તો મરણનો ભય હતો, ન જીવનનો હર્ષ હતો. વીતરાગની આરાધનાનું ખમીર તેના નેત્રોમાં નર્તન કરી રહ્યું હતું.

પ્રભાતમાં જ પ્રતિક્રમણાદિ ક્રિયાથી નિવૃત્ત બની પરમાત્માનું પૂનીત ભાવથી અર્ચન કર્યું; સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી સાગારિક અનશન આદરી શ્રાવક જિનદાસે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા પૂર્વક ત્યાંથી ઉપવનની તરફ પ્રયાણ કર્યું.

એના અંગે અંગમાં નવકાર મહામંત્રને વસાવો દીધો છે. શ્રી નવકાર મહામંત્રના શરણે મન, વચન અને કાયાનું સમર્પણ કર્યું.

ઉચ્ચ સ્વરે નમસ્કાર મહામંત્રનું રટણ કરતો તે ઉપવનમાં પ્રવેશ્યો.

અરે! આ મધુર ગુંજારવ કયાંથી આવી રહેલ છે? આવા પવિત્ર શબ્દો જરૂર મેં કોઈક સમય સાંભળેલા છે, કહેલા છે. શ્રી નવકાર મહામંત્રને સાંભળી ક્રુર યક્ષ દ્રવી ગયો. જ્ઞાનોપયોગ દ્વારા તેણે પોતાનો પૂર્વભવ જોયો.

અરે! પૂર્વભવમાં હું એક જિનેશ્વરનો ઉપાસક સાધુ હતો. સાધુપણું અંગીકાર કરવા છતાં પણ તેના પાલનમાં મેં ઉપેક્ષા રાખી. હાથમાં આવેલ ચિંતામણિ રત્નને મેં એળે ગુમાવ્યું. ચારિત્ર-વિરાધનાના પ્રતાપે મરી હું નીચ જાતિનો દેવ થયો.

મહાત્મા! આ પાપાત્માના આધારભૂત આપજ છો; ખરેજ! આપ પૂજ્યનું આગમન અહીં આજે ન થયું હોત તો આ પાપીની કેવી કુટિલ દશા થાત; હવે આપ જ મારા ધર્મગુરુ છો, માટે આપ કોઇ પણ વર માગી પાસે માગોઃ દેવદર્શન અમોઘ હોય છે.

કેવળ અત્યાર સુધી, માનવભક્ષને જ લક્ષમાં રાખનાર યક્ષ આજે પોતાની તે કરણીથી ખિન્ન બની ગયો હતો. તેથી જ જિનદાસ શ્રાવકના ચરણયુગમાં પડી વિનમ્ર ભાવે શ્રેષ્ઠ

શિષ્યની જેમ વિનંતિ કરી રહ્યો હતો.

મહાનુભાવ ! જો તું સંસારલીલાથી ઉદ્વિગ્ન થયો હોય, અનંત સુખની યાત્રાએ પ્રસ્થાન કરવાની તારી હાર્દિક ભાવના હોય તો આ ઘોર હિંસારૂપ મહાપાપને તારાથી દૂર ફગાવી દે ! જો તમે મારા પર પ્રસન્ન હો, તો હું આ એક જ વર માગું છું.

વાહરે ! પરોપકાર પરાયણ શ્રાદ્ધવર્ય ! આ તો કેવળ મારા આત્માનું અધઃપતન જ આપે અટકાવ્યું; અત્યાર સુધી આપ જેવા ધર્મગુરુના સંયોગોના અભાવે જ વિનોદાર્થે હજારો નિર્દોષ નર–નારીઓની કતલ મારા હાથે થઈ છે પણ આજથી હવે મારી ભીષ્મ પ્રતિજ્ઞા છે કે નાનામાં નાના પ્રાણીને પણ હું નહી દુભવું.

અને હવેથી આપને કોઇનેય અહીં ફળ લેવા આવવા માટે પ્રયાસ કરવાની જરૂર જ નથી. પ્રભાતના પ્રથમ પ્રહરે જ આપના દર્શન માટે હું સદા હાજર રહીશ. તે સમયે પકવ બીજોરકફળ પણ સાથે જ લાવીશ. અને તરત જ પલવારમાં દેવે જિનદાન શ્રેષ્ઠીને તેમના ઘરમાં મુકી દીધા.

(૪)

શું જિનદાસ તમે કુશળ છો ? ફલ લઈ આવેલ શ્રેષ્ઠીને રાજાએ પૂછ્યું.

રાજન્ ! ધર્મનો પ્રભાવ મહાન્ છે. નવકાર મહામંત્રનું સ્મરણ સર્વ દુરિતને દૂર કરે છે.

धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।

ધર્મ એ જ માનવને કેવળ સંસાર-સમુદ્રમાંથી ઉધ્ધારનાર છે. શ્રેષ્ઠીએ સચોટ જવાબ આપ્યો.

શું તે ધર્મ મને સમજાવશો ? તે મહામંત્રનો આમ્નાય પણ બતાવશો ?

રાજન્ ! આપને બધું જ સારૂં થશે, ઉતાવળે આંબા ન પાકે.

તે સમયે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જૈનાચાર્ય પધાર્યા. રાજા, શ્રેષ્ઠી, અમાત્યાદિ પરિવારની સાથે આચાર્યશ્રીને વંદન કરવા આવ્યા.

ગુરુદેવ ! રાજાજી નવકાર મહામંત્રનું ફળ જાણવા ચાહે છે, કૃપયા જણાવશો.

શ્રેષ્ઠી જિનદાસે સમય જોઈ આચાર્યશ્રીને પ્રાર્થના કરી.

રાજન્ ! નવકાર મહામંત્ર સર્વમંત્રોમાં શિરોમણિ છે. એના અખંડ ધ્યાને અનેક આત્માઓએ અવિચલ અનંતની યાત્રા સુંદર રીતે સાધી છે.

આધિદૈવિક, આધિભૌતિક આધ્યાત્મિક દુઃખોને દૂર કરવા નવકાર મહામંત્ર એક જ મહામંત્ર છે. શાસ્ત્રમાં તો એ મહામંત્રના ફળનું અનેકધા વર્ણન આવે છે. નવકારના એક એક અક્ષરમાં દુનિયાની અનેક રિધ્ધિ–સિધ્ધિઓ ભરેલી પડી છે. વિધિપૂર્વક એક લાખ નવકાર ગણી જિનેશ્વર ભગવાનની પૂજા કરનાર પ્રાણી તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરે છે. તેમાં સંદેહ નથી. જાપ ત્રણ પ્રકારના હોય છે. ચિત્તની એકાગ્રતા પૂર્વક હૃદયમાં અષ્ટદલ કમલની સ્થાપના કરી વચલી કર્ણિકા ઉપર "नमो अरिहन्ताणं" એવી રીતે ચારે બાજુની ચાર દિશામાં ચાર પદો. ચાર વિદિશામાં ચાર ચૂલિકાનાં પદોની સ્થાપનાપૂર્વક મહામંત્રનું સ્મરણ કરવું. આ પ્રમાણે ૧૦૮ નવકારનું સ્મરણ કરનાર ખાતાં છતાં પણ ચોથભક્તનું ફળ પ્રાપ્ત કરે છે.

# શંકા અને સમાધાન

**સમાધાનકારઃ-પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ-પાલીતાણા**

[પ્રશ્નકારઃ- **દાંતરાઈવાલા છગનલાલ મનજીભાઈ અમદાવાદ**]

શં૦ શ્રી સીમંધરસ્વામીજીનું સ્તવન 'સુણો ચંદાજી' છે. તેમાં ૯ ઠ્ઠી ગાથાની છેડે 'પણ કાંઈક મુજથી ડરીયે છે' એ જે પદ છે, એનું મહત્વ શું છે? તે જણાવશોજી.

સ૦ શ્રી પદ્મવિજયજી મહારાજ શ્રી સીમંધરસ્વામીને વિનંતિ કરે છે કે- તમારી સેવા ખૂબ ખૂબ કરવાની ભાવના છે, પણ મને મોહરાજાએ ફસાવ્યો છે, છતાં ય તમારી આજ્ઞા રૂપી તલવાર હાથમાં લીધેલી હોવાથી મોહરાજા જરૂર ભયભીત બન્યો છે એટલે એક દિવસ તેનો વિનાશ કરી આપની સેવા જરૂર કરી શકીશ. અત્યારે તો તે મારાથી કંઈક ડરે છે એટલે એક દિવસ સર્વથા ડરશે.

શં૦ શ્રી જિનમંદિરમાં ઘંટાકર્ણ, માણીભદ્રજીની મૂર્તિ કે ફોટાઓ રખાય કે?

સ૦ શ્રી જિનમંદિરમાં શાસનાધિષ્ઠાયક દેવ-દેવીઓના ફોટાઓ અથવા મૂર્તિઓ સિવાય અન્યની મૂર્તિઓ તથા ફોટાઓ રાખવા અનુચિત છે.

શં૦ પ્રતિક્રમણની વિધિ ન આવડતી હોય તો લાઈટ કરી એને પડદો કરી પુસ્તક વાંચી પ્રતિક્રમણ થઈ શકે ખરૂં?

સ૦ ન થઈ શકે.

[પ્રશ્નકારઃ- **એક જૈન.**]

શં૦ એક વ્યક્તિ જન્મથી જૈનેતર પણ આચારથી જૈન હોય તો તેને મંદિરપ્રવેશ આપી શકાય કે?

એક વ્યક્તિ જન્મથી જૈન પણ આચારથી જૈન નહિ (ભગવાન મહાવીર શાસનમાં માનતો નથી તથા જૈન આચારનું પણ ભાન નથી) તેને મંદિર પ્રવેશ આપી શકાય કે?

સ૦ ભગવાન શ્રી જિનેશ્વર દેવોને, મોક્ષ માર્ગના દાતાર દેવાધિદેવ માનીને, એ પરમ તારકોથી આજ્ઞાને અનુસરવામાં જ સ્વપરનું સાચું કલ્યાણ છે, આવું માનનારાને જ શ્રી જિનમંદિરમાં દર્શનાદિ માટે વિધિપૂર્વક

---

મૌન તથા એકાગ્રતા સહ જપમાલા આદિથી જાપ તે મધ્યમ જાપ. ધ્યાન વિના, મૌન વિના, સંખ્યા વિના, એકાગ્રતા વિનાનો જાપ જઘન્ય જાપ, તે જપોમાં ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ, મધ્યમ-મધ્યમ, જઘન્ય-જઘન્ય ફળને આપવાવાળો બને છે.

અનાનુપૂર્વીથી શુધ્ધ ભાવ સમ્યગ શ્રધ્ધાપૂર્વક "શ્રી નવકાર" નું સ્મરણ કરનાર પ્રાણી તો એક જ ક્ષણમાં છ માસી તપનું ફળ પ્રાપ્ત કરે છે.

ગુરુની અમૃતમય વાણીથી અનેકોનાં હૃદય ભીંજાયા. રાજા પણ શુધ્ધ શ્રાવક બન્યો પંચ પરમેષ્ઠિના પરિબળે તેઓ સર્વ સ્વર્ગ સુખના સ્વામી બન્યા.

પ્રવેશ કરવાનો અધિકાર છે. એટલે પ્રશ્નના પહેલા વિભાગમાં જણાવેલ જૈનેતર જો શ્રી જિનાજ્ઞાથી અનિષિધ્ધ હોય તો તેને નિષેધવાનો હોય નહિ અને પ્રશ્નના બીજા વિભાગમાં જણાવેલ જૈનને નિષેધવા કરતાં ઉપરની હકીકત સમજાવવી એ જ હિતાવહ છે.

[પ્રશ્નકારઃ– **માસ્ટર કેશવલાલ-વડગામ**]

શં૦ મહુડાના ફળનું શાક ખવાય કે નહિ? જો શાક ખવાય તો મહુડાં કેમ ન ખવાય?

સ૦ બાવીશ અભક્ષ્યોના નામમાં મહુડાને પણ અભક્ષ્ય ગણાય છે, તેમાંથી દારૂ જેવો કેફી પદાર્થ ઉત્પન્ન થાય છે. તેનું શાક પણ ખવાય નહિ.

શં૦ પ્રભુજીને નવ અંગે પૂજા કરીને ઘણા ભાઈઓ બુટ્ટા તેમજ બીજી ડીઝાઇન પાડે છે, આ પ્રમાણે પૂજા કરવાથી આશાતના થાય ખરી કે?

સ૦ પ્રભુજીને નવાંગી પૂજા કરવાનું વિધાન છે, પણ અંગરચના માટે તમોએ લખ્યા મુજબ કેશરનો ઉપયોગ કરે તો તે અંગપૂજા નથી પણ અંગરચનારૂપે સમજવું.

શં૦ પાઠશાલામાં એક બ્હેન પૂછે છે કે સામાયિક લીધા પછી અડધા કલાક પછી સ્થાપનાચાર્ય પવનના ઝપાટાથી ઉડીને ભોંય ઉપર પડી ગયા હોય તો એની ફેર વિધિ શી કરવી જોઇએ?

સ૦ સ્થાપનાચાર્ય પવનથી ઉડી જાય તો તેને ફરીથી સ્થાપી દેવા. અને સુવિહિત ગીતાર્થ ગુર્વાદિ પાસે તેનું પ્રાયશ્ચિત લઈ લેવું.

[પ્રશ્નકારઃ– **સેવંતીલાલ પ્રતાપચંદ વ્હોરા કુવાલાકર**]

શં૦ પૌષધની અંદર વીંટી, ઘડિઆળ આદિ પહેરેલ હોય તો તેનું પડિલેહણ કરાય કે નહિ?

સ૦ પૌષધમાં વીંટી, ઘડિઆળ આદિ રાખવા ન જોઇએ. પછી પડિલેહણનો પ્રશ્ન રહેતો નથી.

શં૦ જિનાલયમાં પૂજા કરવા જતાં પ્રદક્ષિણાત્રિક કઇ નિસીહિમાં ગણાય?

સ૦ ત્રણ પ્રદક્ષિણા નિસીહિમાં નથી પણ દશ ત્રિક પૈકી એકમાં તેનો સમાવેશ ભાષ્યમાં કરેલો છે.

[પ્રશ્નકારઃ–**વીરાજી હઠીસંગ-જામનગર**]

શં૦ બહુબીજ ફળની વ્યાખ્યા શી? ટામેટાં બહુબીજ ફળમાં ગણાય કે નહિ?

સ૦ જે ફલાદિમાં બીજ વચ્ચે પડદો ન હોય અને બીજ પરસ્પર સંબધ્ધ હોય તેને બહુબીજ કહેવાય છે, જેમ કે વડના ફળ, પીપલના ફલ આદિ. ટામેટા બહુબીજમાં ગણાતા નથી કારણ કે બીજ વચ્ચે પડદો હોય છે.

[પ્રશ્નકારઃ– **શા નવીનચંદ ગોદડલાલ મુજપુરવાલા**]

શં૦ ચોમાસામાં કઠોળ ખવાય કે નહિ?

સ૦ ચોમાસામાં કળથી આદિ જે કઠોળ સડતું ન હોય તેવું આખું કઠોળ વાપરી શકાય છે.

[પ્રશ્નકારઃ– **એક જીજ્ઞાસુ હારીજ**]

શં૦ નયસાર (પ્રભુ મહાવીરનો જીવ) કયા ક્ષેત્રમાં થયા હતા?

સ૦ મહાવિદેહ ક્ષેત્રમાં નયસારનો જન્મ

થયો હતો.

શં૦ ઉપાશ્રયમાં કચરો કાઢવા માટે રાખેલ નોકરને સાધારણ ખાતામાં તોટો હોય હોય તો જ્ઞાનખાતામાંથી પગાર આપી શકાય ?

સ. ઉપાશ્રયના નોકરને જ્ઞાનખાતામાંથી પગાર આપી શકાય નહિ.

શં૦ જ્ઞાન ખાતામાંથી સાધુ-સાધ્વીજી-ઓને ઉપયોગી વસ્તુઓ દવા આદિ ખરીદી શકાય ?

સ૦ જ્ઞાનખાતામાંથી દવા આદિ ખરીદી શકાય નહિ.

શં૦ ધાર્મિક જ્ઞાન ભણાવવા માટે રાખેલ જૈન પંડિત અગર માસ્તરને જો સાધારણખાતામાંથી પગાર આપીને રોકી શકાય તેવી સ્થિતિ ન હોય તો જ્ઞાનખાતામાંથી પગાર આપી શકાય કે નહિ ?

સ૦ જ્ઞાનખાતામાંથી જૈન પંડિત અગર માસ્તરને પગાર આપી શકાય નહિ.

શં૦ પર્યુષણમાં સુપન આદિના ચડાવાની રકમ કોઇ વ્યક્તિ ભરપાઇ કરી શકે તેમ ન હોય તો તે વ્યક્તિએ શું કરવું (ઘરનો સંસાર ચલાવતો હોય અને પૈસા ન આપતો હોય તો ?)

સ૦ તે આત્માને સમજાવીને દર વર્ષે થોડી થોડી રકમ ભરે તેવી વ્યવસ્થા કરવી છતાં ય તે આત્મા ન માને તો શ્રીસંઘ અગર પંચ તરફથી જે લ્હાણું આદિ અપાતું હોય તે ન આપતાં તેટલી રકમ તે આત્માને ~~જણાવી~~ સુપનાદિ ખાતે જમા કરી દઇ તેને દેવામાંથી મુક્ત કરવો.

[પ્રશ્નકારઃ- **શિક્ષિકા કાન્તાબેન જુઠાભાઇ શાહ લુણાવા** ]

શં૦ સંવત્સરી અથવા વરસીદાન દેનાર દરરોજ એક પૈસો જિનાલયની બહાર નીકળતાં સામે મલે તેને આપવો એમ નિશ્ચય કરે તો સામે મલનાર વ્યક્તિ જૈન હોવી જોઈએ તેવું ખરૂં ?

સ૦ તેવા પ્રકારની ભાવનાવાલા આત્માએ જૈનને જ પૈસો આપવો એવું માનવું નહિ.

શં૦ ઉપાશ્રયની અંદર અધિષ્ઠાયક દેવ કે માણિભદ્રજી આદિની મૂર્તિ હોય તો ત્યાં અંતરાયવાલા સાધ્વીજી કે શ્રાવિકા જઈ શકે કે નહિ ?

સ૦ તેવા સ્થાનોમાં દેવ-આશાતના ન થાય તે મુજબ વર્તવું જોઈએ.

[પ્રશ્નકારઃ- **વિનયચંદ દલીચંદ શાહ બેંગલોર સીટી.**]

શં૦ જિનાલયમાં વિજળીની બત્તી સળગતી હોય તો કાઉસ્સગ્ગ થાય કે નહિ ?

સ૦ જિનાલયમાં વીજળીની લાઈટ ચાલુ હોય તો કાઉસ્સગ્ગ કરવામાં હરકત નથી.

શં૦ શ્રી તીર્થંકર ભગવંતો વર્ષીદાન આપે પછી જેને જેટલું મલે તેટલું પોતે પોતાના ઘેર રાખે તો પછી ઇન્દ્ર મહારાજા તે ધન કેમ લઈ શકે ? અને તે અદત્તાદાનનો દોષ તેમને અને તેમના દેવતાઓને લાગે કે નહિ ? જેના ભાગ્યમાં જેટલું હોય તેટલું તેને મલે પણ પછી ઈન્દ્રરાજા જ્યારે લઇ લે તો સરવાળે એક જ થાય ને ? જેવું આપે તેવું લઇ લે તો પછી દાનની મહત્તા શી ?

સ૦ પ્રભુજી જેને દાન આપવા માટે મુઠી ભરે છે એમાંથી લેનારના ભાગ્યથી અધિક દ્રવ્ય હોય તો ઈંદ્ર પ્રભુજીના હાથમાંથી સરકાવી દે છે પણ આપ્યા પછી ઈન્દ્ર લઈ લેતા નથી.

એટલે અદત્તાદાન આદિની વાત રહેતી નથી. દેવોને વિરતિનો અભાવ હોય છે અર્થાત્ નિયમ પચ્ચક્ખાણ હોતા નથી.

શં૦ થિણુધ્ધિ નિદ્રા સાધુને હોય કે નહિ? અને હોય તો તે સાધુને શું કરવું ?

સ૦ કોઇક સાધુને તે નિદ્રાનો ઉદય હોઇ શકે. પણ તે નિદ્રાથી કરેલા અનુચિત કાર્યની ખબર પડતા તેનો વેષ લઇ લેવામાં આવે છે.

[प्रश्नकारः- जवाहरलालजी नाहटा- जयपुर]

शं० कर्म परमाणु आत्मा के साथ लिप्त होने का कारण, विचारधारा है तो कार्य मन्दिर आदि बन जाने बाद उसमें जो भले बूरे कार्य होते है उसके शुभाशुभ कर्म कोइ बनाने वाले व्यक्ति के साथ लिप्त होते है वा नहीं ? यदि है तो प्रमाण, यदि ना, तो हथियार बनाने वाले को प्रायश्चित क्यों कहा ? क्या बनाते समय की विचारधारा का फल है ?

स० कर्मबंधके कारण मिथ्यात्व, अव्रत, कषाय और योग ये माना गया है और इनके द्वारा कर्म परमाणु आत्मा के साथ संबंध होते है। मन्दिर बंधानेवाला पुन्यभावनासे मन्दिर बंधाता है, उस वख्त वह उच्चभावनासे अनर्गल पुन्य फल प्राप्त करता है, पीछेसे उस मन्दिर में कोइ पाप करे उसका फल उसको नहीं मिलता, क्यों की मन्दिर बंधवाना तारनेके लिये ही है इसलिये होगा तो शुभाश्रव ही होगा, अगर अशुभाश्रव तो कभी भी नहीं हो सकता है । आश्रवरूप कार्य करके मर जाने पर भी दूसरे जन्ममें उन यन्त्रोसे जो पाप होता है उसका हिस्सा अविरति द्वारा मिलता है मगर पुन्यका लाभ नहीं आता, क्यों की पुन्य को अन्य जन्म में खिंचलानेवाली अनुमोदनरुप प्रणालिका नहीं है । शस्त्र बनानेवालेको अविरतिरूप प्रणालिका हाजर होनेसे पापका हिस्सा लगता है ।

★

(અનુસંધાન પેજ ૭૭૪ નું ચાલુ)

લાલબાગ જૈન સ્નાત્રમંડળના સભ્યો ખુબ જ ભક્તિભાવથી રમઝટ ઝમાવતા હતા. રાત્રે ભાવના થતી. વ્યવસ્થા સુંદર રહેતી હતી. શ્રી યંગમેન્સ જૈન વોલીંટીયર કોરના સભ્યોએ તેમજ દાદર સિધ્ધચક્ર સેવામંડળે સારી વ્યવસ્થા સાચવી હતી. સંઘવીજી તરફથી સવારથી સાંજ સુધી સર્વકોઇ સાધર્મિક ભાઈ-બ્હેનો માટે રસોડું ખુલ્લું રહેતું. દરરોજ જમણમાં બે પકવાનો રહેતા. દરેક ગામોના સંઘને સાધારણ ખાતા આદિમાં સંઘવીજી તરફથી ઉદાર સખાવત થતી. સંઘના પ્રયાણ વખતે જિનાલયમાં સામુદાયિક ચૈત્યવંદન તથા મંગલાચરણ થતું ને સંઘને મુકામે પણ જિનાલયમાં સામુદાયિક ચૈત્યવંદન તેમજ મંગલાચરણ થતાં હતાં. મુંબઈના ઇતિહાસમાં આ સંઘ ખરેખર રેકર્ડરૂપ હતો. સંઘવીજીની ઉદારતા અદ્‌ભુત હતી. સંઘમાં આવનાર સર્વ કોઈને એમ થતું કે આવા સંઘો વારંવાર નીકળે તો સારું ? સંઘમાં ભાગ નહિ લેનારા પણ એવા હજારો ભાઇબ્હેનોના હૃદયમાં એ મનોરથો પ્રગટયા કે આવો સંઘ ફરી નીકળે તો અમે જરુર છરી પાળીને સંઘમાં લાભ લઇએ. સંઘવીજી શેઠ હજારીમલજીએ પોતાની ટુંકી મુડીમાં ખુબ સુંદર રીતે સદ્‌વ્યય કરી જીવનનો લ્હાવો લઇ અનુપમ સુકૃત ઉપાર્જન કરેલ છે.

★

# "જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા"

સં૦ શ્રી કિરણ

## શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

(શ્રી જૈન સાહિત્ય સભા-મુંબઇ તરફથી શ્રી કિરણનું "શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન" એ નામનું પુસ્તક પ્રગટ થઇ રહ્યું છે.

જ્યારે જીજ્ઞાસુ મિત્રો સાથે આ પુસ્તકમાંનું લેખન વચાયું ત્યારે થયેલી અંગત ચર્ચાની નોંધ કોઈ સહૃદય વાંચકને ઉપયોગી થાય એ આશાએ અહિં રજુ કરી છે.)

પ્ર૦- ગણિતાનુયોગ Higher mathematics એટલે શું ?

ઉ૦ વિશ્વના સ્વરૂપને Nature of the cosmos અને સ્વત્વના સ્વરૂપને Nature of the self તથા આ બંનેના સંબંધ Relatian ને સમજવા માટે ગણિતની જરૂર છે.

પ્ર૦ આપણે તો આત્માને કર્મથી મુક્ત કરવો છે, તેમાં ગણિતની જરૂર શું ?

ઉ૦- સંપૂર્ણ આત્મશુધ્ધિની પ્રક્રિયામાં આ ચારે અનુયોગો દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ કરણાનુયોગ તથા કથાનુયોગ, સહાયક છે. ચારેય ઉપયોગી છે. એકેયની ઉપેક્ષા નહિ થઈ શકે. જીવનના પ્રત્યેક કાર્યમાં આ ચારેયની અગત્ય રહે છે.

ચાર અનુયોગનો વિચાર શ્રી જૈનદર્શનના અનેક મૌલિક વિચાર-રત્નોમાંનો એક છે.

પ્ર૦- શું ગણિતનું એટલું બધું મહત્ત્વ છે ?

ઉ૦- હા ! ગણિતનું મહત્ત્વ આપણે સમજીએ તેથી ઘણું વિશેષ છે. આપણો પરિચય સામાન્ય ગણિત સાથે છે અર્વાચીન વિજ્ઞાન ગણિતના પાયા ઉપર ઉભું છે.

અણુશક્તિની શોધના પાયામાં વિજ્ઞાન રહેલું છે. વૈજ્ઞાનિકો તે માટે ઉચ્ચ ગણિત Higher mathematics શબ્દ વાપરે છે.

જ્ઞાન ને ક્રિયામાં, Theory ને Practice માં, વિચાર ને આચારમાં અને જો વૈજ્ઞાનિક પરિભાષામાં કહિએ તો Science ને Technolo. gy માં ફેરવવા માટે, ઉતારવા માટે, પ્રગટાવવા માટે ગણિતાનુયોગ Higher mathematics અનિવાર્ય છે.

સૂક્ષ્મ વિચાર કરનારને જીવનના સર્વ ક્ષેત્રમાં ગણિતાનુયોગનું મહત્ત્વ સમજાશે.

પ્ર૦- વિચાર Thought તરંગ fancy માં ન ચાલ્યો જાય અને ભાવનાને બદલે માત્ર કલ્પના Imaginings નું પોષણ ન થાય તે માટે "ગણિત" સહાયક છે.

પ્ર૦- અહિં તમે કલ્પના માટે Imagination ને બદલે Imaginings શબ્દ કેમ વાપર્યો ?

ઉ૦- Imagination એટલે કલ્પના નહિ પણ કલ્પક શક્તિ. જે કલ્પના યથાર્થને અનુસરતી નથી તે Imaginings છે.

તત્ત્વના વિચારોની આપ-લે માટે આપણી ભાષા એક અધુરૂં અને અપંગ સાધન છે. અહિં ચર્ચામાં જે શબ્દો વપરાય છે, તે સાંભળનારને ચોક્કસ ભાવોની ઝાંખી કરાવવા માટે વપરાય છે.

પ્ર૦- શું ગણિતનો ઉપયોગ આટલો જ માત્ર છે?

ઉ૦- ના, ઘણો વિશેષ છે. માનવ વિચાર શક્તિ Human thought જ્યાં પહોંચી શકે ત્યાં પહોંચવાની તાકાત ગણિતાનુયોગ Higher methematics માં છે.

પ્ર૦- દ્રવ્યની વિચારણામાં સ્હેજ રસ આવે છે. પરંતુ "ગણિત" તો બિલકુલ લુખો વિષય છે.

ઉ૦- ગણિતમાં જેઓ તન્મય થયા છે તેઓ માત્ર તેનો રસ જાણે છે.

એક અર્વાચિન વિચારક કહે છે કે-

Mathematics possesses not only truth but supreme beauty."

"ગણિતમાં માત્ર સત્ય નથી, સત્ય તો છે જ, સાથે શ્રેષ્ઠ સૌન્દર્ય પણ છે."

ભાઈ, હું ગણિતાનુયોગની તો શી વાત કરૂં? ગણિતાનુયોગમાં તન્મય થનાર મહાત્માઓ એક પ્રકારનું ઉચ્ચ સુખ અનુભવે છે. કર્મપ્રકૃતિ અને પંચસંગ્રહના સૂક્ષ્મ વિચારકોને પૂછશો તો સમજાશે.

પ્ર૦- પરંતુ શ્રી નવકાર મંત્ર સાથે ગણિતાનુયોગનો શું સંબંધ?

ઉ૦- શ્રી નમસ્કાર મંત્રમાં ગણિતાનુયોગ ભર્યો છે.

આગમશાસ્ત્રોમાં જ્યાં દ્રવ્યાનુયોગ છે ત્યાં ગણિતાનુયોગ પણ છે જ.

પ્રત્યેક સત્યની ઉપયોગિતા આ ચાર અનુયોગના સંબંધપૂર્વક પ્રાપ્ત થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન એક વ્યવસ્થિત પરિપૂર્ણ વિજ્ઞાન છે, ઉચ્ચ વિજ્ઞાન છે. A comPlete supra-science.

આત્માને કર્મરજથી સંપૂર્ણ મુક્ત કઈ રીતે કરવો તે માટેનું સંપૂર્ણ માર્ગદર્શન આ મહામંત્રમાં ભર્યું છે. વિશેષતા એ છે કે આ મહામંત્રમાં તન્મય થનારને મોક્ષપ્રાપ્તિ માટેની સર્વ સામગ્રીઓ આવી મળે છે.

★

## જડવાદને ચરણે

A case against materialism

પ્રિય કમલ,

અર્વાચીન વિજ્ઞાનની માન્યતાઓને ઉપર છલ્લી સમજીને જડવાદના વ્હેણમાં ખેંચાવું યોગ્ય નથી. કેટલાક સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો પોતે વૈજ્ઞાનિક હોવા છતાં પણ ધાર્મિક Religious છે.

જેઓ એમ માને છે કે અર્વાચીન વિજ્ઞાને જડવાદને પુરવાર કર્યો છે, તેમની એ માન્યતા બરાબર નથી.

આજે વિજ્ઞાન સામે એવા પુરાવા નોંધાઈ રહ્યા છે કે જેનો ઉકેલ જડવાદના સિધ્ધાંતો અનુસાર આવી શકે નહિ. આજે જડવાદના પાયા અસ્થિર બન્યા છે. અર્વાચીન વૈજ્ઞાનિકોમાંથી કેટલાક હવે જડથી પણ એવું કોઈ તત્ત્વ સ્વીકારવા લાગ્યા છે.

અહિં વિજ્ઞાનને માટે પણ આશ્ચર્યકારક એવી કેટલીક ઘટનાઓ આપણે જોઇએ.

### જ્યાં પોલિસખાતું નિષ્ફળ બને છે

પશ્ચિમ જર્મનીમાંનો આ બનાવ છે. એક વર્ષ પહેલાં બર્ન્ડ નામનો પાંચ વર્ષનો એક છોકરો ગુમાઇ ગયો. પોલીસે શોધ કરી, ખેતરો તપાસ્યા, નદીઓમાં જોવરાવ્યું, જંગલો જોયા, કંઇ પત્તો લાગ્યો નહિ.

કદાચ કોઇ વ્યક્તિ કે ટોળી છોકરાને ઉપાડી ગઇ હોય એવી શંકા પડી. બે મહિ-

નાની કાળજી ભરી તપાસને અંતે પોલિસને કોઈ કડી હાથ આવી નહિ.

હોલેંડમાં જીરાર્ડ ક્રોઇસેટ Gerard croiset નામનો એક ડચમેન છે, તેનામાં ગૂમ થયેલા શબને શોધવાની એક આશ્ચર્યજનક આવડત છે.

ક્રોઇસેટે જણાવ્યું કે છોકરાનું શબ ઈસ્ટે નદીમાં દોઢ માઇલ દૂર ચોક્કસ જગ્યાએ નદીની અંદર ખૂંચી ગયું છે.

પોલિસે આવી બેહુદી વાત માનવાની ના પાડી. પરંતુ જાહેર જનતાના આગ્રહને વશ થઈ તે જગ્યાએ તપાસ કરાવી. ક્રોઇસેટે કહ્યું હતું તે જ સ્થાનેથી છોકરાનું શબ મળી આવ્યું.

ક્રોઈસેટની આ આવડત આશ્ચર્યજનક છે. હેમબર્ગની પોલિસ જ્યાં ઉકેલ લાવી શકતી નથી ત્યાં ક્રોઇસેટની માનસિક શક્તિઓ Para normel faculties સહાયક બને છે.

## જાદુગર

કમલ, એક પત્રમાં મેં તને હોલેંડના પીટર હરકોસના કેટલાક પ્રસંગો લખ્યા હતા. ફ્રાંસના પત્રકારો પીટર હરકોસ માટે ઘણું માન ધરાવે છે અને તેને "જાદુગર" Magus A man of magic કહે છે.

છેલ્લા યુધ્ધ દરમિયાન હોલેંડના પોલિસખાતાએ હરકોસનો ઘણો ઘણો ઉપયોગ કર્યો હતો.

એકવાર હોલેંડમાં એક ચોક્કસ વ્યક્તિનો ફોટો હાથમાં લેતાં પીટર હરકોસે કહ્યું "આ માણસને જર્મન સિપાઇના વેશમાં હું જોઇ રહ્યો છું." પુરતી તપાસને અંતે તે માણસ જર્મન જાસુસ Gestapo agent પુરાવો થયો.

ઇ૦ સ૦ ૧૯૫૦ ના ડિસેંબરમાં વેસ્ટ મિનિસ્ટર એબેં, લંડનમાંથી રાજ્યારોહણનો પથ્થર Stone of scone ચોરાઈ ગયો ત્યારે લંડનનું જાસુસી ખાતું Scotland gard તે શોધવામાં નિષ્ફળ ગયું. પીટર હરકોસે પોતાની માનસિક શક્તિઓ વડે ચોરાયેલો પથ્થર કઈ રીતે પાછો મેળવી આપ્યો તે પ્રસંગ, મેં તને આગળના એક પત્રમાં લખ્યો છે.

આજે હરકોસ કોઈ પણ મશીનને અડતાં તે કયારે તૂટી જશે અથવા તેના કયા ભાગ કયારે બદલવા જેવા છે તે જણાવી શકે છે. હોલેંડની કેટલીક કંપનીઓ તેની આ શક્તિઓનો લાભ લે છે.

વિશેષ પછી

( અંગ્રેજી પત્રોના આભાર સાથે )

સ્નેહાધિન

**કિરણ**

## શ્રી નવકાર "મહામંત્ર" છે કારણ કે–

શ્રી નવકાર એ સામાન્ય મંત્ર નથી, મહામંત્ર છે. સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ છે, અન્ય મંત્રો દ્વારા સામાન્ય ફળો પ્રાપ્ત થાય છે. શ્રી નવકાર એવો મંત્ર છે જે વડે પરમ ફળ-મોક્ષ પ્રાપ્ત થઇ શકે, અને જે વડે મોક્ષ પ્રાપ્ત થાય તે વડે શું પ્રાપ્ત ન થાય ?

શ્રી નવકાર મહામંત્ર છે કારણ કે શ્રી નવકારની સાધના વડે સદ્દઈચ્છાઓ પ્રગટે છે. શ્રી નવકારમાં એવી શક્તિ છે કે જે વડે તેનું રટણ કરનારના દુર્ભાવો નાશ પામે.

શ્રી નવકાર મહામંત્ર છે કારણ કે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો પ્રત્યેના નમસ્કાર વડે વિષય–કષાયની મંદતા આવે છે.

મંત્રશકિતમાં શબ્દની શકિત છે. જેમ મંત્રશકિત દ્વારા સારા પરિણામો લાવી શકાય

છે તેમ જો દુરુપયોગ થાય તો અનિષ્ઠ પરિણામો પણ આપી શકે છે. મંત્રની શકિત Power નો જેમ સદુપયોગ થઇ શકે તેમ દુરુપયોગ પણ થાય.

શ્રી નવકાર મહામંત્ર છે કારણ કે તે વડે કયારે ય કંઈ અનિષ્ટ પરિણામ આવતું નથી. તેનો સદાય સદુપયોગ જ થઇ શકે છે.

અન્ય મંત્રો દ્વારા સાંસારિક લાભ પણ થાય, કયારે ક હાનિ પણ થાય, શ્રી નવકાર દ્વારા હાનિ થવાનો કોઇ સંભવ નથી.

શ્રી નવકારમાં રહેલી મંત્રશકિત એવા પ્રકારની છે કે જો દુરુપયોગ કરવાની વૃત્તિ-દુર્ભાવથી પણ આ મંત્રની સાધના કરવામાં આવે તો સર્વ પ્રથમ પેલા દુર્ભાવોને વિશુદ્ધ બનાવે છે. શ્રી નવકારનું જબ્બર બળ એ છે કે આપણા દુશ્મનનો નાશ કરે અને વાસ્તવિક રીતે આપણા પોતાના દુષ્ટ મન સિવાય આપણો દુશ્મન બીજો કોઇ નથી.

શ્રી નવકાર મહામંત્ર છે, કારણ કે તે વડે મનની દુષ્ટતા દૂર થાય છે.

મંત્રમાં જે શકિત રહેલી છે તે ધ્વનિની અતિ સૂક્ષ્મ શકિત છે. અર્વાચીન વિજ્ઞાને અશ્રાવ્ય ધ્વનિ શકિત ( Supersonics and vetrasonics) સંબંધી જે સંશોધન કર્યું છે અને જે સિધ્ધિઓ મેળવી છે તે ઘણી સામાન્ય છે, અને મંત્રશકિત સામે બીલકુલ પ્રાથમિક છે. આજનું વિજ્ઞાન જે સાધનો વડે ધ્વનિશકિતના પ્રયોગો કરે છે તે સર્વ સાધનો Instruments માનસિક સાધનો કરતા ઘણા સ્થૂલ છે.

શ્રી નવકાર મહામંત્ર છે. કારણ કે તેમાં અનેક શકિતઓ રહેલી છે, શ્રદ્ધા, ભકિત, એકાગ્રતા, તન્મયતા વડે જો શ્રી નવકારની આરાધના કરવામાં આવે તો આ શકિતઓનો અવશ્ય અનુભવ થાય. આપણે હજી શ્રી નવકારની પાપકર્મોનો નાશ કરનારી વિદ્યુત Electricity થી અને પુણ્ય પ્રાપ્ત કરાવનાર આકર્ષણશકિત Magnetism થી પણ અજાણ છીએ. અન્ય વિવિધ શકિતઓની અચિન્ત્ય અસરોનું તો શું કહેવું !

શ્રી નવકાર મહામંત્રની મહત્તા આપણે સમજ્યા નથી તેથી તેની પ્રત્યે આપણને ભાવ થતો નથી.

આપણે માત્ર એટલું જાણીએ છીએ કે આ મહામંત્ર કહેવાય છે અને તેનો નિત્ય જાપ કરવો જોઇએ.

"મહામંત્ર" શાથી કહેવાય છે !

આ પાંચ નમસ્કાર કોને ઉદ્દેશીને છે ?

શ્રી પંચ પરમેષ્ઠિનું સ્વરૂપ કેવું છે ?

આ સર્વેથી આપણે અજાણ છીએ તેથી શ્રી નવકાર પ્રત્યે આપણો પ્રેમ જાગ્યો નથી.

ભલે શ્રી નવકાર માટે આપણે કંઈ ન જાણતા હોઈએ. પરંતુ વારસામાં આ બહુમૂલ્ય નવકાર પામીને શ્રી નવકાર માટે વિશેષ જાણવાની આપણી ફરજ બને છે.

જે જે રીતે શ્રી નવકારનો સત્પરિચય આપણે પામી શકીએ એ સર્વ પ્રયત્નો આપણે કરવા પડશે.

જ્યારે શ્રી નવકારનો વિશેષ પરિચય થશે ત્યારે યંત્રવત્ Mechanical જાપ પણ સજીવ બની જશે. શ્રી પંચ પરમેષ્ઠિ પ્રત્યે ભકિત-ભાવ પ્રગટશે અને શ્રી નવકાર મહામંત્રની અસર જીવનમાં અનુભવાશે. ત્યારે સમજાશે કે શા માટે શ્રી નવકાર "મહામંત્ર" છે ?

## પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજી મહારાજનો શંખેશ્વર તીર્થમાં

# સમાધિમય સ્વર્ગવાસ

પૂ૦ આચાર્ય શ્રી વિજયભકિતસૂરિજી મહારાજ શિષ્ય-પ્રશિષ્યો સાથે સમીથી વિહાર કરી શંખેશ્વર મહાતીર્થની યાત્રાએ માગશર વદિ બીજના રોજ પધાર્યા હતા. પોષ દશમીની આરાધનાર્થે માગશર વદિ ૮ થી ૧૧ સુધી ચાર એકાસણાં કરી શ્રી પાર્શ્વનાથ ભ૦ નાં જન્મ કલ્યાણકની અપૂર્વ આરાધના કરી હતી. ચૌદશના રોજ ઉપવાસ પણ કર્યો હતો. વૃધ્ધાવસ્થા અને અશકત હોવા છતાં તપમાં અપ્રમત્ત રહેતા.

પોષ શુદિ ૩ ને સોમવારે સ્વાધ્યાય ધ્યાન કરી નવકાર મહામંત્રની નવકારવાળી ગણુતાં-ગણુતાં બપોરના ૧૨-૪૦ મીનીટે આસને બેઠાં-બેઠાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના સાન્નિધ્યમાં ૮૯ વર્ષની ઉંમરે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

પૂ૦ આચાર્યશ્રીએ ૫૯ વર્ષના ચારિત્રપર્યાયમાં ઠેર ઠેર વર્ધમાન તપ આયંબિલ ખાતાનો ઉપદેશ આપી આયંબિલ ખાતાં શરૂ કરાવ્યાં છે.

તેમની સ્મશાનયાત્રા ભવ્ય રીતે નીકળી હતી. વિરમગામ, માંડલ, સમી, ઝીંઝુવાડા, આદરીઆણા, પાટણ, હારીજ, દસાડા, પાટડી, મુંજપુર, મહેસાણા, થરા આદિના શ્રી સંઘના અગ્રેસરો અને અન્ય ભાઇ-બ્હેનો પૂ૦ આચાર્યશ્રીની સ્મશાન યાત્રામાં જોડાયા હતા. માંડલ, સમી, શંખેશ્વર, સાલડી, પાલીતાણા વગેરે ગામોમાં પૂ૦ આચાર્યદેવના કાળધર્મ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવો વગેરે સારા પ્રમાણમાં થયું હતું. અમે સ્વ. પૂ૦ આચાર્યદેવના પુણ્યાત્માની પરમશાંતિ ઇચ્છીએ છીએ.

★

**'કલ્યાણ' ના સભ્યોને જ ભેટ અપાશે.**

જેઓ 'કલ્યાણ' માસિકના આજીવન, પંચવર્ષિય કે દ્વિવર્ષિય સભ્ય હશે તેઓને જ **ભારતનાં પ્રસિધ્ધ જૈન તીર્થો** પુસ્તક ભેટ અપાશે. જેઓ વર્ષે રૂા. સાડા પાંચ ભરીને વાર્ષિક ગ્રાહક તરીકે ચાલુ હશે તેઓને ભેટ પુસ્તક આપવાનો કાર્યાલયનો નિયમ નથી.

ભેટ પુસ્તક તૈયાર થઇ ગયું છે. પાલીતાણા શ્રી ગિરિરાજની યાત્રાએ પધારવાના હો તો નીચેના ઠેકાણેથી લઇ જવા અથવા મંગાવી લેવા નમ્ર વિનંતિ છે. જેથી કાર્યાલયને નાહક પોસ્ટ ખર્ચમાં ઉતરવું પડે નહિં.

કલ્યાણ પ્રકાશન મંદિર, જીવનનિવાસ સામે
**પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

★

### સંજોગોવશાત્

સમયના અભાવે 'સમાચાર સાર' તયાર નહિ થવાથી આ અંકમાં સમાચારો આપી શકયા નથી તો વાંચકો અને સમાચાર પ્રેષક ભાઈઓ અમને દરગુજર કરે !

હવે પછી દરેક અંક ૨૦ મી તારીખે પ્રગટ થશે.

★

## સાધનાની પગદંડીએ

પ્રચારાર્થે પડતરથી પણ ઓછી કિંમતે આ પુસ્તક આપવાનું છે તો જેઓને જરૂર હોય તેઓએ અગીઆર આના મોકલી નીચેના કોઇપણ સ્થળેથી મંગાવી લેવું.

૧ સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ હાથીખાના **અમદાવાદ**

૨ જશવંતલાલ ગીરધરલાલ શાહ
ડોશીવાડાની પોળ **અમદાવાદ**

૩ ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય
ઠે. ગાંધી રોડ મેડા પર **અમદાવાદ**

૪ શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે. કીકાસ્ટ્રીટ ગોડીજીની ચાલ **મુંબઇ-૨**

## આટલાં જ પુસ્તકો ૨૫ ટકા કમીશનથી આપવાનાં છે.

| | | | |
|---|---|---|---|
| વિવેક ચુડામણિ | ૦-૧૨-૦ | નવીન કાવ્ય સંગ્રહ | ૧-૦-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૧૨-૦ | મહા કાવ્ય રત્નાવલિ | ૦-૧૨-૦ |
| શાંતિના માર્ગે | ૦-૧૦-૦ | હેમસમીક્ષા | ૨-૮-૦ |
| પ્રશ્નોત્તરી બોધમાળા | ૧-૦-૦ | યતીન્દ્ર પ્રવચન | ૨-૦-૦ |
| રામબાણ ઉપાય | ૦-૮-૦ | ભારતીય તત્વજ્ઞાન | ૩-૦-૦ |
| પ્રશમ રતિ | ૦-૮-૦ | | |
| શ્રાવક યોગ્ય આચાર વિચાર | ૦-૮-૦ | **વા ર્તા નાં** | |
| નવકાર પાઠાવલિ | ૦-૮-૦ | મહાવીર જીવન વિસ્તાર | ૨-૦-૦ |
| જૈન તત્વ પ્રવેશક જ્ઞાનમાળા | ૦-૮-૦ | જ્વાલા | ૩-૮-૦ |
| અનંતને આરે | ૦-૧૪-૦ | કોનટિકિ | ૨-૦-૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ૧-૦-૦ | ઠઠોરી | ૧-૦-૦ |
| પ્રશ્નોત્તર રસધારા | ૦-૮-૦ | પ્રિયબાંધવી (જરા જુની) | ૩-૦-૦ |
| જૈન દૃષ્ટિએ યોગ | ૨-૦-૦ | હસ્તમેળાપ | ૪-૦-૦ |
| સૌભાગ્ય સુધા | ૨-૦-૦ | ધુપસળી | ૪-૮-૦ |
| વૈરાગ્ય રસ મંજરી | ૩-૦-૦ | નવાં માનવી | ૧-૦-૦ |
| ભક્તિભામંડલ | ૧-૦-૦ | શ્રીકાંત | ૩-૦-૦ |
| કુદરતી ઉપચારો | ૩-૮-૦ | વાતોમાં બોધ (જુની) | ૧-૦-૦ |
| તાત્ત્વિક પ્રશ્નોત્તર | ૯-૦-૦ | જિંદગાની | ૪-૮-૦ |
| અભ્યુદયને માર્ગે | ૦-૮-૦ | નૂતનપ્રભાત (જુની) | ૪-૮-૦ |
| શ્રાદ્ધ દિન કૃત્ય | ૧-૮-૦ | હું અને મારી બા | ૧-૮-૦ |
| આંતર જ્યોતિ | ૫-૦-૦ | ગ્રામલક્ષ્મી ભા. ૩ જો (જુની) | ૩-૮-૦ |
| સંવેગ માળા | ૦-૮-૦ | પાથેર દાબી (ઉત્તરાર્ધ) | ૩-૪-૦ |
| કમલ પ્રબંધ | ૧-૪-૦ | ઉછળતાં પુર | ૧-૪-૦ |
| સચિતનાં કાવ્યો | ૩-૮-૦ | પ્રતાપી પૂર્વજો ભા. ૧-૨ | ૪-૦-૦ |
| સત્યમ્ શિવમ્ સુંદરમ | ૩-૦-૦ | આવતી કાલ | ૩-૦-૦ |

**સોમચંદ ડી. શાહ** ઠે. જીવન નિવાસ સામે **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)


:: મુદ્રક :: કાંતિલાલ ડી. શાહ :: કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ :: પાલીતાણા (સૌરાષ્ટ્ર)

:: પ્રકાશક :: કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા. ::